Wednesday, 17 June 2026
પાના : ૮ ● કિંમત : રૂા.૩.૦૦

કેન્દ્ર શાસિત પ્રદેશ દાદરા નગર હવેલી અને દમણ-દીવથી પ્રસિધ્ધ થતું નં.૧ દૈનિક

गते शोको न कर्तव्यो भविष्यं नैव चिन्तयेत्।
वर्तमानेन कालेन वर्तयन्ति विचक्षणाः॥



સ્વતંત્રતા તેની લાયકાત ધરાવતા લોકોને જ મળી શકે છે, જે તે માટે પ્રયત્ન કરે છે.
- મહાત્મા ગાંધીજી

તમારી લાગણીનું પ્રતિબિંબ પાડતું સંઘપ્રદેશનું સર્વપ્રથમ દૈનિક

# વર્તમાન પ્રવાહ

તંત્રી : મુકેશ ગોસાવી

RNI No. DDGUJ/2003/13906

દમણ કાર્યાલયઃ કલેક્ટર ઓફિસ નજીક, વીઆઈપી સર્કિટ હાઉસની સામે, ઢોલર, મોટી દમણ. Mo. 99796 19477. E-mail: vartmanpravah@gmail.com / editor.vartmanpravah@gmail.com

દમણ (VARTMAN PRAVAH, DAMAN) ● વર્ષઃ ૨૩ ● અંકઃ ૧૮૮ ● સંવત-૨૦૮૨ નિજ જેઠ સુદ ત્રીજ ● Web: www.vartmanpravah.com vartmanpravah @VartmanPravahD

## પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ભારતે વૈશ્વિક સ્તરે ઉભી કરેલી પોતાની એક મજબૂત ઓળખઃ કેન્દ્રિય રાજ્યમંત્રી શ્રીપાદ નાયક

**■ સેલવાસના ભાજપ કાર્યાલય, અટલ ભવન ખાતે 'વિકસિત ભારત સંકલ્પ સંમેલન' યોજાયું ■ છેલ્લા ૧૨ વર્ષમાં દેશે વિકાસ, સુશાસન, ગરીબ કલ્યાણ, મહિલા સશક્તિકરણ, યુવાનોને અવસર અને આત્મનિર્ભરતાના ક્ષેત્રમાં પ્રાપ્ત કરેલી ઐતિહાસિક ઉપલબ્ધિઃ પ્રદેશ ભાજપ અધ્યક્ષ મહેશભાઈ આગરિયા ■ દાનહના સાંસદ કલાબેન ડેલકરની રહેલી વિશેષ ઉપસ્થિતિ**

(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
**સેલવાસ, તા.૧૬**

દાદરા નગર હવેલી અને દમણ-દીવ પ્રદેશ ભાજપ દ્વારા આજે સેલવાસ ખાતે ભાજપ કાર્યાલય, અટલ ભવનમાં 'વિકસિત ભારત સંકલ્પ સંમેલન'નું કેન્દ્રિય રાજ્ય મંત્રી શ્રી શ્રીપાદ નાયકના મુખ્ય અતિથિ પદે ભવ્ય રીતે યોજવામાં આવ્યું હતું.

આ પ્રસંગે સંબોધિત કરતા કેન્દ્રિય રાજ્યમંત્રી શ્રી શ્રીપાદ નાયકે ભારપૂર્વક જણાવ્યું હતું કે, પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ભારતે વૈશ્વિક સ્તરે પોતાની એક મજબૂત ઓળખ ઉભી કરી છે. આજે ભારત ડિજિટલ ક્રાંતિ, માળખાગત સુવિધા, આરોગ્ય, શિક્ષણ, ઊર્જા અને સ્ટાર્ટ અપ જેવા ક્ષેત્રોમાં ઝડપથી આગળ વધી રહ્યું છે. મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, કેન્દ્ર સરકારની યોજનાનો લાભ સમાજના અંતિમ વ્યક્તિ સુધી પહોંચાડવાનું કાર્ય ભાજપના કાર્યકર્તાઓ પુરી નિષ્ઠા અને લગનની સાથે કરી રહ્યા છે. તેમણે જણાવ્યું હતું કે, 'સબકા સાથ, સબકા વિકાસ, સબકા વિશ્વાસ અને સબકા પ્રયાસ'ના મંત્રની સાથે દેશ વિકસિત ભારતની દિશામાં નિરંતર આગળ વધી રહ્યો છે. તેમણે કાર્યકર્તાઓને જન સેવાને સર્વોચ્ચ પ્રાથમિકતા આપવા અને સરકારની યોજનાઓ પ્રત્યે આમજનતામાં જાગૃતિ વધારવા માટે પણ આહ્વાન કર્યું હતું.







ભાજપના પ્રદેશ અધ્યક્ષ શ્રી મહેશભાઈ આગરિયાએ પોતાના સ્વાગત વક્તવ્યમાં પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ભારતે આજે વિશ્વમાં બનાવેલી નવી ઓળખનો ઉલ્લેખ કરતા જણાવ્યું હતું કે, છેલ્લા ૧૨ વર્ષમાં દેશે વિકાસ, સુશાસન, ગરીબ કલ્યાણ, મહિલા સશક્તિકરણ, યુવાનોને અવસર અને આત્મનિર્ભરતાના ક્ષેત્રમાં ઐતિહાસિક ઉપલબ્ધિ પ્રાપ્ત કરી છે.

'વિકસિત ભારત સંકલ્પ ફક્ત એક સરકારી અભિયાન નહિ પરંતુ દેશના પ્રત્યેક નાગરિકની ભાગીદારીથી ભારતને ૨૦૪૭ સુધી વિશ્વની અગ્રણી શક્તિ બનાવવાનો રાષ્ટ્રીય સંકલ્પ છે. આ કાર્યક્રમમાં દાદરા નગર હવેલીના સાંસદ શ્રીમતી કલાબેન ડેલકર, ભાજપ પ્રદેશ મહામંત્રી શ્રી સુનિલ પાટીલ અને શ્રી જીજ્ઞેશભાઈ પટેલ, દાનહ જિલ્લા પંચાયતના અધ્યક્ષ શ્રીમતી નિશાબેન ભવર અને સેલવાસ નગરપાલિકાના શ્રી સોમનાથ દેવરે ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે મોટી સંખ્યામાં ભાજપના પદાધિકારીઓ, જન પ્રતિનિધિઓ, વિવિધ મોરચા અને પ્રકોષ્ઠના કાર્યકર્તાઓ તથા સ્થાનિક નાગરિકો ખુબ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. સંમેલનના અંતમાં વિકસિત ભારતના નિર્માણ માટે દરેકે સામુહિક રૂપથી સંકલ્પ લીધા હતા.

### પ્રિન્સિપાલ ડિસ્ટ્રિક્ટ અને સેશન જજ વિભા પી. ઈંગલેનો ચુકાદો

## સેલવાસની સુંદરવન સોસાયટીમાં એક વ્યક્તિની ચપ્પુ વડે હત્યા કરવાના કેસમાં આરોપી મિથુન મંડલને આજીવન કેદ અને ₹૨૫,૦૦૦ના રોકડ દંડની ફટકારેલી સજા



(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
**સેલવાસ, તા.૧૬**

સેલવાસના પ્રિન્સિપાલ ડિસ્ટ્રિક્ટ અને સેશન જજ શ્રીમતી વિભા પી. ઈંગ્લેએ એક સોસાયટીમાં એક વ્યક્તિની ચપ્પુ વડે હુમલો કરી હત્યા કરવાના ગુનામાં આરોપી મિથુન મોનિંદ્ર મંડલને દોષિત ઠેરવી ભારતીય ન્યાય સંહિતાની કલમ ૩૦૨ અંતર્ગત આજીવન કારાવાસની સજા સંભળાવી છે. આ ઉપરાંત અદાલતે આરોપીને રૂા.૨૫,૦૦૦ રોકડના દંડની પણ સજા ફટકારી છે અને જો દંડ નહિ ભરી શકે તો આરોપીને વધુ ૩ મહિનાની વધારાની કેદની સજાનો ચુકાદો આપ્યો છે.

પ્રાપ્ત માહિતી પ્રમાણે ૧૧ ફેબ્રુઆરી, ૨૦૨૩ના રોજ બનેલી સનસનાટીભરી ઘટનાએ સમગ્ર દાનહને હચમચાવી દીધું હતું. પોલીસ તપાસ મુજબ, આરોપી મિથુન મંડલનો અગાઉ મૃતક અંકિતા સંજય સિંહ રાજપૂતની માતા શીલા રાજપૂત સાથે સંબંધ હતો. શીલાએ બાદમાં મિથુન સાથેના સંબંધો તોડી નાખ્યા અને તેની ૧૯ વર્ષની પુત્રી અંકિતા સાથે અલગ રહેવા લાગી. તેથી ગુસ્સે થઈને મિથુન સતત શીલાને શોધતો રહ્યો. ઘટનાના દિવસે મિથુન મંડલ સુંદરવન સોસાયટી, સેલવાસમાં શીલાના ભાડાના રૂમમાં પહોંચ્યો હતો.

- (વધુ પાના નં.૨ પર)

### ભારતના ચૂંટણી પંચ, નવી દિલ્હીના નિર્દેશો અનુસાર

## દમણ જિલ્લા માટે મતદાન મથકોનું તર્કસંગતકરણ કરવામાં આવ્યુ

(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
**દમણ, તા.૧૬**

લોક પ્રતિનિધિત્વ અધિનિયમ, ૧૯૫૧ની કલમ ૨૫ની જોગવાઈઓ અનુસાર, પરિશિષ્ટ-૧માં દર્શાવેલ મતદાન મથકોની ડ્રાફ્ટ યાદી, તમામ સંબંધિત પક્ષો પાસેથી વાંધા અને સૂચનો મંગાવવા માટે પ્રકાશિત કરવામાં આવી છે.

કોઈપણ વ્યક્તિ તેમના વાંધા/સૂચનો તા.૨૩.૦૬.૨૦૨૬ના રોજ સાંજે ૦૫:૦૦ વાગ્યા સુધીમાં જિલ્લા ચૂંટણી અધિકારી/કલેક્ટર, દમણને લેખિતમાં રજૂ કરી શકે છે.

મતદાન મથકોની ઉપરોક્ત ડ્રાફ્ટ યાદી કલેક્ટર/જિલ્લા ચૂંટણી અધિકારી, દમણના નાયબ કલેક્ટર (સામાન્ય)/ચૂંટણી નોંધણી અધિકારી (ERO), દમણ અને દીવ, અને મામલતદાર/સહાયક ચૂંટણી નોંધણી અધિકારી (AERO), દમણની કચેરીઓમાં નિરીક્ષણ માટે ઉપલબ્ધ રહેશે.

ઉપરોક્ત મતદાન મથકોની યાદી મુખ્ય ચૂંટણી અધિકારી (કેન્દ્રશાસિત પ્રદેશ)ની વેબસાઈટ www.ceodaman.nic.in પર પણ ઉપલબ્ધ રહેશે.

### દાનહ અને દમણ-દીવ ભાજપ ઓબીસી મોરચાના પ્રદેશ અધ્યક્ષ હરિશભાઈ પટેલે

## સંઘપ્રદેશમાં સનાતન ધર્મનો પાયો મજબૂત કરી યુવા પેઢીમાં આધ્યાત્મિકતાના સંસ્કાર સર્જન માટે ગામડે ગામડે ભાગવત કથાના આયોજન માટે બતાવેલી તત્પરતા

**વીર રસ, રૌદ્ર રસ, વાત્સલ્ય રસ, હાસ્ય રસ, કરૂણ રસ અને ભક્તિ રસના સુંદર સમન્વય સાથે અમરનાથના બરફાની બાબાના શિવલિંગનો મહિમા પણ ભાવવાહી વાણીમાં વર્ણવી વિશ્વ પ્રસિદ્ધ કથાકાર મેહુલ જાની બાપુએ કથાને આપેલો વિરામ**









(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
**દમણ, તા.૧૬**

મંગળવાર તા.૯મી જૂનથી કુંતેશ્વર મહાદેવ મંદિરના સાનિધ્યમાં શરૂ થયેલ બાર જ્યોતિર્લિંગની કથાનું સોમવારે વિશ્વ પ્રસિદ્ધ કથાકાર શ્રી મેહુલભાઈ જાનીએ સમાપન કરાવ્યું હતું. કથાના સમાપન દરમિયાન શ્રી મેહુલભાઈ જાની બાપુએ પોતાની આગવી છટામાં વીર રસ, રૌદ્ર રસ, વાત્સલ્ય રસ, હાસ્ય રસ, કરૂણ રસ અને ભક્તિ રસનો સુંદર સમન્વય કરી ભાવિક ભક્તોને ૧૨ શિવલિંગની સાથે અમરનાથના બરફાની બાબાના શિવલિંગનો મહિમા પણ ભાવવાહી વાણીમાં વર્ણવ્યો હતો.

કથાના સમાપન દરમિયાન ઉપસ્થિત તમામ શ્રોતાઓને શ્રી હરિશભાઈ અને શ્રીમતી રીનાબેન પટેલ તથા શ્રી મેહુલભાઈ બાપુ દ્વારા ચાંદીનું બિલીપત્ર અને પંચમુખી રૂદ્રાક્ષની ભેટ આપી હતી.

સમાપન દરમિયાન કથાના મુખ્ય યજમાન અને દાનહ અને દમણ-દીવ ભાજપના ઓબીસી મોરચાના પ્રદેશ અધ્યક્ષ શ્રી હરિશભાઈ પટેલે આભાર વિધિ આટોપતા જણાવ્યું હતું કે, ભાગવત કથા, શિવ કથા, રામ કથા, ૧૨ જ્યોતિર્લિંગની કથા

- (વધુ પાના નં.૨ પર)

### કુંતેશ્વર મહાદેવ મંદિરના સાનિધ્યમાં ચાલી રહેલ ૧૨ જ્યોતિર્લિંગની કથાના સમાપન દરમિયાન

## વિશ્વ પ્રસિદ્ધ કથાકાર મેહુલભાઈ જાનીના શિષ્ય સુરતના આગેવાન દાનવીર ઉદ્યોગપતિ દિપકભાઈ ઈજારદારની ઉપસ્થિતિ આકર્ષણનું કેન્દ્ર રહી





(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
**દમણ, તા.૧૬**

કુંતેશ્વર મહાદેવ મંદિરના સાનિધ્યમાં ચાલી રહેલી ૧૨ જ્યોતિર્લિંગની કથાના સમાપન પ્રસંગે આંતરરાષ્ટ્રીય કથાકાર શ્રી મેહુલ જાની બાપુના શિષ્ય અને સુરતના દાનવીર ઉદ્યોગપતિ શ્રી દિપકભાઈ ઈજારદાર ખાસ આકર્ષણનું કેન્દ્ર રહ્યા હતા. શ્રી દિપકભાઈ ઈજારદારની ઉપસ્થિતિથી સભા મંડપમાં પણ હકારાત્મક ઊર્જાનો અહેસાસ તમામ ભક્તજનોને થયો હતો. શ્રી મેહુલ બાપુએ દાનવીર ઉદ્યોગપતિ શ્રી દિપકભાઈ ઈજારદારની વિવિધ સમાજ સેવાનો પણ ઉલ્લેખ કર્યો હતો અને તેમને સન્માનિત પણ કર્યા હતા.

## જાહેર નોટિસ

મોજે ગામ અથાલ તાબે દાદરા અને નગર હવેલી ખાતે આવેલ એન.એ. જમીન જેનો સર્વે નં. 255/1P/11 તથા જેનો નવો સર્વે નં. ૧૨૨૮ જેનું ક્ષેત્રફળ ૩૯૦૮.૦૦ ચો.મી. છે તે મિલકત સરકારી દફતરે મારા અસીલના ભાઈ મહેશ મોહન માર્ગેના નામે ચાલે છે. સદરહું મિલકત ખરીદવા તમામ પૈસા મારા અસીલ શ્રી વિલાસ મોહન માર્ગે રહેવાસી માહ્યાવંશી ફળિયા, નરોલીનાઓએ ચૂકવેલા અને મહેશ મોહન માર્ગેના કોઈ કાયદેસરનો હક્ક સદરહું મિલકતમાં નથી. આ તકરાર બાબતે મહેરબાન સેલવાસના સિવિલ જજ (સિનિયર ડિવિઝન)ની કોર્ટમાં સ્પેશિયલ દિવાની મુકદમા નં. ૮૯/૨૦૧૭નો હાલે દાવો ચાલુ છે. સદરહું મિલકત ઉપર ઈન્ડસ્ટ્રીયલ બિલ્ડીંગ માટે મહેરબાન મેમ્બર સેક્રેટરી દાદરા અને નગર હવેલી પ્લાનિંગ એન્ડ ડેવલોપમેન્ટ ઓથોરીટી તારીખ ૨૪/૦૩/૨૦૨૬ના રોજ પરવાનગી આપેલી છે, જે સામે પણ મારા અસીલે વાંધા ફાઈલ કરેલા છે. ઉપરોક્ત સંજોગોમાં મહેશ મોહન માર્ગે પોતાના નામનો દુરુપયોગ કરીને સદરહું મિલકત વેચી નાખવા પ્રયત્ન કરે તેવી શક્યતા છે અને તે સંજોગોમાં આથી જાહેર જનતાને જાણ કરવાની કે, ઉપરોક્ત મિલકત બાબતે કોઈએ પણ મારા અસીલની જાણ બહાર અને સંમતિ વિના મહેશ મોહન માર્ગે સાથે કોઈ પ્રકારનો વ્યવહાર કરવો નહીં અને જો કરશે તો તે મારા અસીલને કોઈ પણ પ્રકારે બંધનકર્તા રહેશે નહીં જેની સર્વે નોંધ લેવી.

**તારીખઃ ૧૫/૦૬/૨૦૨૬**

**મારી સૂચનાથી**
**વિલાસ મોહન માર્ગે**

લિ.
**શૈલેષ ટી. ચૌહાણ**
**તે વિલાસ મોહન માર્ગેના એડવોકેટ**
**હેમલેટ - ડી-૩, પાર્ક સીટી, સિલવાસા**
**દાદરા અને નગર હવેલી.**
**મો.નં. ૯૫૫૮૯૭૫૭૨૦**




## સુવિચાર - સદ્વિચાર

માણસ ભલે લાખ સમજદાર હોય પણ
જો કોઈની લાગણી ના સમજે તો એ
સમજદારીનો કોઈ મતલબ જ નથી

## કવિતા-ભજન-પદ-ગરબા

### ગુરુએ ખોદાવી વાવડી

ગુરુએ ખોદાવી વાવડી, જેનાં નીર ગંગાજળ હોય જી,
વણ ધોયે દુઃખડાં ઊપજે, તારો તરણો શેની વિધે હોય.
મનવા! મેલુડી ચાદર ધોય જી...

તનમન કી તું કર લે મટકી, થારી કરણીની કુંડિયાં હોય,
શબ્દુરા ઝાટકા દીજીએ રે, એવી સુરતા શિલા પર ધોય... મન...

રોપડા રંગે ફૂટડો જેનાં અજબ રંગીલાં ફૂલજી,
ઊભા સૂકે પરભોમમાં, એની કળિયું ગોડે રે કોય... મન...

ચંદન રંગ સામળે! એનાં મરમ જાણે રે સંત કોય,
કાપ્યા પછી કંચન નીપજે, એનાં મૂલ અમૂલખ હોય...મન...

દેખતે ડોળે પંથ દોયલો, એમાં ચાલતાને સુખ હોય જી,
સતનાં વોળાવાં રે લીજીએ, એમાં વિઘન ન આવે કોય...મન...

ભમર ગુફા મારે ભમે ભમરા, જ્યાં અલખના અખેડા હોય જી,
લખમા માળીની રે વિનતિ, ગુરુગમ વિના જોય ન કોય...મન...

- લખમાજી માળી

## આજની જોક

શિક્ષક : એક ખેતર ખેડતાં બે જણાને ચાર દિવસ લાગે, તો એ જ ખેતર ખેડતાં આઠ જણાને કેટલા દિવસ લાગે?
એક છોકરાએ ઊભા થઈને કીધું : ''પહેલાં એ તો કહો, એ ખેડેલું ખેતર ફરી ખેડનારા એ ડોબાઓ છે કોણ?''

## કબીર વાણી

**સુમરનસે સુખ હોત, હયે, સુમરનસે દુઃખ જાય,**
**કહે કબીર સુમરન કિયે, સ્વામી માંહિ સમાય.**

**- અર્થાત-**

ઈશ્વરનું સ્મર્ણ કરવાતીજ માણસને સુખ પ્રાપ્ત થાય છે, અને સ્મર્ણથીજ તેનું દુઃખ દુર જાય છે; અને હું કબીર કહું છું કે સ્મર્ણ કરવાથીજ પરમાત્માનો વાસો આપણામાં થાય છે, અને ઈશ્વરને પુગી શકાય છે.

## આજનો દિન વિશેષ

### કૈલાશ નાથ કાત્જુ

કૈલાશ નાથ કાત્જુ (૧૭ જૂન ૧૮૮૭ - ૧૭ ફેબ્રુઆરી ૧૯૬૮) એક ભારતીય રાજકારણી હતા જેમણે ઓરિસ્સા અને પશ્ચિમ બંગાળના રાજ્યપાલ, મધ્ય પ્રદેશના મુખ્યમંત્રી, કેન્દ્રીય ગૃહમંત્રી અને કેન્દ્રીય સંરક્ષણ મંત્રી તરીકે સેવા આપી હતી. તેઓ ભારતના સૌથી પ્રખ્યાત વકીલોમાંના એક પણ હતા. તેઓ તેમના સમયના કેટલાક સૌથી નોંધપાત્ર કેસોનો ભાગ હતા, જેમાં ભારતીય રાષ્ટ્રીય સૈન્યના કેસોનો પણ સમાવેશ થાય છે. કાત્જુ ભારતીય સ્વતંત્રતા ચળવળમાં શરૂઆતમાં જોડાયા હતા અને તેમની પ્રવૃત્તિઓ માટે સાથી સ્વતંત્રતા કાર્યકરો સાથે ઘણા વર્ષો જેલમાં વિતાવ્યા હતા.

કૈલાશ નાથ કાત્જુનો જન્મ ૧૭ જૂન ૧૮૮૭ના રોજ જાઓરા (હાલના મધ્ય પ્રદેશમાં) રજવાડા રાજ્યમાં થયો હતો. તેમનો પરિવાર કાશ્મીરી પંડિતો હતો જેઓ જાઓરામાં સ્થાયી થયા હતા. તેમના પિતા ત્રિભુવન નાથ કાત્જુ રાજ્યના ભૂતપૂર્વ દિવાન હતા. કૈલાશ નાથનું શિક્ષણ જાઓરાની બાર હાઇ સ્કૂલમાં થયું હતું, જ્યારે તેમને રંગ મહેલ સ્કૂલમાં અભ્યાસ કરવા માટે લાહોર મોકલવામાં આવ્યા હતા. તેમણે માર્ચ ૧૯૦૫માં લાહોરની ફોરમેન ક્રિશ્ચિયન કોલેજમાંથી સ્નાતક થયા પહેલા બીજા વર્ષે પંજાબ યુનિવર્સિટીમાંથી મેટ્રિકની પરીક્ષા પાસ કરી હતી. તે વર્ષે જુલાઈમાં, તેઓ અલ્હાબાદની મુઇર સેન્ટ્રલ કોલેજમાં જોડાયા. સપ્ટેમ્બર ૧૯૦૭માં, તેમણે અલ્હાબાદ યુનિવર્સિટીમાંથી કાયદામાં ડિગ્રી મેળવી, જે પ્રાંતમાં બીજા ક્રમે રહી. ૧૯૦૮માં, તેમણે તે જ યુનિવર્સિટીમાંથી ઈતિહાસમાં માસ્ટર ડિગ્રી મેળવી. ૧૯૧૪માં અલ્હાબાદ જતા પહેલા તેમણે તે વર્ષે કાનપુરમાં કાનૂની વ્યવસાય શરૂ કર્યો. તેમણે ૧૯૧૯માં અલ્હાબાદ યુનિવર્સિટીમાંથી કાયદામાં ડોક્ટરેટ (એલએલ.ડી.) પૂર્ણ કર્યું અને ૧૯૨૧માં અલ્હાબાદ હાઈકોર્ટમાં વકીલ તરીકે જોડાયા.

## બ્યુટી ટીપ્સ : રોજીંદી વ્યવહારુ બ્યુટી ટીપ્સ



ઘરેલું ઉપચાર અને સરળ આદતો અપનાવીને, ગૃહિણીઓ સરળતાથી કુદરતી ચમક મેળવી શકે છે. કાચું દૂધ, ચણાનો લોટ અને એલોવેરા જેવા રસોડાના ઘટકો, પૂરતું પાણી અને ચોક્કસ ત્વચા સંભાળ દિનચર્યાનો ઉપયોગ કરીને ચમકતી ત્વચા મેળવી શકાય છે. રોજિંદા ધમાલમાં સમય બચાવવા માટે અહીં સૌથી અસરકારક અને વ્યવહારુ સૌંદર્ય ટિપ્સ છે, સરળ ઘરેલુ ફેસ પેક (કિચન હેક્સ) કાચું દૂધ તેને કપાસની મદદથી ચહેરા પર લગાવો. તે એક ઉત્તમ ક્લીન્ઝર તરીકે કામ કરે છે અને ત્વચાને અંદરથી સાફ કરે છે. ચણાનો લોટ અને હળદર ૧ ચમચી ચણાનો લોટ, એક ચપટી હળદર અને ક્રીમ અથવા દૂધ ભેળવીને પેસ્ટ બનાવો. તેને ૧૫ મિનિટ માટે રહેવા દો અને પછી તેને ધોઈ લો. ચહેરા પર તાત્કાલિક ચમક આપે છે. બટાકાનો રસ કાળા કુંડાળા અને ફ્રીકલ્સ ઘટાડવા માટે આંખો નીચે બટાકાનો રસ લગાવો.

**દૈનિક દિનચર્યા સનસ્ક્રીન** : ઘરે રસોઈ કરતી વખતે પણ, ગેસની જ્યોતના યુવી કિરણોથી પોતાને બચાવવા માટે સનસ્ક્રીન લગાવવાનું ભૂલશો નહીં. મોઈશ્ચરાઈઝર ત્વચામાં ભેજ જાળવવા માટે સ્નાન કર્યા પછી અથવા ચહેરો ધોયા પછી તરત જ મોઈશ્ચરાઈઝર લગાવો. **રાત્રે ત્વચા સંભાળ:** સૂતા પહેલા ચહેરો ધોઈ લો અને એલોવેરા જેલ અથવા નાળિયેર તેલ લગાવો. તે આખી રાત ત્વચાને પોષણ આપે છે. આહાર અને જીવનશૈલી હાઈડ્રેશન દિવસભર ઓછામાં ઓછું ૩-૪ લિટર પાણી પીવો. આ શરીરમાંથી ઝેરી તત્વો બહાર કાઢવામાં મદદ કરે છે અને ત્વચાને ચમકદાર બનાવે છે. **ઊંઘ:** તમારી જાતને તાજગી આપવા માટે ૭-૮ કલાકની પૂરતી ઊંઘ લેવી ખૂબ જ મહત્વપૂર્ણ છે. લીલા શાકભાજી તમારા આહારમાં મોસમી ફળો અને લીલા શાકભાજીનો સમાવેશ કરો, જે કુદરતી રીતે ત્વચાને સ્વસ્થ બનાવે છે.

# કેન્દ્ર સરકાર દ્વારા ચીખલી સહિત નવસારી જિલ્લામાં આપશે રાષ્ટ્રીય બાળ પુરસ્કાર-૨૦૨૬

## અસાધારણ સિદ્ધિ મેળવનાર ૧૮ વર્ષથી નાના બાળકો ઓનલાઈન ફોર્મ ભરી શકશે

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**ચીખલી(વંકાલ), તા.૧૬**
**(દીપક સોલંકી દ્વારા)**

દેશના પ્રતિભાશાળી અને બહાદુર બાળકોને અસાધારણ સિદ્ધિઓને વૈશ્વિક પૂરૂ પાડવા માટે ભારત સરકાર દ્વારા દર વર્ષે પ્રતિષ્ઠિત રાષ્ટ્રીય સ્તરનો પ્રધાનમંત્રી રાષ્ટ્રીય બાળ પુરસ્કાર (PMRBP ) - 2026 એનાયત કરવામાં આવે છે આ અંતર્ગત ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ (GSEB) ગાંધીનગર અને પ્રાથમિક શિક્ષણ નિયમિતની કચેરીના આદેશ અનુસાર નવસારી જિલ્લા શિક્ષણ અધિકારી (DEO) અને જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી દ્વારા નવસારી જિલ્લાના તમામ તાલુકાઓમાં સરકારી અને ગ્રાન્ટેડ અને ખાનગી શાળાઓને તાકીદ કરતો પરિપત્ર જાહેર કરવામાં આવ્યો છે. શાળાઓમાં છુપાયેલી પ્રતિભાઓ રાષ્ટ્રીય સ્તરે ચમકી શકે તે માટે તંત્ર દ્વારા વ્યાપક ધરવામાં આવી છે.

**આ ૬ શ્રેણીઓમાં ઉત્કૃષ્ટ યોગદાન આપનાર બાળકો પાત્ર થશે**

ભારત સરકારના મહિલા અને બાળ વિકાસ મંત્રાલયના જણાવ્યા અનુસાર આ પુરસ્કાર મુખ્યત્વે ૬ વિશિષ્ટ કેટેગરીમાં શ્રેષ્ઠ પ્રદર્શન કરનારા બાળકોને આપવામાં આવે છે (૧) બહાદુરી (૨) સમાજસેવા (૩) પર્યાવરણ (૪) રમત-ગમત (૫) કલા અને સંસ્કૃતિ (૬) વિજ્ઞાન અને ટેકનોલોજી

**વયમર્યાદા અને નિયમો: ૩૧ જુલાઈ સુધી અરજી કરવી**

આ પુરસ્કાર માટે ૧ એપ્રિલ, ૨૦૨૬થી ઓનલાઈન નામાંકન પ્રક્રિયા શરૂ થઈ ચૂકી છે જે બાળકોની ઉંમર ૩૨ જુલાઈ, ૨૦૨૬ સુધીમાં ૧૮વર્ષથી ઓછી હોય તેઓ આ એવોર્ડ માટે નામાંકન નોંધાવી શકે છે. અરજી કરવાની છેલ્લી તારીખ ૩૧ જુલાઈ, ૨૦૨૬ નક્કી કરવામાં આવી છે. જેને ચુસ્તપણે પાળવાની રહેશે તમામ નમાંકન માત્ર સત્તાવાર રાષ્ટ્રીય પુરસ્કાર પોર્ટલ https:// awards.gov.in પર જ સ્વીકારશે

**દિવ્યાંગ, કન્યા અને વંચિત વર્ગ પર વિશેષ ભાર :** કેન્દ્ર સરકારના સંયુક્ત સચિવ (IAS) અને ગુજરાત શિક્ષણ વિભાગના સત્તાવાળાઓ દ્વારા સ્પષ્ટ સૂચના આપવામાં આવી છે કે ઘણીવાર અંતરિયાળ વિસ્તારના પ્રતિભાશાળી બાળકો લાઈમ લાઈટમાં આવી શકતા નથી. આથી શાળાઓએ ખાસ પ્રયાસો કરીને કન્યાઓ, નબળા વર્ગો, અનુસૂચિત જાતિ/જનજાતિ SC/ ST અને દિવ્યાંગો ( વિકલાંગ) કેટેગરીના હોનહાર બાળકોને ઓળખીને તેમના ફોર્મ અગ્રતાના ધોરણે કરાવવાના રહેશે.

### મોદી-ટ્રમ્પ વચ્ચે મીટિંગ હોલમાં હેન્ડશેક

# ૧૬ મહિના બાદ G7માં PM મોદી-ટ્રમ્પ વચ્ચે મુલાકાત




**(સંપૂર્ણ સમાચાર સેવા)**
**નવી દિલ્હી,તા.૧૬**

વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને અમેરિકી રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે G-૭ સમિટમાં એકબીજા સાથે મુલાકાત કરી છે. આ મુલાકાત ૧૬ મહિનાના લાંબા સમયગાળા પછી થઈ છે. બંને નેતાઓ વચ્ચે ફ્રાન્સના એવિયન શહેરમાં આ મુલાકાત થઈ હતી, જ્યાં તેઓ જી-૭ સમિટમાં ભાગ લેવા માટે પહોંચ્યા છે.આ મુલાકાત તે સમયે થઈ જ્યારે રાષ્ટ્રપ્રમુખ ટ્રમ્પ જી-૭ની મીટિંગમાં ભાગ લેવા માટે મીટિંગ હોલમાં બેઠા હતા. બરાબર તે જ સમયે વડાપ્રધાન નરેન્દ્ર મોદી ત્યાં પહોંચ્યા હતા અને આ દરમિયાન બંને નેતાઓ વચ્ચે હેન્ડશેક થયું હતું. બંને ટોચના નેતાઓ વચ્ચે લગભગ ૫૦ સેકન્ડ સુધી વાતચીત ચાલી હતી.

સમિટની સત્તાવાર કાર્યવાહી શરૂ થાય તે પહેલાં બંને નેતાઓએ હસતા મુખે એકબીજાનું અભિવાદન કર્યું હતું. વિશ્વભરના નેતાઓ ફ્રાન્સના રાષ્ટ્રપ્રમુખ ઈમેન્યુઅલ મેક્રોનની યજમાનીમાં યોજાઈ રહેલી આ સમિટ માટે એકઠા થયા છે, જ્યાં મહત્વના વૈશ્વિક મુદ્દાઓ પર ચર્ચા શરૂ થાય તે પહેલાં મેક્રોને સમિટ સ્થળ પર પીએમ મોદીનું સ્વાગત કર્યું હતું.

ઉલ્લેખનીય છે કે, હોર્મુઝમાં અમેરિકી નેવી દ્વારા કરવામાં આવેલા હુમલામાં ત્રણ ભારતીયોના મોત થયા બાદ ભારતે ખૂબ જ કડકાઈથી પ્રતિક્રિયા આપી હતી. જો કે, અમેરિકા તરફથી આ અંગે કોઈ ખાસ સ્પષ્ટતા કરવામાં આવી નહોતી અને વિદેશ મંત્રી માર્કો રુબિયોએ ઊલટું એવું નિવેદન આપ્યું હતું કે, હોર્મુઝમાંથી પસાર થતા દેશોએ અમેરિકી નેવીના આદેશોનું પાલન કરવું જોઈએ. આ ઘટના બાદ બંને દેશોના સંબંધોમાં કડવાશ આવી ગઈ હતી અને ભારતના વિદેશ મંત્રી જયશંકરે અમેરિકી વિદેશ મંત્રી રુબિયો સમક્ષ ભારતનો સખત વિરોધ પણ નોંધાવ્યો હતો.

બંને દેશો વચ્ચે સર્જાયેલા આ વિવાદ અને તણાવ પછી બંને રાષ્ટ્રાધ્યક્ષો વચ્ચે જી-૭ ના મંચ પર આ પહેલી મુલાકાત થઈ છે. આ ટૂંકી મુલાકાત બાદ હવે ટ્રમ્પ અને પીએમ મોદી વચ્ચે આગામી ઔપચારિક મુલાકાત બુધવારે સાંજે સવા ૬ વાગ્યે યોજાશે, જેમાં બંને દેશો વચ્ચે વિસ્તૃત ચર્ચા થઈ શકે છે.

### ખેડૂતો બાદ શિક્ષકો મેદાને

# TET પરીક્ષાના વિરોધમાં રાજ્યભરમાં આંદોલનની જાહેરાત

## આ સમગ્ર આંદોલનનું મૂળ કારણ સુપ્રીમ કોર્ટ દ્વારા શિક્ષકોની યોગ્યતા અંગે આપવામાં આવેલો તાજેતરનો ચુકાદો છે

**(સંપૂર્ણ સમાચાર સેવા)**
**અમદાવાદ,તા.૧૬**

ખેડૂતોના વિરોધ પ્રદર્શન બાદ હવે ગુજરાતમાં શિક્ષકોએ પણ પોતાની માંગણીઓ સંતોષવા માટે રાજ્યવ્યાપી આંદોલનનો માર્ગ અપનાવ્યો છે. અખિલ ભારતીય પ્રાથમિક શિક્ષક સંઘ સહિતના વિવિધ શૈક્ષિક સંગઠનોના નિર્ણય અનુસાર, ૧૭ જૂનથી ૨૦ જૂન સુધી રાજ્યના તમામ ૩૩ જિલ્લાઓમાં વિરોધ પ્રદર્શન કરવામાં આવશે.

આ કાર્યક્રમ અંતર્ગત અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન શિક્ષક મંડળ અને અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ પણ કલેક્ટર કચેરીઓ ખાતે એકઠા થશે. શિક્ષકો ત્યાં ૩ કલાક સુધી ધરણાં પર બેસીને પોતાનો રોષ વ્યક્ત કરશે અને ત્યારબાદ કલેક્ટરને આવેદનપત્ર સુપરત કરશે.

આ સમગ્ર આંદોલનનું મૂળ કારણ સુપ્રીમ કોર્ટ દ્વારા શિક્ષકોની યોગ્યતા અંગે આપવામાં આવેલો તાજેતરનો ચુકાદો છે. સર્વોચ્ચ અદાલતે આદેશ કર્યો છે કે શિક્ષણ વ્યવસાય સાથે સંકળાયેલા જે શિક્ષકોની નોકરીના ૫ વર્ષથી વધુનો સમયગાળો બાકી હોય, તેમણે નોકરીમાં ચાલુ રહેવા તેમજ બઢતી મેળવવા માટે TET પાસ કરવી ફરજિયાત રહેશે. જો શિક્ષકો આ નિયમનું પાલન નહીં કરે, તો તેમણે રાજીનામું આપવું પડશે અથવા ફરજિયાત નિવૃત્તિ લેવી પડશે. જોકે, કોર્ટે માત્ર એવા જ શિક્ષકોને રાહત આપી છે જેમની નોકરીના ૫ વર્ષ કરતાં ઓછો સમય બાકી છે.

સુપ્રીમ કોર્ટના આ નવા નિયમના કારણે વર્ષ ૨૦૧૦ પહેલાં નોકરીમાં જોડાયેલા અંદાજે ૧ લાખ જેટલા શિક્ષકોની રોજગારી પર સીધું સંકટ તોળાઈ રહ્યું છે.

શિક્ષકસંઘોનો સખત વિરોધ એ વાત પર છે કે વર્ષ ૨૦૧૦ પહેલાં જ્યારે આ શિક્ષકોની ભરતી થઈ હતી, ત્યારે TET અંગેનો કોઈ નિયમ અસ્તિત્વમાં ન હતો અને તેમની નિમણૂક તે સમયના પ્રવર્તમાન સરકારી નિયમો અનુસાર જ કાયદેસર રીતે કરવામાં આવી હતી.તેથી, આટલા વર્ષોનો બહોળો અનુભવ ધરાવતા શિક્ષકોને ફરીથી પરીક્ષા આપવા માટે મજબૂર કરવાને બદલે, વર્ષ ૨૦૧૦ પહેલાના તમામ શિક્ષકોને TETમાંથી કાયમી મુક્તિ આપવામાં આવે તેવી માંગ સાથે આવતીકાલથી આંદોલન છેડવામાં આવ્યું છે.

### ઈન્ડોનેશિયા-જાપાનમાં પણ ધરતી ધ્રુજી

# ૪૦ મિનિટમાં ૮ મોટા ભૂકંપ આવતા ચીનમાં ઈમરજન્સી એલર્ટ

## ભૂકંપનું કેન્દ્ર પ્રાંતની રાજધાની શિયાંગથી લગભગ ૫૬૭ કિલોમીટર દૂર આવેલું હોવાનું જણાવવામાં આવ્યું છે

**(સંપૂર્ણ સમાચાર સેવા)**
**નવી દિલ્હી,તા.૧૬**

ચીન અને જાપાન હાલ મોટી કુદરતી આફતોનો સામનો કરી રહ્યા છે. રિપોર્ટ મુજબ ૪૦ મિનિટમાં ૮ વખત ધરતી ધ્રુજતા ચીનમાં હડકંપ મચી ગયો છે, તો જાપનમાં પણ ૫.૫ની તીવ્રતાનો આંચકો અનુભવાયો છે. ચીનમાં સૌથી શક્તિશાળી ઝટકાની તીવ્રતા ૬.૩ માપવામાં આવી છે. ભૂકંપની ઊંડાઈ જમીનથી ૧૦ કિલોમીટર નીચે હોવાનું જણાવવામાં આવી રહ્યું છે.

ચીનના સ્થાનિક મીડિયાના જણાવ્યા અનુસાર, પ્રશાસને તાત્કાલીક અસરગ્રસ્ત વિસ્તારમાં ઈમરજન્સી એલર્ટ જાહેર કરી દીધું છે. આ સાથે જ રાહત અને બચાવ કામગીરી માટે ઈમરજન્સી ટીમો તૈનાત કરવામાં આવી છે. સમાચાર પત્ર ગ્લોબલ ટાઈમ્સના અહેવાલ મુજબ, કિંઘાઈ પ્રાંતમાં મંગળવારે સ્થાનિક સમય અનુસાર સાંજે ૬:૪૦ વાગ્યે ભૂકંપનો પહેલો ઝટકો અનુભવાયો હતો. ભૂકંપનું કેન્દ્ર પ્રાંતની રાજધાની શિયાંગથી લગભગ ૫૬૭ કિલોમીટર દૂર આવેલું હોવાનું જણાવવામાં આવ્યું છે.

શરૂઆતી માહિતી અનુસાર આ ભૂકંપમાં ૧ વ્યક્તિનું મોત થયું છે, જ્યારે ૪ લોકો ઘાયલ હોવાનું જણાવવામાં આવી રહ્યું છે. સરકારે રેસ્ક્યુ ઓપરેશન શરૂ કર્યું છે. આ ઘટનાની ગંભીરતાને જોતા નજીકની કોલસાની ખાણોમાંથી લોકોને પરત બોલાવી લેવામાં આવ્યા છે. સરકાર જાન-માલના નુકસાન અંગે વધુ માહિતી એકત્રિત કરી રહી છે.

રિપોર્ટઅનુસાર, રાહત અને બચાવ કામગીરી માટે ૨ સ્પેશિયલ ગાડી અને ૧૦ કર્મચારીઓને ઘટનાસ્થળે મોકલવામાં આવ્યા છે. હતાહત થયેલા લોકોની સંખ્યા જોયા બાદ સ્થાનિક પ્રશાસન આગળનો નિર્ણય લેશે.

મંગળવારે મધ્ય ઈન્ડોનેશિયાના સુલાવેસી ટાપુ પર ૬.૭ ની તીવ્રતાનો શક્તિશાળી ભૂકંપ આવ્યો હતો, જેના કારણે ઓછામાં ઓછા ૮ લોકો ઘાયલ થયા છે અને વ્યાપક નુકસાન થયું છે. આ ભૂકંપનું કેન્દ્રબિંદુ પાલુ શહેરથી આશરે ૪૩ કિલોમીટર દૂર પૂર્વ-દક્ષિણપૂર્વમાં જમીનથી ૧૦ કિલોમીટરની ઊંડાઈએ આવેલું હતું. આ જોરદાર આંચકાના કારણે આશરે ૪,૦૦,૦૦૦ ની વસ્તી ધરાવતા પાલુ શહેરમાં લોકો ગભરાઈને ખુલ્લા મેદાનોમાં દોડી આવ્યા હતા અને સાવચેતીના પગરૂપે હોસ્પિટલોમાંથી દર્દીઓને પણ બહાર ખસેડવામાં આવ્યા હતા. ઘટનાસ્થળેથી સામે આવેલી તસવીરોમાં છત તૂટી પડવી, દીવાલોમાં તિરાડો પડવી અને રસ્તાઓ પર કાટમાળ વિખરાયેલો જોવા મળ્યો છે. આ મુખ્ય ભૂકંપ બાદ પણ કેટલાય આફ્ટરશોક્સ અનુભવાયા હતા, જેમાં સૌથી શક્તિશાળી આંચકો ૫.૨ ની તીવ્રતાનો નોંધાયો હતો. પ્રશાસન દ્વારા હજુ પણ નુકસાન અને જાનમાલની વિગતો એકત્રિત કરવામાં આવી રહી છે.

બીજી તરફ, જાપાનમાં પણ ભૂકંપના ઝટકા અનુભવાયા છે. સ્થાનિક મીડિયાના જણાવ્યા અનુસાર જાપાનના ઈબારાકી પ્રાંતમાં ૫.૫ તીવ્રતાનો ભૂકંપ નોંધાયો છે. જાપાન વેધર સેન્ટરના જણાવ્યા અનુસાર, આ ભૂકંપ મંગળવારે સ્થાનિક સમય અનુસાર સાંજે ૭:૪૬ વાગ્યે આવ્યો હતો. તેનું કેન્દ્ર જમીનથી લગભગ ૫૦ કિલોમીટરની ઊંડાઈએ આવેલું હતું.

# લંકા પ્રીમિયર લીગનાં પ્રમોટર્સ IPG ગ્રુપે નાસ્ડેક-લિસ્ટેડ પાર્ટનર પાસેથી મલ્ટિમિલિયન-ડૉલરનાં વ્યૂહાત્મક ફંડિંગની જાહેરાત કરી

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**સુરત, તા.૧૬**

લંકા પ્રીમિયર લીગ (LPL)ની છઠ્ઠી સીઝન ૧૦ જુલાઈથી શરૂ થશે અને એની બરોબર અગાઉ લીગને મોટું નાણાકીય પ્રોત્સાહન મળ્યું છે. LPLનાં પ્રમોટર ઈનોવેટિવ પ્રોડક્શન ગ્રૂપ FZ, LLC (“IPG”)ને અમેરિકાની એક લિસ્ટેડ કંપની પાસેથી અનેક મિલિયન ડૉલરનું ફંડ મળ્યું છે. IPGએ ફલેશ સ્પોર્ટ્સ એન્ડ મીડિયા, ઈન્ક (ફલેશ)ની સાથે પોતાનું વ્યૂહાત્મક ઑલ-સ્ટોક મર્જર પૂર્ણ કર્યુ છે. જેથી LPL સહિત T20 લીગના વાણિજ્યિક અધિકારોનો તેનો પોર્ટફોલિયો નાસ્ડેક-લિસ્ટેડ પ્લેટફોર્મ UGRO (NASDAQ: UGRO)ને મળી ગયો છે.

આ પગલું IPG અને તેનું મેનેજમેન્ટ કરતી લીગ માટે એક મહત્વૂપર્ણ વળાંક સમાન છે, જે તેને મોટા પાયે કામ કરવા બનેલા એક સરકારી વહીવટી માળખામાં લઈ આવે છે.

આ નવા સંસ્થાગત માળખાના ટેકા સાથે IPG આગામી બે વર્ષમાં LPLનું મોટું અને શ્રેષ્ઠ વર્ઝન બનાવવા ૨૦ મિલિયન અમેરિકન ડોલરનું રોકાણ કરશે. LPLમાટે આ પરિવર્તન વધારે વ્યવસ્થિત અને વૃદ્ધિલક્ષી તબક્કાની શરૂઆતનો સંકેત છે. LPLના બૌદ્ધિક અધિકારો શ્રીલંકા ક્રિકેટ પાસે જ રહેશે, પરંતુ IPG પાસે તેના એક્સક્લૂઝિવ વાણિજ્યિક અને મીડિયા અધિકાર જળવાઈ રહેશે- જેને હવે સંસ્થાગત મૂડી, શ્રેષ્ઠ વહીવટી ધારાધોરણો અને લાંબા સમયથી વિસ્તરણ યોજનાનું પીઠબળ પ્રાપ્ત છે.

IPG ગ્લોબલના સ્થાપક અને ચેરમેન અનિલ મોહને કહ્યું હતુ “LPL’’ને આ નવા પરિવર્તનથી સૌથી વધુ ફાયદો થશે. સરકારી વહીવટી માળખામાં શામેલ થવાથી લીગની જવાબદારી વધવાની સાથે અમારી ક્ષમતા પણ વધશે. પારદર્શકતા, મૂડીની સુલભતા અને વહીવટી ધારાધોરણોમાં વધારા સાથે અમે લાંબા સમય સુધી વાણિજ્યિક શિસ્ત જાળવવાની સાથે ફ્રેન્ચાઈઝ મૂલ્ય વધારવાની સારી સ્થિતિમાં છીએ.ફલેશ સ્પોર્ટ્સ એન્ડ મીડિયાના ચીફ ફાઈનાન્સિયલ ઑફિસર બ્રેડલી નટટ્રાસે કહ્યું હતું. અમારૂં માનવું છે કે, આ કૉમ્બિનેશનથી અમારી ક્ષમતા વધશે, જેથી અમે એકસાથે અનેક ક્રિકેટ બજારોમાં અને તેનાં અર્થતંત્રમાં કામ કરી શકીશું.

**(પહેલાં પાનાનું ચાલુ)**

**સેલવાસની સુંદરવન...**

રૂમ બહારથી બંધ હતો, પરંતુ બારીમાંથી શીલાને અંદર જોઈને તેણે ઝઘડો શરૂ કર્યો હતો. આ દરમિયાન, અંકિતા એક સંબંધી સાથે આવી, જ્યારે મિથુન મંડલે અંકિતા પાસે રૂમની ચાવી માંગી અને તેણીએ ના પાડી, ત્યારે ગુસ્સે ભરાયેલા મિથુન મંડલે તેના હાથમાં રહેલા છરીથી હુમલો કરી વારંવાર ઘા કર્યા. ગંભીર રીતે ઘાયલ અંકિતાને તાત્કાલિક હોસ્પિટલમાં લઈ જવામાં આવી, જ્યાં ફરજ ઉપરના તબીબોએ તેને મૃત જાહેર કરી હતી. પોસ્ટમોર્ટમ રિપોર્ટમાં મૃત્યુનું કારણ અનેક છરીના ઘા હોવાનું બહાર આવ્યું હતું.

આ અંધ હત્યાકાંડનો ઉકેલ લાવવા અને ગુનેગારને સજા કરાવવામાં તત્કાલીન તપાસ અધિકારી, પીએસઆઈ શ્રી અનિલકુમાર ટી.કે. એ મુખ્ય ભૂમિકા ભજવી હતી. આરોપીના વ્યાવસાયિક કાર્યએ મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. ઘટના પછી તરત જ, પોલીસે ઝડપથી કાર્યવાહી કરી અને ૧૨ ફેબ્રુઆરી, ૨૦૨૩ના રોજ સાયલી વિસ્તારમાંથી માત્ર ૨૪ કલાકમાં આરોપીને પકડી લીધો હતો. ધરપકડ સમયે, મિથુન મંડલના કપડાં લોહીથી ખરડાયેલા હતા, જે પોલીસે તાત્કાલિક જપ્ત કર્યા હતા. ત્યારબાદ, રિમાન્ડ દરમિયાન, પોલીસે આરોપીની ઓળખ પર હત્યામાં વપરાયેલ છરી જપ્ત કરી. પોલીસે ગુનાના સ્થળેથી માત્ર વૈજ્ઞાનિક નમૂનાઓ જ નહીં, પરંતુ સોસાયટી અને આસપાસના કેમેરામાંથી સીસીટીવી ફૂટેજ પણ એકત્ર કર્યા હતા. જેમાં આરોપીની શંકાસ્પદ હિલચાલ અને હાજરી સ્પષ્ટપણે કેદ થઈ ગઈ હતી.

આ કેસમાં પ્રિન્સિપાલ સિવિલ અને સેશન જજ શ્રીમતી વિભા પી. ઈંગ્લેએ કેસની સુનાવણી કર્યા બાદ અદાલતે ઉપલબ્ધ પુરાવા અને સાક્ષીઓના આધારે આરોપીને દોષિત ઠેરવ્યો હતો.

અદાલતે આદેશમાં જણાવ્યું હતું કે, આરોપીને પૂછપરછ અને ટ્રાયલ(મુકદ્દમા) દરમિયાન જેલમાં વિતાવેલા સમયની અવધિનો લાભ કલમ ૪૨૮ સીઆરપીસી અંતર્ગત આપવામાં આવશે.

અદાલતે મૃતકની માતા/કાનૂની ઉત્તરાધિકારીને ગુનાહિત પ્રવૃત્તિથી થયેલા નુકસાન માટે કલમ ૩૫૭(એ) સીઆરપીસી અંતર્ગત વળતર આપવાની પણ ભલામણ કરી છે.

જિલ્લા કાનૂની સેવા સત્તામંડળ, દાદરા નગર હવેલી અને દમણ-દીવને વળતરની રકમ નક્કી કરવા અને પીડિત પરિવારને આપવા માટે કહેવામાં આવ્યું છે. આ કેસમાં, સરકાર વતી સરકારી વકીલ શ્રી ગોવર્ધન પુરોહિતે ભારપૂર્વક વકીલાત કરી અને આરોપીને જેલના સળિયા પાછળ ધકેલી દીધો હતો.

PSI શ્રી અનિલ કુમાર ટી.કે.ની ઝીણવટભરી તપાસ, સીસીટીવી ફૂટેજ, ફોરેન્સિક રિપોર્ટ્સ અને જપ્ત કરાયેલા હથિયારે તેની સજાને મજબૂત કડી પૂરી પાડી હતી.

**(પહેલાં પાનાનું ચાલુ)**

**સંઘપ્રદેશમાં સનાતન...**

સહિત તમામ કથાઓ દરેક ગામે ગામ થવી જોઈએ, જેના કારણે યુવા પેઢીમાં સનાતન ધર્મનો પાયો મજબૂત થશે અને સંસ્કારના સિંચન પણ થશે. તેમણે યુવાનોનો સાથ-સહકાર અને મહાદેવની કૃપા રહેશે તો દમણના ગામે ગામ કથાના આયોજનનું બીડું ઝડપી લેવા પણ પોતાની તત્પરતા દર્શાવી હતી. વિશ્વ પ્રસિદ્ધ કથાકાર શ્રી મેહુલ બાપુએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, કથાના આયોજનનો વિચાર દરેકને નથી આવતો, પરંતુ જેમના ઉપર હરિની કૃપા રહે અને તેમના ભાગ્યમાં કથાનું આયોજન કરવાનું અને કથા સાંભળવાનું હશે તેમને જ આ સૌભાગ્ય પ્રાપ્ત થતું હોય છે. તેમણે શ્રી હરિશભાઈ પટેલ અને તેમના ધર્મપત્ની અને દમણ જિલ્લા પંચાયતના ઉપ પ્રમુખ શ્રીમતી રીનાબેન પટેલ પરિવારમાં રહેલા ભક્તિના સંસ્કારની ખુબ પ્રશંસા કરી હતી.

# દાનહ પ્રશાસન, ચૂંટણી વિભાગ દ્વારા સેલવાસ જામા મસ્જિદ ખાતે યોજાયેલ એસ.આઈ.આર. તાલીમ કાર્યક્રમનું સફળતાપૂર્વક સમાપન થયું





**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**સેલવાસ, તા.૧૬**

દાદરા નગર હવેલી પ્રશાસન, ચૂંટણી વિભાગ, એસ.આઈ.આર.(સ્પેશિયલ ઈન્ટેસીવ રીવીઝન) ટીમ દ્વારા તારીખ ૧૪/૦૬/૨૦૨૬ ના રોજ સેલવાસ જામા મસ્જિદના શ્રી મુસ્તાક અને શ્રી મજીદ લાધાણીના માર્ગદર્શન હેઠળ જામા મસ્જિદ વાપી રોડ, સેલવાસમાં મતદાર યાદી અપડેટ કરવા સંબંધિત એક મહત્વપૂર્ણ તાલીમ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનો ઉદ્દેશ્ય મતદાર યાદીને સરળ, પારદર્શક અને અસરકારક રીતે તૈયાર કરવાનો હતો. તેથી, ચૂંટણી વિભાગ, એસ.આઈ.આર. ટીમ દ્વારા તમામ રહેવાસીઓને એસ.આઈ.આર. સંબંધિત જરૂરી માહિતી પૂરી પાડવામાં આવી હતી.

આ તાલીમ કાર્યક્રમમાં, ચૂંટણી વિભાગ, એસ.આઈ.આર. અધિકારી શ્રી ધર્મેશભાઈ પટેલે મતદાર યાદીના ખાસ સઘન સુધારણા (એસ.આઈ.આર.), નવા મતદારોની નોંધણી, નામ સુધારણા, સ્થળાંતર અને ચૂંટણી પ્રક્રિયા સંબંધિત વિવિધ જોગવાઈઓ વિશે વિગતવાર જાણકારી આપવામાં આવી હતી.

ત્યારબાદ શ્રી મુસ્તાકે પોતાના સંબોધનમાં કાર્યક્રમમાં ઉપસ્થિત તમામ લોકોને એસ.આઈ.આર. કાર્યક્રમ હેઠળ આપવામાં આવેલા માર્ગદર્શનનું પાલન કરવા પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા તેમજ એસ.આઈ.આર. હેઠળ આપવામાં આવેલ તમામ જાણકારીની સૂચના તમામ મતદાતાઓ સુધી પહોંચાડવા માટે એસ.આઈ.આર. ટીમનો આભાર વ્યક્ત કરતા ઉપસ્થિત તમામ લોકોને મતદાર યાદીના આ કાર્ય પૂર્ણ કરવામાં સહયોગ કરવા અપીલ કરી હતી

દાદરા નગર હવેલીના તમામ મતદારોને અનુરોધ કરવામાં આવે છે કે તેઓ ખાતરી કરે કે તેમનું નામ, તેમના ગામ/રાજ્ય/જિલ્લા માટે ૨૦૦૨ અથવા ૨૦૦૩ની તારીખની અગાઉની એસ.આઈ.આર.મતદાર યાદીમાં શામેલ છે કે નહી? જો નામની માહિતી ઉપલબ્ધ ન હોય, તો મતદારો તેમના વિસ્તારના બૂથ લેવલ ઓફિસર (બીએલઓ)નો સંપર્ક કરી શકે છે, ચકાસણી માટે ચૂંટણી વિભાગની ઓફિસની મુલાકાત લઈ શકે છે, અથવા વેબસાઈટ પર જરૂરી વિગતો દાખલ કરીને તેમનું નામ શોધી શકે છે.

જો તેમનું નામ અગાઉની એસઆઈઆર-૨૦૦૨ અથવા ૨૦૦૩ની મતદાર યાદીમાં ન મળે, તો મતદારોએ તેમના માતા-પિતાના નામ ચકાસવાની જરૂર પડશે. જો તેમના માતાપિતાના નામ ચકાસી શકાતા નથી, તો મતદાર પાસે જરૂરી દસ્તાવેજો તૈયાર રાખવા પડશે.

આ દસ્તાવેજો પોતાના વિસ્તારના બીએલઓ અથવા ચૂંટણી વિભાગ, સેલવાસને સબમિટ કરવા આવશ્યક છે. જરૂરી દસ્તાવેજોમાં કેન્દ્ર/રાજ્ય સરકાર અથવા જાહેર ક્ષેત્રના ઉપક્રમોના નિયમિત કર્મચારીઓ/પેન્શનરોને જારી કરાયેલ ઓળખ કાર્ડ અથવા પેન્શન ચુકવણી ઓર્ડર, ૧ જુલાઈ, ૧૯૮૭ પહેલા જારી કરાયેલ ઓળખ કાર્ડ/પ્રમાણપત્રો, જન્મ પ્રમાણપત્રો, પાસપોર્ટ, મેટ્રિક અથવા શૈક્ષણિક પ્રમાણપત્રો, કાયમી રહેઠાણ પ્રમાણપત્રો, વન અધિકાર પ્રમાણપત્રો, ઓબીસી, એસસી, એસટી અથવા અન્ય જાતિ પ્રમાણપત્રો, રાષ્ટ્રીય નાગરિક રજિસ્ટર, કુટુંબ રજિસ્ટર અને સરકાર દ્વારા જારી કરાયેલ જમીન/મકાન ફાળવણી પ્રમાણપત્રોનો સમાવેશ થાય છે.

તમામ મતદારોને ખાસ વિનંતી કરવામાં આવે છે કે તેઓ બૂથ લેવલ ઓફિસર (બીએલઓ)ને તેમના ઘરની મુલાકાત લે ત્યારે સંપૂર્ણ સહકાર આપે, જેથી સુધારણા પ્રક્રિયા સુચારૂ રીતે હાથ ધરવામાં આવે સંપન્ન કરી શકાય.

આ સુધારણા પ્રક્રિયા લોકશાહી પ્રણાલીને મજબૂત બનાવવા અને મતદાર યાદી અપડેટ અને ત્રુટી રહિત થાય તેની ખાતરી કરવા તરફ એક મહત્વપૂર્ણ પગલું છે. તેથી, દાદરા નગર હવેલીના તમામ નાગરિકો પાસેથી સક્રિય ભાગીદારીની અપેક્ષા રાખવામાં આવે છે.

# સેલવાસમાં ભાજપા કિસાન મોરચા દ્વારા પ્રાકૃતિક ખેતી કાર્યશાળા યોજાઈ



**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**સેલવાસ, તા.૧૬**

દાદરા નગર હવેલી ભાજપા કિસાન મોરચા દ્વારા માર્ગદર્શન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ઓર્ગેનિક ખેતી પર વિશેષ ભાર આપવામાં આવ્યો હતો.

કિસાન મોરચાના પ્રદેશ પ્રમુખ શ્રી ઉત્તમભાઈ પટેલે કાર્યક્રમનો મુખ્ય હેતુ અને સજીવ ખેતીના લાભો અંગે વિસ્તૃત જાણકારી આપતા જણાવ્યું હતું કે, પુરાતનકાળની પરંપરાગત ખેતી પદ્ધતિઓ જેમ કે ગૌમૂત્ર, કમ્પોસ્ટ અને લીલુ ખાતર ધરતીની ઉપજક્ષમતા વધારી રોગોની તીવ્રતા ઘટાડે છે. આજે યુરિયા અને રાસાયણિક દવાઓનો ઉપયોગ વહેલો દેખાવ આપતો હોવા છતાં જમીન માટે દુષ્કૃત્યકારક સાબિત થઇ રહ્યો છે. તેથી સજીવ ખેતી તરફ વળવું આવશ્યક છે. પાલિકા પ્રમુખ શ્રી સોમનાથ દેવરેએ કેન્દ્ર સરકારની યોજનાઓ અને સજીવ ખેતી માટે ઉપલબ્ધ સહાયની માહિતી આપી તેમણે ખેડૂતોને આગ્રહ કર્યો કે સજીવ ખેતી પદ્ધતિ અપનાવવી અને સ્થાનિક કૃષિ સહાય કેન્દ્રો અને કિસાન વિજ્ઞાન કેન્દ્રની મદદ લેવી અને ખેતીવાડીના નિષ્ણાંતો પાસેથી માર્ગદર્શન લેવા જણાવ્યું હતું.

આ કાર્યક્રમમાં વિશેષ ચર્ચામાં સજીવ ખેતી વિશે મુખ્ય મુદ્દાઓમાં સજીવ અથવા ઓર્ગેનિક ખેતીમાં યૂરિયા અને કૃત્રિમ જંતુનાશક દ્રવ્યોનો ઉપયોગ ટાળો, કુદરતી ખાતર, કંપોસ્ટ, ગૌમૂત્ર અને લીલું ખાતર ઉપયોગમાં લેવું. જેનાથી આરોગ્ય માટે સુરક્ષિત ઉત્પાદન, માટીની ઊર્જા વધારવી, લાંબા ગાળાનો ખર્ચ ઘટાડવા, રોગપ્રતિરોધક ક્ષમતા વધારવી અને બજારમાં વધારે કિંમત પ્રાપ્ત થવી. પાણી અને માટીની સ્થિતિ વિસ્તારમાં જંગલી સમૃદ્ધિ હોવા છતાં કેટલીક જગ્યાએ પાણીની કમી જોવા મળે છે; સિંચાઈની યોગ્ય વ્યવસ્થા અને ચેકડેમ, કુવો વગેરેનું સંયોજન જરૂરી છે. ગામના યુવાનોને તાત્કાલિક ટ્રેનિંગથી જોડીને સેલ્ફ-હેલ્પ જૂથ બનાવવાં અને માર્કેટ લિંક સુનિશ્ચિત કરવી.

એક ખેડૂતે ૧ હેક્ટરમાં યૂરિયા ઉપયોગ કરતા હતા; હવે ૦.૨ હેક્ટર પર કોમ્પોસ્ટ અને ગૌમૂત્રથી પ્રયોગ કર્યા બાદ પાકની ગુણવત્તા અને માટીની પાણી ધરાવવાની ક્ષમતા વધતી નજર આવી અને કીટ નિયંત્રણમાં સુધારો પણ ઉભો થયો છે. કિસાન મોરચાના પ્રદેશ પ્રભારી શ્રી ધનસુખભાઈ પટેલે કેન્દ્ર સરકારની યોજનાઓ અને અન્ય રાજ્યોએ આપેલી સફળતાના ઉદાહરણોનો સંદર્ભ આપ્યો હતો. આ અવસરે કિસાન મોરચાના જિલ્લા પ્રમુખ શ્રી શંકરભાઈ પટેલ, પ્રદેશ પ્રભારી શ્રી ધનસુખભાઈ પટેલ, પ્રદેશ અધ્યક્ષ શ્રી ઉત્તમભાઈ પટેલ, પાલિકા પ્રમુખ શ્રી સોમનાથ દેવરે, જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતી નિશાબેન ભાવર, ઉપપ્રમુખ શ્રી વિનયભાઈ ગિભલ, સભ્ય શ્રીમતી મયુરીબેન પટેલ, શ્રી સુમનભાઈ પટેલ, મહામંત્રી શ્રી કિશનભાઈ પટેલ સહિત ખેડૂતો ઉપસ્થિત રહ્યા હતા.

# દાનહની ઉમરકુઈ ગુજરાતી પ્રાથમિક શાળામાં ધૂમધામથી ઉજવાયો શાળા પ્રવેશોત્સવ



**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**સેલવાસ, તા.૧૬**

દાદરા નગર હવેલી અને દમણ-દીવના પ્રશાસકશ્રી પ્રફુલભાઈ પટેલના માર્ગદર્શનમાં શિક્ષણ વિભાગ દ્વારા ઉમરકુઈ ગુજરાતી માધ્યમ પ્રાથમિક શાળામાં શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ કેન્દ્ર શાળા ફલાંડી અને અન્ય ઉપશાળાઓ સહિત ચાર સ્થળો પર આયોજન કરવામાં આવ્યું હતું. જેમા પ્રિ-પ્રાઈમરી અને ધોરણ-૧માં કુલ ૨૬૦ વિદ્યાર્થીઓનો પ્રવેશ સુનિશ્ચિત કરવામાં આવ્યો હતો.

ઉપસ્થિત અતિથિઓના હસ્તે દીપ પ્રાગટ્ય કરી અને સરસ્વતી વંદના સાથે કાર્યક્રમનો શુભારંભ કરવામાં આવ્યો હતો. ત્યારબાદ પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓને તિલક લગાવી અને શૈક્ષણિક કીટ આપી સ્વાગત કરવામાં આવતા વિદ્યાર્થીઓના ચહેરા ઉપર ખુશીની લહેર છવાઈ ગયેલી જોવા મળી હતી. ત્યારબાદ શાળાના વિદ્યાર્થીઓ દ્વારા સ્વાગત ગીત અને સાંસ્કૃતિક કાર્યક્રમ પ્રસ્તુત કરવામાં આવ્યો હતો. આ સાથે ધોરણ-૩થી ૮ અને ધોરણ-૧૦ અને ૧૨ બોર્ડની પરીક્ષામાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરનાર વિદ્યાર્થીઓને પણ સન્માનિત કરવામાં આવ્યા હતા. તે સમયે તાળીઓના ગડગડાટથી શાળા પરિસર ગુંજી ઉઠ્યું હતું. ત્યારબાદ અતિથિઓ દ્વારા શાળા પરિસરમાં વૃક્ષારોપણ કરી પર્યાવરણ સંરક્ષણનો સંદેશ આપ્યો હતો.

આ અવસરે મુખ્ય અતિથિ આઈઆરબીએન કમાન્ડન્ટ શ્રી મોહમ્મદ રફીક, આચાર્ય શ્રીમતી નિમિષાબેન દેસાઈ, સીઆરસી કો-ઓર્ડિનેટર શ્રી નેમિષભાઈ પટેલ, શ્રીમતી અનિતાબેન રોહિત, શ્રીમતી મનીષાબેન વાઘેરા, શ્રી વિકલભાઈ, શ્રીમતી સવિતાબેન પટેલ, શ્રીમતી મમતાબેન સંજયભાઈ ભુરકુંડ પંચાયત સભ્ય સહિત શાળાના શિક્ષકો વાલીઓ, વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## પર્યાવરણ સંરક્ષણ પ્રત્યે બાળકોને જાગૃત કરવા માટે

# દાનહમાં ચિત્રકલા સ્પર્ધાનું આયોજન કરાયું





**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**સેલવાસ, તા.૧૬**

હ્યુમન્સ ઓફ અર્થ એનજીઓ દ્વારા ઉઆર મેનેજમેન્ટના સહયોગ દ્વારા પાર્ક સીટી સોસાયટી સેલવાસમાં ૮ વર્ષ સુધીના બાળકો માટે ડ્રોઈંગ હરીફાઈનું આયોજન કરવામાં આવ્યું હતું. જેનો ઉદ્દેશ્ય બાળકોમા નાની ઉમરમાં જ પર્યાવરણ સંરક્ષણ પ્રત્યે જાગરૂક્તા વિકસિત કરવાનો છે. બાળકોએ ચિત્રાના માધ્યમથી સ્વચ્છ પર્યાવરણ, વૃક્ષારોપણ, જળ સંરક્ષણ અને પ્રકૃતિના મહત્ત્વને સુંદર રીતે પ્રસ્તુત કર્યુ હતું.

કાર્યક્રમ દરમિયાન બાળકોને પર્યાવરણ સંરક્ષણનો સંદેશ આપવામાં આવ્યો અને તેઓને પ્રકૃતિ પ્રત્યે સંવેદનશીલ બનવા માટે પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. હરીફાઈમાં બાળકોએ ઉત્સાહપૂર્વક ભાગ લઇ અને પોતાની રચનાત્મક પ્રતિભાનું પ્રદર્શન કર્યું હતું.

હ્યુમન ઓફ અર્થ એનજીઓ અને ઉઆર મેનેજમેન્ટ સમાજમાં પર્યાવરણ સંરક્ષણ અને સતત વિકાસને પ્રોત્સાહન આપવા માટે નિરંતર આવા જનજાગરૂક્તા કાર્યક્રમ આયોજીત કરતી રહે છે.

# દાનહની કિલવણી પ્રાથમિક શાળામાં શાળા પ્રવેશોત્સવની ઉજવણી કરાઈ



**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**સેલવાસ, તા.૧૬**

દાદરા નગર હવેલી અને દમણ-દીવના પ્રશાસકશ્રી પ્રફુલભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ જિલ્લા પંચાયત શિક્ષણ વિભાગ દ્વારા પ્રાથમિક ગુજરાતી અને અંગ્રેજી માધ્યમ શાળામાં શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પ્રિ-પ્રાઈમરી અને ધોરણ-૧માં પ્રવેશ મેળવી રહેલ બાળકો માટે શિક્ષણ કીટ, ટિફિન બોક્સ સહિતની વસ્તુઓ મુખ્ય અતિથિ જીત એન્ટરપ્રાઈઝ કંપનીના સંચાલક શ્રી તરુણ શર્મા, સરપંચ, સભ્યોના હસ્તે વિતરણ કરવામાં આવ્યું હતું.

દરમિયાન શાળાના બાળકો દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ પ્રસ્તૃત કરવામાં આવ્યો હતો. ત્યારબાદ નાના ભૂલકાંઓ અને ઉપસ્થિત મહેમાનોના હસ્તે વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. આ શાળાનાં ગુજરાતી માધ્યમના મુખ્ય શિક્ષક શ્રી જયેશભાઈ માહલા તથા અંગ્રેજી માધ્યમના મુખ્ય શિક્ષક શ્રી મુકેશભાઈ પટેલ તેમજ પટેલપાડા શાળાના મુખ્ય શિક્ષક શ્રી રમણભાઈ ઘાલનાયક તથા શિક્ષણ વિભાગના બીઆરપી અને સીઆરસી સાથેના તમામ શિક્ષકો દ્વારા કાર્યક્રમનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું.

# ધરમપુર મોટી ઢોલડુંગરી શાળામાં લોકશાહી મૂલ્યોનું સિંચન કરતી બાળ સાંસદ ચૂંટણી યોજાઈ





**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૧૬**

તા.૧૫/૬/૨૦૨૬ ને સોમવારના રોજ પ્રા. શાળા મોટી ઢોલડુંગરી ખાતે બાળકોમાં લોકશાહીના મૂલ્યોનું સિંચન કરતી બાળ સાંસદ ચૂંટણી યોજાઈ હતી.

શાળાના વિદ્યાર્થીઓમાં લોકશાહી પ્રત્યે જાગૃતિ કેળવાય અને મતદાન પ્રક્રિયાની વ્યવહારુ સમજ પ્રાપ્ત થાય તે હેતુથી બાળ સાંસદની ચૂંટણીનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું.

ચૂંટણીમાં મહામંત્રી પદના ઉમેદવારો વચ્ચે લોકશાહી ઢબે ચૂંટણી યોજાઈ હતી. સમગ્ર ચૂંટણી પ્રક્રિયાનું સંચાલન શાળાના વિદ્યાર્થીઓ દ્વારા જ કરવામાં આવ્યું હતું. મતદાર યાદી તૈયાર કરવાથી લઈને મતદાન, ઈવીએમની સંભાળ, મતગણતરી અને પરિણામ જાહેર કરવા સુધીની તમામ કામગીરી માટે વિદ્યાર્થીઓની અલગ-અલગ ટીમો રચવામાં આવી હતી. ધોરણ ૩ થી ૮ ના વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર પોતાના મતાધિકારનો ઉપયોગ કરી મતદાન કર્યું હતું. ચૂંટણી દરમિયાન મતદારોમાં અને ચૂંટણી સ્ટાફ તરીકે ફરજ બજાવતા વિદ્યાર્થીઓમાં વિશેષ ઉત્સાહ જોવા મળ્યો હતો. જેમાં મહામંત્રી તરીકે નૈતિકભાઈ શૈલેષભાઈ પટેલ તથા ઉપ મહામંત્રી તરીકે શ્રેયભાઈ નીતિનભાઈ પટેલ જંગી મતોથી વિજયી થયા હતા.

આ પ્રવૃત્તિ દ્વારા વિદ્યાર્થીઓને લોકશાહીના મૂળભૂત સિદ્ધાંતો, મતદાનનું મહત્વ, નાગરિકોની જવાબદારી તથા પારદર્શક ચૂંટણી પ્રક્રિયાની જીવંત સમજ પ્રાપ્ત થઈ હતી. શાળાના આચાર્ય તેમજ શિક્ષકમિત્રોએ વિદ્યાર્થીઓને લોકશાહી મૂલ્યોને જીવનમાં આત્મસાત કરવા પ્રેરણા આપી હતી. સમગ્ર કાર્યક્રમ સફળતાપૂર્વક સંપન્ન થતાં વિદ્યાર્થીઓમાં આનંદ અને ઉત્સાહનો માહોલ જોવા મળ્યો હતો.

# ઉમરગામના જંબુરી ખાતે પ્રાકૃતિક ખેતી તાલીમ યોજાઈ




**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૧૬**

વલસાડ જિલ્લાના ઉમરગામ તાલુકાના જંબુરી ગામમાં આત્મા પ્રોજેક્ટ દ્વારા પ્રાકૃતિક ખેતીની તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કોમ્યુનિટી રિસોર્સ પર્સન હેમલતાબેન પટેલ અને કૃષિ સખી પુષ્પાબેન ધોડીએ પ્રાકૃતિક ખેતી વિશે ખેડૂતોને માહિતગાર કર્યા હતા.

તેઓએ ખેડૂતોને સમજાવ્યું કે, પ્રાકૃતિક ખેતી એ કુદરતી રીતે ખેતી કરવાની એક પારંપરિક અને પર્યાવરણપ્રેમી પદ્ધતિ છે, જેમાં રાસાયણિક ખાતરો કે ઝેરી જંતુનાશકોના ઉપયોગ વગર, દેશી ગાયના ગૌમૂત્ર, છાણ, જીવામૃત અને બીજામૃત જેવા કુદરતી સ્રોતોથી પાક ઉગાડવામાં આવે છે. આ ખેતી જમીનની ઊર્વરક્તા, પાણીની ઘટતી ઉપલબ્ધિ, જીવવિવિધતા અને ખેડૂતોના આરોગ્યનું સંરક્ષણ કરતી હોય છે, સાથે જ ખર્ચ ઓછો કરીને ઉપજની ગુણવત્તા અને નફો બંનેમાં વધારો કરે છે, જે ખેતીને આત્મનિર્ભર, સસ્તી, સુસ્થિર અને પર્યાવરણમૈત્રી બનાવે છે, એટલે કે, પ્રાકૃતિક ખેતી માત્ર ખેતીની પદ્ધતિ નહિ, પણ માનવી અને પ્રકૃતિ વચ્ચેનું સહઅસ્તિત્વ જાળવતી જીવંત જીવનશૈલી છે. આ તાલીમ દ્વારા ખેડૂતોને પોતાના અનેક સવાલના જવાબ મળ્યા હતા.


**વાપી તથા આસપાસના ગામોની પ્રેસનોટ, જાહેર ખબર, અવસાન નોંધ, જન્મદિવસની શુભેચ્છાઓ સહિત અન્ય જાહેરાતો માટે સંપર્ક કરો**

**સંજય તાડા - 99244 66899**

**સુરેશ ઉમતિયા - 98259 89444**


# વલસાડના બિનવાડા ખાતે પુસ્તક પરિચયનો ૫૪મો મણકો સંપન્ન, પુસ્તક પ્રેમીઓએ વાંચનના અનુભવો વર્ણવ્યા

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા. ૧૬**



વલસાડ જિલ્લાના પુસ્તક પ્રેમીઓની જ્ઞાનયાત્રાનો ૫૪મો મણકો વલસાડ તાલુકાના બિનવાડા ગામમાં આવેલા સખ્યવાટિકા ખાતે ઉત્સાહભેર સંપન્ન થયો હતો. પુસ્તક પરિચય, વાંચનના અનુભવો અને પ્રવાસ વર્ણનથી સમૃદ્ધ બનેલા આ કાર્યક્રમમાં વિવિધ વયના વાંચકોએ ભાગ લઈ વાંચન પ્રેમનો સુંદર માહોલ સર્જ્યો હતો.

કાર્યક્રમની શરૂઆત વૈશાલી જોષીની પ્રાર્થના સાથે થઈ હતી. એડવોકેટ હાર્દિક પટેલે રામદાસ ગાંધીના 'સફર સૉલિસિટરની' પુસ્તકનો પરિચય કરાવી તેમના જીવનસંઘર્ષ અને કાયદાકીય ક્ષેત્રમાં પ્રાપ્ત કરેલી સફળતાની યાત્રા વિશે વાત રજૂ કરતી આત્મકથાનો પરિચય સાંભળવાનો આનંદ અનેરો રહ્યો હતો.

પ્રાથમિક શિક્ષણ મેળવતા આરૂષ જોષીએ સુધા મૂતિના લોકપ્રિય પુસ્તક "Grandma's Bag of Stories"નો બાળસહજ સુંદર, રસાળ શૈલીમાં પરિચય આપી સૌનું મન જીતી લીધુ હતું. કોલેજમાં અભ્યાસ કરતી ઋત્વિકા વણકરે "The Anxious Generation" અને "The Amazing Generation " પુસ્તકોના માધ્યમથી ડિજિટલ યુગમાં બાળકો અને કિશોરો સામે ઊભા થતા માનસિક પડકારો તથા તેના ઉપાયો અંગે પ્રકાશ પાડ્યો હતો.

અર્ચનાબેને લેખક જીતેશ દોંગાના પુસ્તક 'રામબાઈ'નો આસ્વાદ કરાવ્યો હતો. પુસ્તકના મર્મને સરળ અને રસપ્રદ રીતે રજૂ કર્યો હતો. કાર્યક્રમમાં પ્રવાસ વર્ણનને પણ સ્થાન આપવમાં આવ્યું હતું. ડો.આશા ગોહિલે પોતાના લદાખ પ્રવાસના અનુભવો સૌ સાથે વહેંચ્યા હતા. હિમાલયની ભવ્યતા, સરહદી વિસ્તારાનું જીવન, સૈનિકોનું સમર્પણ અને બૌદ્ધ સંસ્કૃતિ અંગેની માહિતીએ સૌને પ્રભાવિત કર્યા હતા. તેમણે જણાવ્યું કે, પ્રવાસ વ્યક્તિના જ્ઞાન અને દૃષ્ટિકોણને વિસ્તૃત બનાવે છે.

અંતમાં દીપકભાઈ મર્ચન્ટે How to Read વિષય પર માર્ગદર્શન આપતાં જણાવ્યું કે, વાંચન માત્ર માહિતી મેળવવાની પ્રક્રિયા નથી, પરંતુ સમજપૂર્વક વાંચવું, નોંધો તૈયાર કરવી, વિચારમંથન કરવું અને વાંચેલા વિચારોને જીવનમાં ઉતારવું એ પણ એટલું જ મહત્વપૂર્ણ છે. કાર્યક્રમમાં પુસ્તક વાંચન રસિયાઓની ઉપસ્થિતિથી કાર્યક્રમ પુસ્તકમય બની રહ્યો હતો.

વર્તમાન પ્રવાહ

તંત્રી લેખ

# રિફાઈનરી કંપનીઓ નફાની લાલચમાં માત્ર નિકાસને જ પ્રાથમિકતા ન આપે

## સરકારે ડીઝલ અને ATF પર એક્સપોર્ટ ડ્યુટીમાં વધારો કર્યો

કેન્દ્ર સરકાર દ્વારા પેટ્રોલિયમ ઉત્પાદનોના નિકાસ પર લેવાતા ટેક્સ (એક્સપોર્ટ ડ્યુટી)માં મહત્ત્વનો ફેરફાર કરવામાં આવ્યો છે. સરકાર દ્વારા ડીઝલ અને એવિએશન ટર્બાઈન ફ્યુઅલ (ATF એટલે કે વિમાનમાં વપરાતું ઈંધણ) પર લાગતી એક્સપોર્ટ ડ્યુટીમાં વધારો કરવામાં આવ્યો છે. આ નવીનતમ ફેરફાર આજથી એટલે કે 16 જૂન 2026થી જ અમલી બની ગયો છે. સરકારના નવા નિર્ણય અનુસાર, હવેથી ડીઝલની નિકાસ પર પ્રતિ લિટર 14 રૂપિયા સ્પેશિયલ એડિશનલ એક્સાઈઝ ડ્યુટી (SAED) વસૂલવામાં આવશે. આ સાથે જ, વિમાન ઈંધણ એટલે કે ATFની નિકાસ પર પ્રતિ લિટર 12.5 રૂપિયા SAED ચૂકવવી પડશે. જો કે, પેટ્રોલની નિકાસ પરના ટેક્સમાં કોઈ પણ પ્રકારનો ફેરફાર કરવામાં આવ્યો નથી. પેટ્રોલનો એક્સપોર્ટ રેટ પહેલાની જેમ જ પ્રતિ લિટર 1.5 રૂપિયા યથાવત રાખવામાં આવ્યો છે. આંતરરાષ્ટ્રીય બજારની સ્થિતિને ધ્યાનમાં રાખીને સરકારે સૌથી પહેલા 27 માર્ચ, 2026ના રોજ આ નિકાસ શુલ્ક લાગુ કર્યું હતું. વાસ્તવમાં, પશ્ચિમ એશિયા (વેસ્ટ એશિયા)માં ચાલી રહેલી કટોકટીના કારણે વૈશ્વિક બજારમાં ક્રૂડ ઓઈલ અને પેટ્રોલિયમ ઉત્પાદનોની માંગ તેમજ કિંમતોમાં ભારે ઉછાળો આવ્યો હતો. આવી સ્થિતિમાં રિફાઈનરી કંપનીઓ માટે સ્થાનિક બજારમાં ઈંધણ વેચવા કરતાં વિદેશમાં નિકાસ કરવું વધુ નફાકારક સાબિત થઈ રહ્યું હતું. આથી, રિફાઈનરી કંપનીઓ નફાની લાલચમાં માત્ર નિકાસને જ પ્રાથમિકતા ન આપે અને દેશની અંદર પેટ્રોલ, ડીઝલ કે ATFની અછત ઊભી ન થાય તે હેતુથી સરકારે આ પ્રતિબંધાત્મક પગલું ભર્યું છે. પેટ્રોલિયમ ઉત્પાદનો પર લાગતા આ ટેક્સ રેટ્સ કાયમી હોતા નથી, પરંતુ દર 15 દિવસે તેની કડક સમીક્ષા કરવામાં આવે છે. આ વખતે જાહેર કરાયેલા નવા રેટ્સ પણ છેલ્લા પખવાડિયા દરમિયાન આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઈલ અને પેટ્રોલિયમ પ્રોડક્ટ્સના સરેરાશ ભાવોને આધારે નક્કી કરવામાં આવ્યા છે. આ પૂર્વે છેલ્લે 1 જૂન, 2026ના રોજ આ રેટ્સમાં ફેરફાર કરવામાં આવ્યો હતો. આ નિર્ણયથી સામાન્ય નાગરિકોએ ચિંતા કરવાની કોઈ જરૂર નથી, કારણ કે આ ફેરફાર માત્ર વિદેશમાં મોકલવામાં આવતા (નિકાસ થતા) ઈંધણ પર જ લાગુ પડે છે. દેશના ઘરેલું બજારમાં વેચાતા પેટ્રોલ અને ડીઝલ પરની એક્સાઈઝ ડ્યુટીમાં કોઈ જ ફેરફાર કરવામાં આવ્યો નથી. આનો અર્થ એ થાય કે તમારા શહેરના પેટ્રોલ પંપ પર મળતા ઈંધણના ભાવો પર આ નિર્ણયની કોઈ જ અસર નહીં થાય અને કિંમતો સ્થિર રહેશે.



### કોંગ્રેસને તૈયારી માટે ઓછો સમય આપવાના ઈરાદાથી

# ઉત્તર પ્રદેશ, પંજાબ સહિત ૪ રાજ્યોમાં સમય પહેલાં વહેલી વિધાનસભા ચૂંટણી યોજવા ભાજપ તલપાપડ

## ભાજપ હાઈકમાન્ડ દ્વારા વિધાનસભા ચૂંટણીની તૈયારીઓ તેજ કરવાના આપવામાં આવ્યા આદેશ

(સંપૂર્ણ સમાચાર સેવા)
**નવી દિલ્હી,તા.૧૬**

ભાજપ હાઈકમાન્ડ દ્વારા ઉત્તર પ્રદેશ, પંજાબ, ઉત્તરાખંડ અને ગોવા જેવા મહત્ત્વના રાજ્યોમાં ચૂંટણીની તૈયારીઓ તેજ કરવાના આદેશ આપવામાં આવ્યા છે. દેશમાં યોજાનારી આગામી વસ્તીગણતરી સાથે તારીખોનો કોઈ ટકરાવ ન થાય તે માટે આ રાજ્યોમાં વિધાનસભા ચૂંટણી નિર્ધારિત સમય કરતાં થોડા અઠવાડિયા વહેલી યોજાઈ શકે તેવી પૂરેપૂરી શક્યતા છે. આ સ્થિતિ વચ્ચે ભાજપ નેતૃત્વ એક્શન મોડમાં આવી ગયું છે અને તમામ રાજ્યોના કોર ગ્રુપને અત્યારથી જ પ્રચાર અને રણનીતિ પર કામ શરૂ કરવા કહી દેવાયું છે.

ફેબ્રુઆરી ૨૦૨૭માં દેશભરમાં વસ્તીગણતરીના બીજા તબક્કાની શરૂઆત થવા જઈ રહી છે. આ તબક્કામાં જાતિગત વસ્તીગણતરી માટે સામાજિક, આર્થિક, શૈક્ષણિક અને પ્રજનન દર સંબંધિત મહત્ત્વના આંકડાઓ એકત્રિત કરવામાં આવશે. ચૂંટણી અને વસ્તીગણતરી બંને ખૂબ જ વિશાળ પ્રક્રિયાઓ છે અને તેમાં મોટા પાયે સરકારી કર્મચારીઓ તથા સંસાધનોની જરૂર પડે છે. મોટેભાગે બંને કામોમાં એક જ સ્ટાફ ફરજ બજાવતો હોવાથી વહીવટી મુશ્કેલીઓ ઊભી થઈ શકે છે.

આ જ વહીવટી તકલીફોથી બચવા માટે ઉત્તર પ્રદેશ, ગોવા અને પંજાબમાં ચૂંટણી થોડા અઠવાડિયા વહેલી યોજવાનું આયોજન હોઈ શકે છે. બીજી તરફ, ઉત્તરાખંડ ભાજપ ઈચ્છે છે કે ત્યાં ચૂંટણી હજુ થોડી વધુ વહેલી કરાવી લેવામાં આવે. આ સિવાય આગામી વર્ષની શરૂઆતમાં મણિપુરમાં પણ ચૂંટણી થવાની છે, જ્યાંની વર્તમાન સ્થિતિ અને તણાવ પર હાઈકમાન્ડ બારીકાઈથી નજર રાખી રહ્યું છે.

### ફેબ્રુઆરી ૨૦૨૭માં દેશભરમાં વસ્તીગણતરીના બીજા તબક્કાની શરૂઆત થવા જઈ રહી છે ત્યારે મોટેભાગે બંને કામોમાં એક જ સ્ટાફ ફરજ બજાવતો હોવાથી વહીવટી મુશ્કેલીઓ ઊભી થઈ શકે છે

પાર્ટીના એક વરિષ્ઠ નેતાના જણાવ્યા અનુસાર, ભાજપ પશ્ચિમ બંગાળની તાજેતરની ચૂંટણીમાં મળેલી જીતના વાતાવરણનો સીધો લાભ લેવા માંગે છે. પક્ષના મોટાભાગના નેતાઓનું માનવું છે કે પશ્ચિમ બંગાળમાં મળેલી આ જીત પાછળ 'હિંદુ ધ્રુવીકરણ' એક મુખ્ય પરિબળ રહ્યું હતું. ભાજપને આશા છે કે આ જ ફેક્ટર ઉત્તર પ્રદેશ અને ઉત્તરાખંડમાં પણ પક્ષને મોટો ફાયદો કરાવી શકે છે. આ જ કારણે તમામ પ્રદેશ એકમોને આ વિજયી લય જાળવી રાખવા માટે સખત મહેનત કરવા સૂચના આપવામાં આવી છે.

ઉત્તર પ્રદેશને બાદ કરતાં બાકીના ચૂંટણી રાજ્યોમાં કોંગ્રેસ હજુ પણ ભાજપ સામે મુખ્ય વિરોધ પક્ષ તરીકે ઊભી છે.

ભાજપના સૂત્રો માને છે કે દક્ષિણ ભારતના તાજેતરના રાજકીય ઘટનાક્રમોથી કોંગ્રેસના કાર્યકરોમાં નવો ઉત્સાહ આવ્યો છે. જો ચૂંટણી વહેલી યોજાય, તો વિપક્ષી પક્ષોને ચૂંટણી પ્રચાર અને રણનીતિ ઘડવા માટે બહુ ઓછો સમય મળશે, જેનો સીધો ફાયદો ભાજપને મળી શકે છે.

તમિલનાડુમાં પણ કોંગ્રેસે જોસેફ વિજયની પાર્ટી TVK સાથે મળીને સરકાર બનાવી છે. આ ઉપરાંત કર્ણાટકમાં સત્તાનું સુચારુ પરિવર્તન કરીને સિદ્ધારમૈયાની જગ્યાએ ડી.કે. શિવકુમારને મુખ્યમંત્રી બનાવવામાં આવ્યા છે. આ તમામ મજબૂત સ્થિતિને કારણે કોંગ્રેસ નવા ગઠબંધન કરવા માટે વધુ ઉત્સાહમાં છે, તેથી ભાજપ નેતૃત્વ વિપક્ષના આ પડકારને બિલકુલ હળવાશથી લેવા માંગતું નથી.

આમ આદમી પાર્ટી (AAP)ના સંયોજક અરવિંદ કેજરીવાલે પણ પંજાબના એક કાર્યક્રમ દરમિયાન આશંકા વ્યક્ત કરી હતી કે રાજ્યમાં ચૂંટણી સમય કરતાં વહેલી એટલે કે નવેમ્બર મહિનામાં જ યોજાઈ શકે છે. જોકે, વર્ષ ૨૦૦૪ની લોકસભા ચૂંટણીમાં વહેલી ચૂંટણી કરાવવાના કારણે થયેલા નુકસાનના ઈતિહાસને જોતાં ભાજપ સામાન્ય રીતે આવા નિર્ણયોથી બચે છે. પરંતુ પંજાબ ભાજપના એક નેતાના જણાવ્યા મુજબ, વસ્તીગણતરી અને વહીવટી કારણોને જોતાં ચૂંટણી થોડી વહેલી ઠેલાઈ શકે છે. આથી કેન્દ્રીય નેતૃત્વએ સ્પષ્ટ વિજયના લક્ષ્ય સાથે તમામ સ્તરે તૈયાર રહેવા આદેશ આપ્યા છે.

### મહારાષ્ટ્રના રાજકારણમાં ફરી ભૂકંપના સંકેત

# માતોશ્રીની મહત્ત્વની બેઠક અને સાંસદોની ગેરહાજરી

## ઉદ્ધવ જૂથના એક સાંસદ અને એકનાથ શિંદે જૂથના કેન્દ્રીય મંત્રી વચ્ચે દિલ્હીમાં થયેલી મુલાકાતે રાજકીય ગરમાવો વધારી દીધો છે



(સંપૂર્ણ સમાચાર સેવા)
**મહારાષ્ટ્ર,તા.૧૬**

મહારાષ્ટ્રના રાજકારણમાં ફરી એકવાર મોટા ઉલટફેરના સંકેતો મળી રહ્યા છે. ઉદ્ધવ ઠાકરેની શિવસેના (ઉદ્ધવ જૂથ)ના સાંસદો પક્ષ બદલશે તેવી અટકળો વચ્ચે એક ચોંકાવનારી વિગત સામે આવી છે. ઉદ્ધવ જૂથના એક સાંસદ અને એકનાથ શિંદે જૂથના કેન્દ્રીય મંત્રી વચ્ચે દિલ્હીમાં થયેલી મુલાકાતે રાજકીય ગરમાવો વધારી દીધો છે.

અહેવાલો અનુસાર, તાજેતરમાં જ પક્ષના વડા ઉદ્ધવ ઠાકરે દ્વારા મુંબઈ સ્થિત તેમના નિવાસસ્થાન 'માતોશ્રી' ખાતે સાંસદોની એક મહત્ત્વની બેઠક બોલાવવામાં આવી હતી. ઉદ્ધવ ઠાકરે સેના પાસે હાલમાં લોકસભાના કુલ ૯ સાંસદો છે. જોકે, આ બેઠકમાં માત્ર ૪ સાંસદો જ રૂબરૂ હાજર રહ્યા હતા. જ્યારે બાકીના ૫ સાંસદો વીડિયો કોન્ફરન્સના માધ્યમથી જોડાયા હોવાનો દાવો પાર્ટી દ્વારા કરવામાં આવ્યો હતો. આ આંકડાએ પક્ષમાં બધું બરાબર ન હોવાની ચર્ચાઓને વેગ આપ્યો છે.

યવતમાલ-વાશિમ બેઠકના ઉદ્ધવ જૂથના સાંસદ સંજય દેશમુખ માતોશ્રીની બેઠકમાં રૂબરૂ જવાને બદલે દિલ્હી પહોંચ્યા હતા. તેમણે દિલ્હીમાં શિંદે સેનાના વરિષ્ઠ નેતા અને કેન્દ્રીય મંત્રી પ્રતાપ જાધવ સાથે મુલાકાત કરી હતી. સંજય દેશમુખે માતોશ્રીની બેઠકમાં દિલ્હીથી જ ઓનલાઈન હાજરી આપી હતી.

આ મુલાકાત અંગે કેન્દ્રીય મંત્રી પ્રતાપ જાધવે સ્પષ્ટતા કરતા જણાવ્યું હતું કે, 'સંજય દેશમુખ યવતમાળ જિલ્લામાં એક શૈક્ષણિક સંસ્થા ધરાવે છે. તેમને સંસ્થાના કામકાજ અંગે થોડી માહિતી જોઈતી હતી. હું દિલ્હીમાં હોવાથી તેઓ સવારે અહીં આવ્યા હતા. અમે સાથે ચા પીધી અને સામાન્ય વાતચીત કરી હતી.' જાધવે આને એક નિયમિત અને બિન-રાજકીય મુલાકાત ગણાવી હતી.

રાજકીય વર્તુળોમાં વહેતી થયેલી ચર્ચાઓ મુજબ, ઉદ્ધવ ઠાકરે સેનાના ૯ માંથી ૭ સાંસદો શિંદે જૂથના સંપર્કમાં છે અને તેઓ ટૂંક સમયમાં પક્ષ બદલી શકે છે. જોકે, આ અટકળોને ઉદ્ધવ જૂથના વરિષ્ઠ નેતા અને રાજ્યસભા સાંસદ સંજય રાઉતે સખત શબ્દોમાં નકારી કાઢી છે. રાઉતે આ તમામ ચર્ચાઓને માત્ર 'અફવા' ગણાવીને ઉમેર્યું હતું કે પક્ષના વડા તમામ સાંસદો સાથે સતત સંપર્કમાં છે.

મહારાષ્ટ્રના રાજકીય નિષ્ણાતોના મતે, જો ઉદ્ધવ જૂથના સાંસદોએ ગેરલાયક ઠરવામાંથી બચવું હોય, તો પક્ષપલટા વિરોધી કાયદા મુજબ કુલ ૯ માંથી ઓછામાં ઓછા ૬ સાંસદોએ એકસાથે અલગ થવું પડે. આ શરત પૂરી કર્યા પછી જ તેઓ કાયદાકીય રીતે બીજા કોઈ પક્ષમાં ભળી શકે તેમ છે. હાલ પૂરતું તો કોઈ સાંસદે સત્તાવાર રીતે પક્ષ બદલવાની જાહેરાત કરી નથી, પરંતુ દિલ્હીમાં થયેલી આ 'ચા-પાણી'ની મુલાકાતે મહારાષ્ટ્રના રાજકારણમાં આગામી દિવસોમાં મોટો ગરમાવો લાવી દીધો છે.

### સત્તાભૂખ્યા TMCના ૨૦ સાંસદોનો બળવો

# લોકસભા સ્પીકર ઓમ બિરલાએ મમતા બેનર્જી જૂથને પક્ષ રજૂ કરવા આપ્યું આમંત્રણ



**માત્ર એક રાજકીય પક્ષ જ બીજા રાજકીય પક્ષ સાથે ભળી શકે છે, માત્ર સાંસદો કે ધારાસભ્યો પોતાની મેળે કોઈ પક્ષ સાથે મર્જર ન કરી શકેઃ બંધારણીય નિષ્ણાત અને લોકસભાના પૂર્વ સેક્રેટરી જનરલ પીડીટી આચારી**

(સંપૂર્ણ સમાચાર સેવા)
**પ.બંગાળ,તા.૧૬**

તૃણમૂલ કોંગ્રેસ(TMC)ના બળવાખોર સાંસદો દ્વારા એક અજાણ્યા પક્ષ 'નેશનાલિસ્ટ સિટિઝન્સ પાર્ટી ઓફ ઈન્ડિયા' (NCPI) સાથે વિલય (મર્જર) કરવાની યોજનાને ચૂંટણી પંચના પૂર્વ અધિકારીએ એક 'અનોખો પ્રયોગ' (ઈનોવેશન) ગણાવ્યો છે. આ પ્રકારના વિલયનો પક્ષપલટા વિરોધી કાયદા (એન્ટી-ડિફેક્શન લૉ) કે લોકપ્રતિનિધિત્વ અધિનિયમ (રિપ્રેઝન્ટેશન ઑફ ધ પીપલ ઍક્ટ)માં કોઈ ઉલ્લેખ નથી.

બંધારણીય નિષ્ણાત અને લોકસભાના પૂર્વ સેક્રેટરી જનરલ પીડીટી આચારીએ બંધારણની ૧૦મી અનુસૂચિના પેરેગ્રાફ ૪નો હવાલો આપતાં સ્પષ્ટ કર્યું કે, માત્ર એક રાજકીય પક્ષ જ બીજા રાજકીય પક્ષ સાથે ભળી શકે છે, માત્ર સાંસદો કે ધારાસભ્યો પોતાની મેળે કોઈ પક્ષ સાથે મર્જર ન કરી શકે. જો પક્ષના હાઈકમાન્ડ વિલયનો નિર્ણય લે, તો જ સાંસદોએ તેને માનવો પડે છે.

સૂત્રોના જણાવ્યા અનુસાર, લોકસભા સ્પીકર ઓમ બિરલા આ બળવાખોર જૂથને અલગ પક્ષ તરીકે માન્યતા આપવી કે નહીં તે અંગેનો આખરી નિર્ણય લેતા પહેલાં બળવાખોર સાંસદો અને મમતા બેનર્જીના નેતૃત્વ હેઠળના મૂળ TMC પક્ષ, બંનેની દલીલો સાંભળશે. સ્પીકરની ઑફિસ દ્વારા મમતા બેનર્જીના જૂથને ઈમેઈલ મોકલીને તેમનો સત્તાવાર પક્ષ અને અભિપ્રાય પણ માંગવામાં આવ્યો છે.

### માત્ર સાંસદો કે ધારાસભ્યો પોતાની મેળે કોઈ પક્ષ સાથે મર્જર ન કરી શકે. જો પક્ષના હાઈકમાન્ડ વિલયનો નિર્ણય લે, તો જ સાંસદોએ તેને માનવો પડે છે

સંસદના સૂત્રોના જણાવ્યા મુજબ, બળવાખોર નેતાઓની અલગ જૂથ તરીકે માન્યતા મેળવવાની માંગ પર સ્પીકર ઓમ બિરલા કાયદાકીય અભિપ્રાય (લીગલ ઓપિનિયન) લેશે. આ માટે કેન્દ્રીય કાયદા મંત્રાલયની લેખિત સલાહ માંગવામાં આવશે, જે વરિષ્ઠ કાયદા અધિકારી સાથે ચર્ચા કરીને પોતાનો રિપોર્ટ આપશે.

કાયદાકીય સલાહ એટલા માટે લેવામાં આવી રહી છે જેથી ભવિષ્યમાં જો સ્પીકરના નિર્ણયને કોર્ટમાં પડકારવામાં આવે, તો તે ન્યાયિક તપાસમાં ટકી શકે. આ અંગેનો અંતિમ નિર્ણય જુલાઈના ત્રીજા સપ્તાહમાં શરૂ થનારા સંસદના ચોમાસુ સત્ર (મોનસૂન સેશન) પહેલાં લઈ લેવામાં આવશે.

TMCમાં રાજકીય કટોકટી રવિવારે ત્યારે વધુ ઘેરી બની જ્યારે બળવાખોર સાંસદોએ NCPI સાથે વિલયની જાહેરાત કરી અને સ્પીકર ઓમ બિરલાને મળીને લોકસભામાં બેસવા માટે



અલગ વ્યવસ્થા કરવાની માંગ કરી. બળવાખોર સાંસદ કાકોલી ઘોષ દસ્તીદારે દાવો કર્યો છે કે TMCના બે તૃતીયાંશ એટલે કે ૨૦ સાંસદોએ આ પત્ર પર સહી કરી છે. તેમણે એમ પણ જણાવ્યું કે, તેઓ NCPIમાં ભળીને કેન્દ્રમાં NDA સરકારને ટેકો આપશે.

ઉલ્લેખનીય છે કે, ચૂંટણી પંચના રેકોર્ડ મુજબ NCPI પક્ષની નોંધણી જાન્યુઆરી ૨૦૨૩માં થઈ હતી અને પશ્ચિમ બંગાળના હાવડા જિલ્લાના શંકરાઈલની એક ઈમારત તેનું સત્તાવાર સરનામું છે, પરંતુ રાષ્ટ્રીય રાજકારણમાં આ પક્ષનો પ્રભાવ નહિવત છે.

## સરકારનો મોટો નિર્ણય : ડોક્ટરના પ્રિસ્ક્રિપ્શન વગર નહીં મળે કફ સિરપ

**આરોગ્ય મંત્રાલય દ્વારા લેવાયેલું આ પગલું દવાના વ્યવસાયમાં પારદર્શિતા લાવવાની દિશામાં એક મોટું પરિવર્તન સાબિત થશે**



(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી,તા.૧૬**

ભારતમાં કફ સિરપના વધતા જતા ગેરકાયદેસર વેચાણ અને તેના કારણે થતા ગંભીર સ્વાસ્થ્ય જોખમોને રોકવા માટે કેન્દ્રીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયે એક મહત્વપૂર્ણ અને કડક નિર્ણય લીધો છે. હવેથી, કોઈપણ પ્રકારનું કફ સિરપ ડૉક્ટરના માન્ય પ્રિસ્ક્રિપ્શન વિના મેડિકલ સ્ટોર્સ પર ઉપલબ્ધ રહેશે નહીં. સરકારના આ પગલાનો મુખ્ય ઉદ્દેશ્ય બાળકોની સલામતી સુનિશ્ચિત કરવાનો અને દવાઓના દુરુપયોગને અટકાવવાનો છે.

કેન્દ્રીય મંત્રાલયે 'ડ્રગ્સ (પાંચમો સુધારો) નિયમો, ૨૦૨૬' બહાર પાડ્યા છે. આ સુધારા અંતર્ગત 'શેડ્યૂલ K' માંથી 'સિરપ' શબ્દને દૂર કરવામાં આવ્યો છે, જેનો સ્પષ્ટ અર્થ એ છે કે હવે કોઈપણ સિરપ ઓવર-ધ-કાઉન્ટર (OTC) વેચી શકાશે નહીં. જો કોઈ મેડિકલ સ્ટોર સંચાલક પ્રિસ્ક્રિપ્શન વગર સિરપનું વેચાણ કરતા પકડાશે, તો તેમની સામે કડક કાયદાકીય કાર્યવાહી કરવામાં આવશે અને તેમનું લાયસન્સ પણ રદ કરી દેવામાં આવશે.

તાજેતરના સમયમાં મધ્યપ્રદેશ અને રાજસ્થાન જેવા રાજ્યોમાં કફ સિરપના સેવનથી બાળકોના મૃત્યુના દુખદ કિસ્સાઓ પ્રકાશમાં આવ્યા હતા. આ ઘટનાઓએ સમગ્ર દેશમાં ચિંતા જગાવી હતી. આરોગ્ય સચિવ પુણ્ય સલિલા શ્રીવાસ્તવના નેતૃત્વમાં દેશભરના ૨૦૦થી વધુ આરોગ્ય અધિકારીઓની એક ઉચ્ચસ્તરીય બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં સ્પષ્ટ કરવામાં આવ્યું હતું કે દવાઓની ગુણવત્તા અને વેચાણમાં કોઈપણ સ્તરે બેદરકારી સહન કરવામાં આવશે નહીં.

આગામી સમયમાં, દેશભરની ફાર્માસ્યુટિકલ ફેક્ટરીઓ અને દવાના સ્ટોર્સનું સઘન નિરીક્ષણ કરવામાં આવશે. સરકાર દરેક સ્તરે જવાબદારી નક્કી કરી રહી છે જેથી ભેળસેળયુક્ત કે અનધિકૃત દવાઓ બજાર સુધી ન પહોંચે. આ નવા આદેશ બાદ તમામ રાજ્યોના આરોગ્ય વિભાગોને કડક સૂચનાઓ આપવામાં આવી છે કે તેઓ તેમના વિસ્તારમાં આ નિયમોનું ચુસ્તપણે પાલન કરાવે.

આ નિર્ણયથી સામાન્ય નાગરિકોને થોડી અગવડતા પડી શકે છે, પરંતુ જાહેર આરોગ્યના હિતમાં અને ખાસ કરીને બાળકોના જીવ બચાવવા માટે આ એક અનિવાર્ય પગલું માનવામાં આવે છે.

આરોગ્ય મંત્રાલય દ્વારા લેવાયેલું આ પગલું દવાના વ્યવસાયમાં પારદર્શિતા લાવવાની દિશામાં એક મોટું પરિવર્તન સાબિત થશે. હવે લોકોએ દવા ખરીદતા પહેલા ડૉક્ટરની સલાહ લેવી અનિવાર્ય બની જશે, જે સુરક્ષિત આરોગ્ય માટે અત્યંત જરૂરી છે.

### શર્મિલા સરકારને પણ મળી શકે છે મંત્રી પદ

## ભાજપ અને RSSની મહત્ત્વની બેઠક યોજાઈ

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૧૬**

તૃણમૂલ કોંગ્રેસ(TMC) માંથી બળવો કરનારા સિનિયર સાંસદ સુદીપ બેનર્જી આગામી સમયમાં કેન્દ્ર સરકારમાં મંત્રી બને તેવી પ્રબળ શક્યતા છે. હાલમાં જ TMCના બળવાખોર સાંસદો એક નવી રાજકીય પાર્ટી 'NCPI'માં જોડાયા છે અને લોકસભા સ્પીકર ઓમ બિરલા આ વિલય(મર્જર)ને સત્તાવાર મંજૂરી આપે તેની રાહ જોઈ રહ્યા છે. સુદીપ બેનર્જી અગાઉ મમતા બેનર્જીના ખૂબ જ વફાદાર નેતા હતા અને તેઓ અગાઉની યુપીએ-૨ સરકારમાં પણ મંત્રી તરીકે કામ કરી ચૂક્યા છે.

રાજકીય ચર્ચાઓ મુજબ, બર્ધવાન પૂર્વ બેઠકના બળવાખોર સાંસદ શર્મિલા સરકારને પણ કેન્દ્ર સરકારમાં રાજ્યકક્ષાના (જૂનિયર) મંત્રી બનાવવામાં આવી શકે છે. જોકે, આ અંગે શર્મિલા સરકારે પોતે અજાણતા વ્યક્ત કરી છે. તેમણે ટેલિફોનિક વાતચીતમાં જણાવ્યું હતું કે, 'આ બધી વાતો માત્ર મીડિયામાં ચાલી રહી છે, મને હજુ સુધી પક્ષ તરફથી આવી કોઈ માહિતી આપવામાં આવી નથી.'

લોકસભા સ્પીકરની મંજૂરી મળતાની સાથે જ 'NCPI' પક્ષ ૨૦ લોકસભા સાંસદો સાથે ભાજપ પછી એનડીએ ગઠબંધનમાં બીજો સૌથી મોટો પક્ષ બની જશે. હાલમાં એનડીએમાં ચંદ્રબાબુ નાયડુની ટીડીપી(TDP) પાસે ૧૬ અને નીતીશ કુમારની જેડીયુ(JDU) પાસે ૧૨ સાંસદો છે અને આ બંને પક્ષો પાસે સરકારમાં એક કેબિનેટ અને એક રાજ્યકક્ષાના મંત્રી પદ છે. વિલય બાદ આ નવી પાર્ટીના સાંસદો માટે પણ મંત્રી બનવાના દ્વાર ખુલી જશે. સત્તાવાર નોટિફિકેશન હજુ બહાર પડ્યું નથી, પરંતુ સૂત્રોના જણાવ્યા મુજબ સ્પીકર ઓમ બિરલાએ આ વિલયને સૈદ્ધાંતિક મંજૂરી આપી દીધી છે.

ગઈકાલે સોમવારે સાંજે સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહના ઘરે ભાજપના વરિષ્ઠ નેતાઓ અને આરએસએસના હોદ્દેદારોની એક મહત્ત્વની બેઠક યોજાઈ હતી, જેમાં ગૃહમંત્રી અમિત શાહ અને વરિષ્ઠ નેતા નીતિન નબીન પણ હાજર હતા.

સૂત્રોના જણાવ્યા મુજબ, આ બેઠકમાં સરકાર અને સંગઠનમાં આગામી સમયમાં થનારા સંભવિત ફેરફારો અંગે ચર્ચા કરવામાં આવી હતી. ભાજપના સૂત્રોએ એવો પણ સંકેત આપ્યો છે કે સુદીપ બેનર્જી મંત્રી પદની ખાતરી મળ્યા બાદ જ આ જૂથમાં જોડાવા માટે તૈયાર થયા છે. આ સિવાય, સંસદ સંકુલમાં નવી પાર્ટી NCPIને ઑફિસ ફાળવવામાં આવે તે માટે સ્પીકર ઓમ બિરલા સમક્ષ સત્તાવાર અરજી પણ કરી દેવામાં આવી છે. બીજી તરફ, કોંગ્રેસ પક્ષે આ આખી પ્રક્રિયા પાછળ ગૃહમંત્રી અમિત શાહનો હાથ હોવાનો આક્ષેપ કર્યો છે. કોંગ્રેસના મહાસચિવ જયરામ રમેશે 'X' પર પોસ્ટ કરીને જણાવ્યું કે, આ બધું લોકસભામાં એનડીએ માટે બે તૃતિયાંશ બહુમતી મેળવવાની વ્યૂહનીતિના ભાગરૂપે કરવામાં આવી રહ્યું છે. તેમણે ટીડીપી અને જેડીયુ જેવા જૂના પક્ષો પર કટાક્ષ કરતાં કહ્યું કે, લોકશાહીના મૂલ્યોને નુકસાન પહોંચાડીને એક અજાણી પાર્ટીને તેમના કરતાં મોટી બનાવવામાં આવી રહી છે, જેની સામે તેમણે વિરોધ કરવો જોઈએ.

### ૩૦ જૂન સુધી આ ફીચર કામ નહીં કરે

# NEETની પરીક્ષા ન થાય ત્યાં સુધી ભારતમાં ટેલિગ્રામ પર પ્રતિબંધ

**આ ફીચરનો દુરુપયોગ કરીને નકલી 'પેપર લીક' થયાનો ખોટો ભ્રમ ઊભો કરતા હતા**

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૧૬**

પરીક્ષાઓમાં પેપર લીક અને ગેરરીતિઓ રોકવા કેન્દ્ર સરકારે કડક પગલું ભરીને દેશભરમાં ટેલિગ્રામ (Telegram) એપ પર ૨૨ જૂન, ૨૦૨૬ સુધી હંગામી પ્રતિબંધ મૂક્યો છે. આગામી ૨૧ જૂન, ૨૦૨૬ના રોજ યોજાનારી NEET (UG) 2026ની પુનઃપરીક્ષાને સુરક્ષિત રાખવા અને નકલખોરીનું નેટવર્ક તોડવા માટે નેશનલ ટેસ્ટિંગ એજન્સી (NTA)એ ભલામણ કરી હતી. આ ભલામણના આધારે ઇલેક્ટ્રોનિક્સ અને આઈટી મંત્રાલયે આ મોટો નિર્ણય લીધો છે, જેને NTA દ્વારા પણ આવકારવામાં આવ્યો છે. નેશનલ ટેસ્ટિંગ એજન્સી (NTA) દ્વારા બહાર પાડવામાં આવેલા સત્તાવાર નિવેદન અનુસાર, ઇલેક્ટ્રોનિક્સ અને ઇન્ફોર્મેશન ટેક્નોલોજી મંત્રાલય (MeitY) દ્વારા ઇન્ફોર્મેશન ટેક્નોલોજી એક્ટ, ૨૦૦૦ની કલમ 69A હેઠળ મળેલી કટોકટીની સત્તાઓનો ઉપયોગ કરીને આ પ્લેટફોર્મ પર કડક અને સમયબદ્ધ નિયંત્રણો લાગુ કરવામાં આવ્યા છે.

કેન્દ્ર સરકારના નવા આદેશ અનુસાર, ભારતમાં ટેલિગ્રામ પર ૩૦ જૂન, ૨૦૨૬ સુધી જૂના મેસેજ સુધારવાનું (એડિટ કરવાનું) ફીચર બંધ કરી દેવામાં આવ્યું છે. અત્યાર સુધી નકલખોરી કરતા તત્વો અને ચીટિંગ રેકેટ્સ પરીક્ષા પૂરી થયા પછી આ ફીચરનો દુરુપયોગ કરીને નકલી 'પેપર લીક' થયાનો ખોટો ભ્રમ ઊભો કરતા હતા.

આ છેતરપિંડી અંતર્ગત ટેલિગ્રામ ચેનલના એડમિન અગાઉ મોકલેલા કોઈ સામાન્ય મેસેજને એડિટ કરીને તેની અંદર ઓરિજિનલ પ્રશ્નપત્રની PDF ફાઈલ અપલોડ કરી દેતા હતા. આ પ્રક્રિયામાં મેસેજનો અસલી સમય (ટાઈમ સ્ટેમ્પ) બદલાતો ન હોવાથી મેસેજ જૂનો જ દેખાતો હતો. પરીક્ષા પૂરી થયા પછી આ એડિટ કરેલી ચેટને સોશિયલ મીડિયા પર વાઈરલ કરીને એવો જૂઠો દાવો કરાતો હતો કે પેપર પરીક્ષા પહેલાં જ લીક થઈ ગયું હતું. સરકારના આ કડક પગલાના કારણે હવે સોશિયલ મીડિયા પર આ પ્રકારે અફવાઓ અને જુઠ્ઠાણાં ફેલાવવાનો રસ્તો બંધ થઈ જશે.

NTAના જણાવ્યા અનુસાર, પેપર લીક કરનારા શંકાસ્પદ ચેનલો પર એક પછી એક સખત કાર્યવાહી કરવા છતાં પણ જ્યારે ખતરો પૂરેપૂરો ટળ્યો નહીં, ત્યારે છેવટે આખા પ્લેટફોર્મ પર જ અસ્થાયી પ્રતિબંધ મૂકવો પડ્યો છે. ટેલિગ્રામ પર 'પેપર લીક' અને 'રી-એક્ઝામ ૨૦૨૬' જેવા ભ્રામક નામો ધરાવતી ચેનલો બનાવીને ઉમેદવારો પાસેથી નકલી પેપરના નામે હજારો અને લાખો રૂપિયા પડાવવામાં આવી રહ્યા હતા.

NTAના જણાવ્યા અનુસાર, આ પ્રતિબંધથી એપ્લિકેશનનો સાચો ઉપયોગ કરનારા સામાન્ય લોકોને થોડી મુશ્કેલી પડશે, પરંતુ પરીક્ષામાં કોઈ ગેરરીતિ ન થાય તે માટે આ નિર્ણય માત્ર પરીક્ષા પૂરી થાય ત્યાં સુધી જ લેવાયો છે. એજન્સીએ સ્પષ્ટ કર્યું છે કે ૨૧ જૂન. ૨૦૨૬ના રોજ લેવાનારી NEETની પુનઃપરીક્ષા તેના નક્કી કરેલા સમયે જ યોજાશે, તેથી વિદ્યાર્થીઓએ સોશિયલ મીડિયાની અફવાઓથી દૂર રહીને માત્ર NTAની સત્તાવાર વેબસાઈટ પર આપેલી માહિતી પર જ ભરોસો રાખવો.

### ખાનગી કોચિંગના મટીરિયલમાંથી સવાલો પૂછાયાનો દાવો

## NEET બાદ હવે UPSC પેપર લીકની આશંકા

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી,તા.૧૬**

સંઘ લોક સેવા આયોગ (UPSC) પ્રિલિમ્સ ૨૦૨૬નું પરિણામ સોમવારે રાત્રે જાહેર કરવામાં આવ્યું છે. આ પરિણામની સાથે જ યુપીએસસી પ્રિલિમ્સ ૨૦૨૬ને લઈને નવો વિવાદ શરૂ થઈ ગયો છે. કોંગ્રેસના વિદ્યાર્થી સંગઠન નેશનલ સ્ટુડન્ટ યુનિયન ઓફ ઈન્ડિયા (NSUI) દ્વારા યુપીએસસી પ્રિલિમ્સ ૨૦૨૬માં કથિત ગેરરીતિ અને પેપર લીક થવાની આશંકા વ્યક્ત કરવામાં આવી છે. દેશમાં ચાલી રહેલા NEET પેપર લીક વિવાદની વચ્ચે હવે યુપીએસસી પ્રિલિમ્સને લઈને નવો હોબાળો મચી ગયો છે.

એનએસયુઆઈના રાષ્ટ્રીય અધ્યક્ષ વિનોદ જાખડે યુપીએસસી પ્રિલિમ્સ ૨૦૨૬માં ગેરરીતિ અને પેપર લીકની આશંકા વ્યક્ત કરી છે. જાખડે આ અંગે એનએસયુઆઈના સોશિયલ મીડિયા એકાઉન્ટ એક્સ પરથી એક વીડિયો પોસ્ટ કર્યો છે. આ વીડિયોમાં તેમણે આરોપ લગાવતા કહ્યું કે, '૨૪ મેના રોજ યોજાયેલી પ્રિલિમ્સ પરીક્ષા આપનારા કેટલાક ઉમેદવારો એનએસયુઆઈ ઓફિસે આવ્યા હતા, જેમણે પ્રિલિમ્સનું પેપર લીક થયું હોવાની શંકા વ્યક્ત કરી છે.

તેઓએ દાવો કર્યો છે કે, યુપીએસસી પ્રિલિમ્સ ૨૦૨૬ની પરીક્ષામાં પૂછાયેલા ૧૦૦માંથી ૮૨ સવાલો એક ખાનગી કોચિંગ સંસ્થા 'અનંતમ IAS' દ્વારા તૈયાર કરવામાં આવેલા સ્ટડી મટીરિયલ સાથે મેળ ખાય છે.

એનએસયુઆઈના રાષ્ટ્રીય અધ્યક્ષ જાખડે એવો પણ આક્ષેપ કર્યો છે કે, યુપીએસસી પ્રિલિમ્સ ૨૦૨૬માં પૂછાયેલા ઘણા સવાલો માત્ર ખાનગી કોચિંગ સંસ્થાના સ્ટડી મટીરિયલને મળતા આવતા હતા એટલું જ નહીં, પરંતુ તે સવાલોની ભાષા અને તેની રજૂઆત પણ બિલકુલ તેના જેવી જ હતી.

જાખડે આ ખાનગી કોચિંગ સંસ્થા પર મિલીભગતનો આરોપ લગાવ્યો છે. જાખડે આક્ષેપ કર્યો કે, યુપીએસસી પ્રિલિમ્સની પરીક્ષા પૂરી થયા પછી આ ખાનગી કોચિંગ સંસ્થા દ્વારા સંબંધિત સ્ટડી મટીરિયલમાં ફેરફાર કરવામાં આવ્યા હતા અને મટીરિયલ સાથે જોડાયેલી તારીખોમાં પણ કથિત રીતે હેરફેર કરવામાં આવી હતી.

એનએસયુઆઈ દ્વારા આ સમગ્ર મામલે યુપીએસસીને એક પત્ર પણ લખવામાં આવ્યો છે, જેમાં આ બાબતની પારદર્શક તપાસ કરાવવાની માંગ કરવામાં આવી છે. એનએસયુઆઈ એ આ મુદ્દે યુપીએસસી પાસે સ્પષ્ટતા અને નિષ્પક્ષ તપાસની માંગ કરી છે. બીજી તરફ, આ સમગ્ર વિવાદ અને પેપર લીકની આશંકાઓ અંગે યુપીએસસી તરફથી હજુ સુધી કોઈ પ્રતિક્રિયા સામે આવી નથી.

### રેલવે સ્ટેશન પર મચી અફરાતફરી

## ટ્રેનમાં કન્ફર્મ સીટ ન મળી તો યુવકે ઉડાવી બોમ્બની અફવા



(સંપૂર્ણ સમાચાર સેવા)

**લખનૌ, તા.૧૬**

ઉત્તર પ્રદેશની રાજધાની લખનૌના ઐશબાગ રેલવે સ્ટેશન પર એક મુસાફરની બેજવાબદાર અને ચોંકાવનારી હરકત સામે આવી છે. ટ્રેનમાં મુસાફરી કરવા માટે સીટ ન મળતા નારાજ થયેલા એક ૨૬ વર્ષના યુવકે ટ્રેનમાં બોમ્બ હોવાની ખોટી અફવા ફેલાવી દીધી હતી. બોમ્બની ખબર મળતા જ રેલવે પ્રશાસન, સ્થાનિક પોલીસ અને સુરક્ષા એજન્સીઓ તાત્કાલિક એલર્ટ મોડ પર આવી ગઈ હતી. આ અફવાને કારણે રેલવે સ્ટેશન પર લાંબા સમય સુધી અફરાતફરી અને ભયનો માહોલ સર્જાયો હતો.

રેલવે પોલીસના જણાવ્યા અનુસાર, પકડાયેલો આરોપી યુવક તેલંગાણાનો રહેવાસી છે. તે ઐશબાગ રેલવે સ્ટેશન પર ટ્રેન પકડવા આવ્યો હતો, પરંતુ ટ્રેનમાં ભારે ભીડ હોવાના કારણે તેને બેસવા માટે કોઈ સીટ કે જગ્યા મળી ન હતી. આ વાતથી ગુસ્સે ભરાઈને તેણે કંટ્રોલ રૂમને ટ્રેનમાં બોમ્બ હોવાની ખોટી માહિતી આપી દીધી. માહિતી મળતા જ જીઆરપી (GRP), સ્થાનિક પોલીસ અને બોમ્બ સ્ક્વોડની ટીમો ઘટનાસ્થળે દોડી ગઈ હતી.

સુરક્ષાના કારણોસર ટ્રેનને પ્લેટફોર્મ પર રોકી રાખવામાં આવી હતી અને ઘણા મુસાફરોને સાવચેતીના ભાગરૂપે નીચે ઉતારી દેવાયા હતા. સુરક્ષા કર્મચારીઓએ ટ્રેનના તમામ કોચ, મુસાફરોના સામાન અને આસપાસના સમગ્ર વિસ્તારની સઘન તપાસ કરી હતી. કલાકો સુધી ચાલેલી આ તપાસના અંતે કોઈ પણ શંકાસ્પદ વસ્તુ કે વિસ્ફોટક મળી આવ્યો ન હતો, જેથી પ્રશાસને રાહતનો શ્વાસ લીધો હતો અને અહેવાલ ખોટો હોવાનું સ્પષ્ટ થયું હતું. બીજી તરફ, પોલીસે તપાસ કરીને અફવા ફેલાવનાર તેલંગાણાના યુવકને કસ્ટડીમાં લઈ લીધો હતો. પૂછપરછ દરમિયાન તેણે કબૂલાત કરી હતી કે માત્ર સીટ ન મળવાના ગુસ્સામાં તેણે આ પગલું ભર્યું હતું. રેલવે પોલીસે તેની સામે સંબંધિત કલમો હેઠળ ગુનો નોંધી જેલભેગો કર્યો છે.

નોંધનીય છે કે, તાજેતરમાં જ લખનૌથી દિલ્હી જતી એક ફલાઈટમાં પણ આવી જ રીતે બોમ્બની ખોટી અફવા ફેલાવવામાં આવી હતી, જેના કારણે ફલાઈટ ૬ કલાક મોડી પડી હતી. રેલવે અને પોલીસ સત્તાવાળાઓએ જનતાને અપીલ કરી છે કે આવી ખોટી અફવાઓ ન ફેલાવવી, કારણ કે તેનાથી સુરક્ષા એજન્સીઓનો સમય અને સંસાધનો તો બગડે જ છે, સાથે સાથે સામાન્ય જનતામાં પણ બિનજરૂરી ડર પેદા થાય છે.

## નૌશેરા સેક્ટરમાં LoC પાસે માઇન બ્લાસ્ટ, ૪ જવાન ઇજાગ્રસ્ત

(સંપૂર્ણ સમાચાર સેવા)

**જમ્મુ,તા.૧૬**

મંગળવારે જમ્મુ અને કાશ્મીરમાં નિયંત્રણ રેખા (LoC) નજીક માઈન બ્લાસ્ટ થયો હોવાનું સામે આવ્યું છે. રાજૌરીના નૌશેરા સેક્ટરમાં પેટ્રોલિંગ કરતી વખતે માઈન બ્લાસ્ટ થયો. જેમાં એક જુનિયર કમિશન્ડ ઓફિસર સહિત ચાર સૈનિકો ઘાયલ થયા હતા. અચાનક થયેલા વિસ્ફોટમાં સુબેદાર નૈન સિંહ, હવાલદાર સુભાષ સિંહ, અગ્નિવીર અમન સિંહ અને અગ્નિવીર ગૌરવ સિંહ ઘાયલ થયા હતા. ઘટના બાદ તરત જ, ઘાયલ કર્મચારીઓને સ્થળ પરથી બહાર કાઢવામાં આવ્યા હતા અને લશ્કરી હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા; ત્યારબાદ તેમને વધુ સારવાર માટે ઉધમપુરની કમાન્ડ હોસ્પિટલ રીફર કરવામાં આવ્યા છે. તેમની સ્થિતિ પર તબીબી દેખરેખ હેઠળ નજીકથી નજર રાખવામાં આવી રહી છે. સુરક્ષા દળોએ વિસ્તારને ઘેરી લીધો છે અને વિસ્ફોટનું કારણ નક્કી કરવા માટે તપાસ શરૂ કરી છે. જમ્મુ અને કાશ્મીરના રાજૌરી જિલ્લામાં નિયંત્રણ રેખા નજીક એક દુઃખદ ઘટના બની છે. મંગળવારે, નિયમિત પેટ્રોલિંગ દરમિયાન અચાનક લેન્ડમાઈન વિસ્ફોટ થતાં એક જુનિયર કમિશન્ડ ઓફિસર સહિત ચાર ભારતીય સેનાના સૈનિકો ઘાયલ થયા હતા. આ ઘટના રાજૌરી જિલ્લાના નૌશેરા સેક્ટરના કલાલ ફોરવર્ડ વિસ્તારમાં બની હતી. એક સેના યુનિટ સરહદ પર નિયમિત પેટ્રોલિંગ કરી રહી હતી ત્યારે અજાણતામાં એક લેન્ડમાઈન ફાટી ગયો, જેના પરિણામે એક શક્તિશાળી વિસ્ફોટ થયો. વિસ્ફોટનો અવાજ સાંભળીને, સરહદ પર તૈનાત અન્ય સુરક્ષા કર્મચારીઓ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગયા અને રાહત કામગીરી શરૂ કરી. ઘાયલ JCO અને ત્રણ સૈનિકોને તાત્કાલિક પ્રાથમિક સારવાર આપવામાં આવી અને લશ્કરી હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા, જ્યાં તેઓ હાલમાં સારવાર હેઠળ છે.

## સ્પોર્ટ્સ ન્યૂઝ

### ૪૦ વર્ષીય ગોલકીપર વોઝિન્હા દિવાલની જેમ ઉભો રહ્યો

## સ્પેન સાથે કેપ વર્ડેની મેચ ડ્રો, ટૂર્નામેન્ટની શરૂઆતમાં જ સર્જાયો મોટો ઉલટફેર

**એટલાન્ટાના મર્સિડીઝ-બેન્ઝ સ્ટેડિયમમાં રમાયેલી મેચમાં, સ્પેને શરૂઆતથી જ બોલ પર નિયંત્રણ જાળવી રાખ્યું**

(સંપૂર્ણ સમાચાર સેવા)

**સ્પેન, તા.૧૬ :** FIFA વર્લ્ડ કપ ૨૦૨૬ના ગ્રુપ Hની શરૂઆતની મેચ ફૂટબોલ ઈતિહાસમાં સૌથી મોટા અને સૌથી આઘાતજનક અપસેટમાંની એક જોવા મળી. ભવ્ય મંચ પર પોતાનું ડેબ્યૂ કરી રહેલા કેપ વર્ડેએ ટાઇટલના દાવેદાર અને યુરોપિયન ચેમ્પિયન સ્પેનને ૦-૦ થી ડ્રો કરીને ઈતિહાસ રચ્યો. આ નાના આફ્રિકન રાષ્ટ્રએ વર્લ્ડ કપ ઈતિહાસમાં પોતાનો પ્રથમ પોઈન્ટ મેળવ્યો. કેપ વર્ડેની સિદ્ધિ વિશ્વભરમાં ગુંજી ઉઠી કારણ કે તે ક્ષેત્રફળની દ્રષ્ટિએ ફિફા વર્લ્ડ કપ માટે ક્વોલિફાય થનાર સૌથી નાનો દેશ છે. જ્યારે વિશ્વમાં ૬૪મા ક્રમે રહેલી આ ટીમે ભૂતપૂર્વ વિશ્વ ચેમ્પિયન સ્પેન જેવી મજબૂત ટીમનો સામનો કર્યો, ત્યારે કોઈએ આવા પરિણામની કલ્પના પણ કરી ન હતી.

આશરે ૫૦૦,૦૦૦ની વસ્તી ધરાવતા આ દેશના ખેલાડીઓ દ્વારા મેદાન પર પ્રદર્શિત લડાયક ભાવનાએ રમતગમત ચાહકોના દિલ જીતી લીધા. એટલાન્ટાના મર્સિડીઝ-બેન્ઝ સ્ટેડિયમમાં રમાયેલી મેચમાં, સ્પેને શરૂઆતથી જ બોલ પર નિયંત્રણ જાળવી રાખ્યું હતું અને લગભગ ૭૦ ટકા સમય તેમનો કબજો હતો. જોકે, કેપ વર્ડેના ૪૦ વર્ષીય અનુભવી ગોલકીપર વોઝિન્હા સ્પેનિશ ફોરવર્ડ્સ સામે દિવાલની જેમ ઉભો રહ્યો. તેણે પહેલા હાફમાં ફેરન ટોરેસના ત્રણ પ્રયાસોને નિષ્ફળ બનાવ્યા.

સમગ્ર મેચ દરમિયાન, કેપ વર્ડેના ડિફેન્સે સ્પેનિશ આક્રમણને સંપૂર્ણપણે તટસ્થ કરી દીધું. લેમિન યામાલ અને નિકો વિલિયમ્સ પણ બિનઅસરકારક રહ્યા. મેચના નોંધપાત્ર સમયગાળા દરમિયાન સ્પેન કોઈ સફળતા મેળવવામાં નિષ્ફળ ગયા પછી, કોચે બીજા હાફની અંતિમ ૨૦ મિનિટમાં તેના યુવાન સંવેદનાઓ, લેમિન યામાલ અને નિકો વિલિયમ્સને મેદાનમાં રજૂ કર્યા. યામાલે આવતાની સાથે જ કેટલાક સારા પાસ બનાવ્યા, પરંતુ કેપ વર્ડેના ખેલાડીઓએ તેને કોઈ ફ્રી પ્લે આપ્યો નહીં. પરિણામે, બંને ટીમોને પોઈન્ટ વહેંચવા પડ્યા.

### અદાણી ગ્રુપના બે એરપોર્ટ્સને આર્કિટેક્ચર જગતનો ''ઓસ્કાર''

## યુનેસ્કોમાં દુનિયાના સૌથી સુંદર એરપોર્ટની યાદીમાં કમળ અને ઓર્કિડની ડિઝાઈને મંત્રમુગ્ધ કર્યા!

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**

**અમદાવાદ, તા.૧૬**

વિશ્વના સૌથી સુંદર એરપોર્ટની વૈશ્વિક રેસમાં અદાણી ગ્રુપે ભારતનો ડંકો વગાડ્યો છે. અદાણી એરપોર્ટ હોલ્ડિંગ્સ લિમિટેડ (AAHL) સંચાલિત નવી મુંબઈ ઈન્ટરનેશનલ એરપોર્ટ (ટર્મિનલ-૧) અને ગુવાહાટીના લોકપ્રિય ગોપીનાથ બોરદોલોઈ ઈન્ટરનેશનલ એરપોર્ટ (ટર્મિનલ-૨) ને વિશ્વના સૌથી સુંદર એરપોર્ટની પ્રતિષ્ઠિત ''પ્રિક્સ વર્સેલ્સ'' ૨૦૨૬ની વૈશ્વિક યાદીમાં સ્થાન મળ્યું છે. અદાણી ગ્રુપની આ ઐતિહાસિક સિદ્ધિ સાબિત કરે છે કે ભારત વૈશ્વિક કક્ષાનું ઈન્ફ્રાસ્ટ્રક્ચર બનાવવામાં દુનિયામાં સૌથી મોખરે છે.

ફ્રાન્સના પેરિસમાં યુનેસ્કો (UNESCO)ના મુખ્ય મથક ખાતેથી અપાતો આ એવોર્ડ આર્કિટેક્ચર જગતનો ઓસ્કાર ગણાય છે, જે સ્થાપત્યની અદભુત સુંદરતા, આધુનિક ઈનોવેશન, પર્યાવરણની જાળવણી અને મુસાફરોના સર્વોચ્ચ અનુભવ માટે એનાયત થાય છે. આ વૈશ્વિક સન્માન સ્થાપત્યની દુનિયામાં એક ક્રાંતિ સમાન છે. તે એ વાતની સાક્ષી પૂરે છે કે આધુનિક યુગમાં એરપોર્ટ માત્ર મુસાફરી માટે જ નહીં, પણ દેશની સંસ્કૃતિ, પરંપરા અને ભવિષ્યની પ્રગતિને દર્શાવતું એક જીવંત પ્રતીક છે.

આ આંતરરાષ્ટ્રીય સ્પર્ધામાં નવી મુંબઈ એરપોર્ટે ભારતના રાષ્ટ્રીય ફૂલ 'કમળ' (Lotus) આકારની ભવ્ય ડિઝાઈન, ફ્યુચરિસ્ટિક ટેક્નોલોજી અને અદભુત કળાના સમન્વયે દુનિયાને મંત્રમુગ્ધ કરી છે, બીજી તરફ ગુવાહાટી એરપોર્ટના ટર્મિનલ ૨ ની ડિઝાઈન ઉત્તર-પૂર્વ ભારતની પ્રકૃતિના પ્રતીક એવા અત્યંત સુંદર 'બેમ્બુ ઓર્કિડ' ફૂલ પરથી તૈયાર કરાઈ છે, જે કુદરતી સૌંદર્ય અને અદભુત ઈજનેરી કળાનો અજોડ નમૂનો છે. આ બંને ટર્મિનલ સ્થાપત્ય કળાની સાથે આધુનિક સુવિધાઓનું અદભુત કેન્દ્ર બની પ્રવાસીઓને આકર્ષિત કરી રહ્યા છે.

ભારતની સાથે આ આંતરરાષ્ટ્રીય સ્પર્ધામાં ચીનનું ગુઆંગઝુ, જર્મનીનું ફ્રેન્કફર્ટ, કંબોડિયાનું કંડાલ સ્ટુએંગ તેમજ અમેરિકાના પિટ્સબર્ગ અને સેન ડિએગો જેવા સુપર-આધુનિક એરપોર્ટ્સ પણ રેસમાં છે, જેમાંથી વર્ષના અંતે શ્રેષ્ઠ ત્રણ એરપોર્ટને વિશ્વ વિજેતા તરીકે 'વર્લ્ડ ટાઇટલ' આપીને નવાજવામાં આવશે.

આ એવોર્ડ અંતર્ગત અપાતું સન્માન ખાસ કરીને 'ઇન્ટેલિજન્ટ સસ્ટેનેબિલિટી' પર ભાર મૂકે છે. તેનો અર્થ એ થાય છે કે ઇન્ફ્રાસ્ટ્રક્ચર એટલું મજબૂત અને આધુનિક હોવું જોઈએ જે પર્યાવરણને નુકસાન પહોંચાડ્યા વગર આવનારી પેઢીઓ માટે પણ ઉપયોગી બને. મુસાફરોને વૈશ્વિક સ્તરની લક્ઝરી સુવિધાઓ આપવાની સાથે સાથે પ્રકૃતિની જાળવણી કેવી રીતે કરી શકાય, તે આ એવોર્ડ મેળવનારા સ્થાપત્યોની વિશેષતા અને આજના સમયની સૌથી મોટી જરૂરિયાત છે.

અદાણી ગ્રુપ દ્વારા બનાવાયેલા આ વર્લ્ડ-ક્લાસ એરપોર્ટ્સ આગામી સમયમાં ભારતમાં પ્રવાસન, વેપાર અને આર્થિક વિકાસને એક રોકેટ ગતિ આપી રહ્યા છે, જે દેશના ઉજ્જવળ ભવિષ્ય તરફ એક મોટું અને મજબૂત કદમ છે.

જાસૂસી અને પ્રાઈવસી માટે નવો મોટો ખતરો

# ચીનની મિલિટરી યુનિવર્સિટીએ માત્ર ૦.૩ ગ્રામ વજન ધરાવતો મચ્છર જેવો ડ્રોન બનાવ્યો

**આ સેન્સર્સ ગુપ્ત રીતે તસવીરો લેવા, ઓડિયો રેકોર્ડ કરવા અને ગુપ્ત ડેટા એકત્રિત કરવામાં માહિર છે**





(સંપૂર્ણ સમાચાર સેવા)
**બેઈઝીંગ,તા.૧૬**

ટેકનોલોજીની દુનિયામાં અત્યારે ઉપકરણોને નાના અને વધુ સક્ષમ બનાવવાની હોડ જામી છે, ત્યારે ચીને એક એવો માઈક્રો-ડ્રોન તૈયાર કર્યો છે જેણે સમગ્ર વિશ્વમાં પ્રાઈવસી અને સુરક્ષાને લઈને એક નવી ચર્ચા છેડી દીધી છે. ચીનની પ્રતિષ્ઠિત મિલિટરી યુનિવર્સિટી 'નેશનલ યુનિવર્સિટી ઓફ ડિફેન્સ ટેકનોલોજી' (NUDT) દ્વારા એક એવો ડ્રોન વિકસાવવામાં આવ્યો છે, જેનું કદ અને વજન બિલકુલ એક સામાન્ય મચ્છર જેટલું જ છે. આ ડ્રોન કોઈ પણ રડારની પકડમાં આવ્યા વિના ગમે ત્યાં ઘૂસીને જાસૂસી કરવા માટે સક્ષમ છે.

આ કોઈ સામાન્ય ડ્રોન નથી પરંતુ વિજ્ઞાનની અદભુત કળા છે. આ પ્રોટોટાઈપ ડ્રોનનું વજન માત્ર ૦.૩ ગ્રામ છે. તેને એવી રીતે ડિઝાઈન કરવામાં આવ્યું છે કે પ્રથમ નજરે તે કોઈ ગેજેટ કે મશીન નહીં, પરંતુ એક નાનું જીવડું કે ઝાડનું પાન લાગે. તેના પાંખોનો આકાર કુદરતી પાંદડા જેવો રાખવામાં આવ્યો છે, જેથી તે ઉડતી વખતે એકદમ પ્રાકૃતિક લાગે. તેનું શરીર અત્યંત પાતળું અને હલકું હોવા છતાં, તેની અંદર હાઈ-ટેક અને અત્યંત સૂક્ષ્મ સેન્સર્સ ફિટ કરવામાં આવ્યા છે. આ સેન્સર્સ ગુપ્ત રીતે તસવીરો લેવા, ઓડિયો રેકોર્ડ કરવા અને ગુપ્ત ડેટા એકત્રિત કરવામાં માહિર છે.

આ ડ્રોનની સૌથી ખતરનાક બાબત એ છે કે તે મિલિટરી ગ્રેડના એડવાન્સ રડારની નજરમાં પણ આવતું નથી. પોતાના અતિ સૂક્ષ્મ કદ અને ખાસ મટીરિયલના કારણે તે અદ્રશ્ય રહી શકે છે. તે કોઈપણ ઘર, સરકારી ઓફિસ કે ઉચ્ચ સુરક્ષા ધરાવતી સંવેદનશીલ ઈમારતોની બારી અથવા નાના છિદ્રમાંથી સરળતાથી અંદર પ્રવેશી શકે છે અને કોઈને કાનવાકાન ભણક પણ લાગતી નથી.

જો કે, સંશોધકોના મતે આ ડ્રોનમાં અત્યારે બે મુખ્ય ખામીઓ છે. પ્રથમ તો તેનું કદ ખૂબ નાનું હોવાથી તેમાં મોટી બેટરી લગાવી શકાતી નથી, જેથી તેની 'બેટરી લાઈફ' ઘણી ટૂંકી છે અને તે બહુ ઓછા સમય માટે ઉડી શકે છે. બીજી ખામી એ છે કે માત્ર ૦.૩ ગ્રામ વજન હોવાને કારણે પવનનો એક સામાન્ય ઝાપટો પણ તેને રસ્તા પરથી ભટકાવી શકે છે.

આ સમાચાર વાયરલ થતાં જ લોકોમાં પોતાની પ્રાઈવસીને લઈને ડરનો માહોલ છે કે ભવિષ્યમાં કોઈ જગ્યા સુરક્ષિત નહીં રહે. બીજી તરફ સોશિયલ મીડિયા પર યુઝર્સ તેની મજાક પણ ઉડાવી રહ્યા છે. લોકો કહી રહ્યા છે કે કમ્પ્યુટરના 'બગ' (બેકએન્ડ ખામીઓ) હવે સાચે જ કીડા બનીને ઉડવા લાગ્યા છે. કેટલાક યુઝર્સે તો રમૂજમાં આ ચાઈનીઝ જાસૂસી ડ્રોનથી બચવા માટે ઘરમાં 'મચ્છર મારવાનું રેકેટ' રાખવાની સલાહ પણ આપી દીધી છે.

# ઈરાન સામે ઈઝરાયલ કરતા સીરિયા વધુ સારી રીતે લડી શકેઃ ટ્રમ્પ



(સંપૂર્ણ સમાચાર સેવા)
**નવી દિલ્હી,તા.૧૬**

અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે લેબનોનમાં ઈઝરાયલની સૈન્ય કાર્યવાહી પર ભારે નારાજગી વ્યક્ત કરી છે. જી-૭ (G-7) સમિટ દરમિયાન તેમણે કહ્યું કે, હિઝબુલ્લાહ સામેની લડાઈમાં સીરિયા વધુ સારી ભૂમિકા ભજવી શકે છે. ટ્રમ્પે એમ પણ કહ્યું કે, નેતન્યાહૂની રણનીતિના કારણે ઈરાન સાથેની શાંતિ વાર્તા પાટા પરથી ઉતરી શકતી હતી.

અમેરિકન પ્રમુખ ટ્રમ્પે વધુ એક વખત ઈઝરાયલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહૂની રણનીતિ સામે આક્રોશ ઠાલવ્યો છે. ટ્રમ્પે સ્પષ્ટ શબ્દોમાં કહ્યું કે, હિઝબુલ્લાહ સામે લડવામાં ઈઝરાયેલ કરતાં સિરિયા વધુ સારું કામ કરી શકે છે. તેમનું માનવું છે કે, લેબનોનમાં ઈઝરાયલની સૈન્ય કાર્યવાહીએ ઈરાન સાથે ચાલી રહેલી શાંતિ વાર્તાને લગભગ પાટા પરથી ઉતારી દીધી હતી. ટ્રમ્પનું આ નિવેદન જી-૭ શિખર સંમેલન દરમિયાન કતારના અમીર સાથેની મુલાકાતમાં સામે આવ્યું છે, જેણે પશ્ચિમ એશિયા (મિડલ ઈસ્ટ)ના રાજકારણમાં એક નવી ચર્ચા જગાવી દીધી છે.

ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યુ કે, 'ઈઝરાયલ હિઝબુલ્લાહ સામે અભિયાન તો ચલાવી રહ્યું છે, પરંતુ તેમાં સામાન્ય લોકોના જીવ પણ જઈ રહ્યા છે. ઈઝરાયલ બધાને માર્યા વિના આ કામ નથી કરી શકતું, તેથી સિરિયાએ આ કામ કરવું જોઈએ.' અમેરિકન રાષ્ટ્રપતિનું આ નિવેદન એટલા માટે પણ ઘણું મહત્વનું માનવામાં આવે છે, કારણ કે સિરિયા લાંબા સમયથી ઈઝરાયલનો કટ્ટર વિરોધી દેશ રહ્યો છે. આવા સંજોગોમાં ટ્રમ્પનું આ પ્રકારનું નિવેદન ઈઝરાયલની રણનીતિ પર તેમની સીધી નારાજગી તરીકે પણ જોવામાં આવી રહ્યું છે.

ટ્રમ્પે સ્પષ્ટપણે જણાવ્યું કે, નેતન્યાહૂ સરકારના આ કડક વલણને કારણે જ ઈરાન સાથે ચાલી રહેલી શાંતિ વાર્તા પ્રભાવિત થઈ હતી. તેમના મતે, આ સૈન્ય અભિયાને એ સમગ્ર પ્રક્રિયાને લગભગ નષ્ટ કરી દીધી હતી, જેના દ્વારા આ ક્ષેત્રમાં તણાવ ઓછો કરવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો હતો. તેમણે જણાવ્યું કે, રવિવારે બેરૂત પર થયેલા હુમલાને લઈને પણ અમેરિકાએ ઈઝરાયેલ સામે ભારે વિરોધ નોંધાવ્યો હતો. ટ્રમ્પે કહ્યું કે, તેમને તે હુમલો બિલકુલ પસંદ આવ્યો ન હતો. આ દરમિયાન ટ્રમ્પે લેબનોનમાં ઈઝરાયલની સૈન્ય કાર્યવાહી પર ખુલ્લેઆમ નારાજગી વ્યક્ત કરી. તેમણે કહ્યું કે, 'ઈઝરાયલ લાંબા સમયથી હિઝબુલ્લાહ સામે લડાઈ લડી રહ્યું છે, પરંતુ તેમાં મોટી સંખ્યામાં સામાન્ય લોકો પણ મોતને ભેટી રહ્યા છે. કોઈ એક વ્યક્તિને નિશાન બનાવવા માટે દર વખતે આખી એપાર્ટમેન્ટ બિલ્ડિંગ તોડી પાડવી યોગ્ય નથી, કારણ કે ત્યાં રહેતા તમામ લોકો હિઝબુલ્લાહ સાથે જોડાયેલા હોતા નથી.' ઉલ્લેખનીય છે કે, લેબનોનની રાજધાની બેરૂતમાં ઈઝરાયલના તાજેતરના હુમલામાં ૩ લોકોના મોત થયા છે, જ્યારે અન્ય ૬ લોકો ઘાયલ થયા છે. ઈઝરાયલ પર આટલી કડક ટિપ્પણી કરી હોવા છતાં ટ્રમ્પે, નેતન્યાહુ સાથેના સંબંધોમાં ખટાશ હોવાના અહેવાલોને નકારી કાઢ્યા હતા. તેમણે કહ્યું કે, ઈઝરાયેલી વડાપ્રધાન સાથે તેમના સબંધો ખૂબ જ સારા છે.

ટ્રમ્પનું આ કડક વલણ એવા સમયે સામે આવ્યું છે, જ્યારે એક દિવસ પહેલા જ અમેરિકા અને ઈરાને તણાવ ઓછો કરવા માટે શાંતિ કરારના એક ફ્રેમવર્કની જાહેરાત કરી છે. આ પ્રસ્તાવિત કરારમાં હોર્મુઝ સ્ટ્રેટને ફરીથી ખોલવા અને ઈરાન પરના અમેરિકી પ્રતિબંધોમાં રાહત આપવા જેવા પગલાં સામેલ છે. તેને અંતિમ સ્વરૂપ આપવા માટે શુક્રવારે સ્વિત્ઝર્લેન્ડમાં એક સત્તાવાર સમજૂતી પત્ર (MoU) સાઈન થવાની સંભાવના છે.

# ઈરાન-અમેરિકા શાંતિ કરારમાં ફરી ઘોંચમાં પડ્યાના સંકેત

(સંપૂર્ણ સમાચાર સેવા)
**નવી દિલ્હી,તા.૧૬**

અમેરિકા-ઈરાન યુદ્ધ ટાળવા અને શાંતિ જાળવવા માટે તૈયાર થઈ ગયા છે અને બંને દેશો ૧૯મી જૂનના રોજ સ્વિત્ઝર્લેન્ડમાં સહી સિક્કા કરવાના છે, જોકે હવે ઈઝરાયલ દ્વારા લેબેનોન પર હુમલા થવાના કારણે આ શાંતિ કરાર પાણી ફરી જવાની સંભાવના વધી ગઈ છે. વાસ્તવમાં ઈઝરાયલે તાજેતરમાં જ લેબેનોનમાં ભયાનક હુમલા કરતા ઈરાન નારાજ થઈ ગયું છે. હવે સ્થિતિ એવી ઊભી થઈ છે કે, ઈરાને કરારમાં વધુ એક માંગ કરી દીધી છે.

ઈરાનના ટોચના રાજદ્વારીએ કહ્યું કે, જો અમેરિકાએ યુદ્ધ ખતમ માટેનો કરાર કરવો હોય તો પહેલા લેબેનોનમાંથી ઈઝરાયલી સેનાને હટાવવી પડશે. વિદેશ મંત્રી અબ્બાસ અરાઘચીએ પણ ઈરાની સરકારી ટેલિવિઝન પર મહત્ત્વનું નિવેદન જાહેર કર્યું છે. તેમણે અન્ય દેશોના રાજદ્વારીઓને કહ્યું છે કે, ઈઝરાયલે દક્ષિણ લેબેનોન પર કરેલો કબજો અમેરિકા-ઈરાન વચ્ચે થયેલી સમજૂતીનું ઉલ્લંઘન છે. અરાઘચીએ સ્પષ્ટ ચેતવણી આપી છે કે, લેબેનોનમાં ચાલી રહેલું યુદ્ધ પણ સંપૂર્ણ યુદ્ધ ખતમ કરવાનો મહત્ત્વનો ભાગ છે, તેથી લેબેનોનમાં પણ યુદ્ધ ખતમ કરવું પડશે. ઈઝરાયલી સેના યુદ્ધ કરીને લેબેનોનના કેટલા વિસ્તારોમાં કબજો જમાવ્યો છે, તેથી જ્યાં સુધી આ વિસ્તારોમાંથી સેના નહીં હટે, ત્યાં સુધી યુદ્ધ સંપૂર્ણ ખતમ થઈ ગયું હોવાનું માનવમાં નહીં આવે.'

તેમણે એમ પણ કહ્યું કે, જો ઈઝરાયલ લેબેનોન પર વધુ હુમલા કરશે તો તેને સમજૂતીનું ઉલ્લંઘન માનવામાં આવશે. સૌથી મહત્ત્વની વાત એ છે કે, લેબેનોન સમજૂતીનો ભાગ છે કે નહીં, તે અમેરિકાએ હજુ સુધી કહ્યું નથી. બીજીતરફ ઈઝરાયલના વડાપ્રધાન બેન્ઝામિન નેતન્યાહૂ અમેરિકા-ઈરાનની સમજૂતીથી નારાજ છે. નેતન્યાહૂએ શાંતિ કરારને ટ્રમ્પનો નિર્ણય ગણાવ્યો છે. તેમણે કહ્યું કે, ઈઝરાયલ પોતાની પ્રાથમિકતા મુજબ નિર્ણય લેશે અને તેઓ લેબેનોનમાં બફર ઝોનમાં જ્યાં સુધી જરૂર જણાશે ત્યાં સુધી રહેશે.





૯ કરોડના બજેટ સામે ૧૯૦૦ કરોડની કમાણી !!

# હોરર ફિલ્મ 'ઓબ્સેશન'નો દુનિયાભરમાં ધમાકો

(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ**

મનોવૈજ્ઞાનિક હોરર ફિલ્મ "ઓબ્સેશન" આજકાલ દુનિયાભરમાં ચર્ચા જગાડી રહી છે. વ્યક્તિઓથી લઈને સેલિબ્રિટી સુધી દરેક વ્યક્તિએ આ ફિલ્મ વિશે વાત કરી રહ્યા છે. 9 કરોડના બજેટ સાથે 1400 કરોડની કમાણી કરીને ઓબ્સેશને હિટ ફિલ્મોના રેકોર્ડ તોડી નાખ્યા છે, ટિકિટો હોટ કેકની જેમ વેચાય છે.




આજકાલ, હોલિવૂડમાં એક અનોખો ક્રેઝ ચાલી રહ્યો છે. ફક્ત 9 કરોડમાં બનેલી, કરી બાર્કર દ્વારા દિગ્દર્શિત "ઓબ્સેશન" એ પહેલેથી જ ઘણા ઐતિહાસિક રેકોર્ડ સર્જ્યા છે. "ઓબ્સેશન" એ હોલિવૂડમાં તોફાન મચાવી દીધું છે, મુખ્ય ફિલ્મ સ્ટુડિયો અને સુપરસ્ટાર્સનું ધ્યાન ખેંચ્યું છે. જ્યારે તે દર્શકો માટે મનોરંજક છે, ત્યારે ફક્ત 9 કરોડમાં બનેલી આ ફિલ્મે રિલીઝના માત્ર ચાર અઠવાડિયામાં વિશ્વભરમાં 1400 કરોડની કમાણી કરી છે.

અમેરિકન મનોવૈજ્ઞાનિક હોરર ફિલ્મ "ઓબ્સેશન" ઓનલાઈન ટ્રેન્ડ કરી રહી છે, અને તેની મુખ્ય અભિનેત્રી, ઈન્દે નવરેટ, ફિલ્મની સૌથી વધુ ચર્ચિત વ્યક્તિઓમાંની એક બની ગઈ છે. તેના અભિનયની ટીકાકારો અને વિવેચકો બંને દ્વારા ખૂબ પ્રશંસા કરવામાં આવી છે. ફિલ્મની સફળતા વચ્ચે, ફિલ્મ નિર્માતા શુભમ સંજય શેવડેએ તાજેતરમાં તેમની ટૂંકી ફિલ્મ "ક્રોસવર્ડ્સ ટુગેધર" ની યાદ તાજી કરી છે અને નવરેટ "ઓબ્સેશન" નો ચહેરો બન્યા તે પહેલાંના વર્ષોની વાતો તાજી કરી છે. ઈન્સ્ટાગ્રામ પર પ્રોજેક્ટના પડદા પાછળના ફોટા શેર કરતાંશેવડેએ લખ્યું છે કે, "8 વર્ષ પહેલાં, મેં એક ટૂંકી ફિલ્મ - ક્રોસ વર્ડ્સ ટુગેધર - દિગ્દર્શિત કરી હતી અને @indenavarrette સાથે કામ કરવાનો લહાવો મળ્યો હતો. આજે આ પડદા પાછળના ફોટા જોતાં, તે કેટલી મોટી થઈ ગઈ છે તે આશ્ચર્યજનક છે. ઓબ્સેશનમાં તેના અભિનયથી દુનિયા પાગલ થઈ ગઈ તે પહેલાં, મને એક રોમેન્ટિક શોર્ટ ફિલ્મમાં તેનું દિગ્દર્શન કરતી વખતે તેની પ્રતિભા જોવાનો લહાવો મળ્યો હતો... તેણીને તે માન્યતા મળતી જોઈને ખૂબ જ આનંદ થાય છે જે તેણીને લાયક છે." ઈન્દે નવરેટે ભારતીય દિગ્દર્શક સાથે કામ કર્યુંશેવડેએ ફિલ્મ નિર્માણ દરમિયાન નવરેટે સાથે કામ કરવાના તેમના અનુભવ વિશે IFP વર્લ્ડ સાથે પણ વાત કરી. તેમણે સમજાવ્યું, "આ ઘટના 2018 માં લોસ એન્જલસમાં મારી થીસીસ ફિલ્મ 'ક્રોસ વર્ડ્સ ટુગેધર' દરમિયાન બની હતી, જે SAG પ્રોજેક્ટ હતો. તે સમયે, ઈન્ડેને SAG માટે ક્વોલિફાય થવા માટે બીજા પ્રોજેક્ટની જરૂર હતી, અને તેણે મુખ્ય ભૂમિકાઓમાંથી એક માટે ઓડિશન આપ્યું હતું.

'ઓબ્સેશન' પહેલા ઈન્ડેની ટૂંકી ફિલ્મ તેમણે આગળ કહ્યું, "અમારી ફિલ્મ જીવનના વિવિધ તબક્કામાં ત્રણ મહિલાઓની વાર્તા કહે છે: એક કિશોરી, એક ગર્ભવતી સ્ત્રી અને એક વૃદ્ધ સ્ત્રી. ઈન્ડે કિશોરીની ભૂમિકા ભજવી હતી, એક યુવાન છોકરી જે હજુ પણ પ્રેમને સમજવાનો પ્રયાસ કરી રહી છે. આ ભૂમિકા માટે એક અનોખી નિર્દોષતા અને ભાવનાત્મક પ્રામાણિકતાની જરૂર હતી, અને આ એવી વસ્તુ હતી જે તેણી કુદરતી રીતે સ્ક્રીન પર લાવી."

કેરી બાર્કર દ્વારા લખાયેલ, દિગ્દર્શિત અને સંપાદિત, "ઓબ્સેશન" એક અલૌકિક હોરર ફિલ્મ છે જે બેર નામના મ્યુઝિક સ્ટોર કર્મચારીની વાર્તા કહે છે, જેનું પાત્ર માઈકલ જોહ્નસ્ટન ભજવે છે. આજ સુધી, આ ફિલ્મે $1 મિલિયનથી ઓછા બજેટમાં બનેલી હોવા છતાં $17 મિલિયનથી વધુની કમાણી કરી છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે તેણે 'ધુરંધર 2'નો રેકોર્ડ સરળતાથી તોડી નાખ્યો છે.

# 'કોકટેલ ૨' ફિલ્મને 'એ' સર્ટિફિકેટ આપવામાં આવ્યું



(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ**

ફિલ્મ ઈન્ડસ્ટ્રી અને ફિલ્મના દર્શકો બંને માટે આવનારા બે અઠવાડિયા રસપ્રદ અને મજાના રહેવાના છે. ૧૯ જુને એક સાથે બે મોટી ફિલ્મ 'કોકટેલ ૨' અને 'વેલકમ ટુ ધ જંગલ' રિલીઝ થઈ રહી છે. કોકટેલમાં શાહિદ કપૂર, ક્રિતિ સેનન અને રશ્મિકા મંધાના લીડ રોલમાં છે. આ ફ્રેન્ચાઈઝીની આગળની ફિલ્મ લોકપ્રિય હતી અને તેનાં ગીતો ઘણા લોકપ્રિય થયા હતા. તેથી આ ફિલ્મ પાસે પણ ઘણી અપેક્ષાઓ છે. કોકટેલ ૨ના એડવાન્સ બૂકિંગની ૧૪ જુન શરૂઆત થઈ છે. ત્યારે એવા અહેવાલો છે કે આ ફિલ્મને સેન્ટ્રલ બોર્ડ ઓફ ફિલ્મ સર્ટિફિકેશન તરફથી એ સર્ટિફિકેટ આપવામાં આવ્યું છે અને ફિલ્મનો રન ટાઈમ ૧૫૦ મિનિટનો છે, એટલે કે 'કોકટેલ ૨' ૨ કલાક અને ૩૦ મિનિટ લાંબી ફિલ્મ છે. આ સર્ટિફિકેટ સાથે કોકટેલ ૨ ક્રિતિ સેનનની પહેલી એ રેટેડ ફિલ્મ બની છે. જ્યારે રશ્મિકાની એનિમલ પછી આ બીજી એ રેટેડ ફિલ્મ છે. જ્યારે શાહિદ કપૂરની કમીને, ઉડતા પંજાબ, કબીર સિંઘ અને ઓ રોમિયો પછી આ પાંચમી એ રેટેડ ફિલ્મ છે. શાહિદની એક પછી એક બીજી એ રેટેડ ફિલ્મ છે. કોકટેલની પહેલી ફિલ્મ ૨૦૧૨માં રિલીઝ થઈ હતી. તેમાં સૈફ અલી ખાન, દીપિકા પાદુકોણ ને ડાયના પેન્ટી લીડ રોલમાં હતાં, ડાયનાએ આ ફિલ્મથી ડેબ્યુ કર્યું હતું. એ ફિલ્મ પણ હોમી અડજાણીયાએ જ ડિરેક્ટ કરી હતી. તેને યૂએ સર્ટિફિકેટ મળ્યું હતું અને એ ફિલ્મ ૧૪૬ મિનિટ લાંબી હતી.

ગદર લગાનના ૨૫ વર્ષ પહેલાંના ક્લેશ પછી હવે

# સની દેઓલ અને આમિર ખાન એક સાથે આવશે

(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ**

૨૫ વર્ષ પહેલાં ૧૫ જુન, ૨૦૦૧ના દિવસે બોલિવૂડના ઈતિહાનો સૌથી મોટો ક્લેશ થયો હતો, જેમાં આશુતોષ ગોવારીકરની પીરિયડ સ્પોર્ટ્સ ડ્રામા લગાન અને અનિલ શર્માની અન્ય એક ઐતિહાસિક વિષય પરની એક્શન રોમાન્સ ગદર રિલીઝ થઈ હતી. લગાનમાં આમિર ખાન લીડ રોલમાં હતો અને સની દેઓલ અને અમિષા પટેલ લીડ રોલમાં હતાં. સામાન્ય રીતે જ્યારે બે મોટી ફિલ્મ વચ્ચે ક્લેશ થાય ત્યારે કોઈ એક ફિલ્મને અથવા બંને ફિલ્મને નુકસાનનો સામનો કરવો પડે છે, પરંતુ આ બંને ફિલ્મ બ્લોકબસ્ટર રહી હતી, જે એક અનોખી ઘટના રહી હતી. જોકે, આ પણ આમિર અને સન્ની દેઓલની ફિલ્મ વચ્ચેની પહેલી ટક્કર નહોતી, લગભગ ૩૫ વર્ષ પહેલાં પણ સન્નીની ઘાયલ અને આમિરની દિલ વચ્ચે ટક્કર થઈ હતી. આ બંને ફિલ્મો ૨૨ જુન, ૧૯૯૦ના દિવસે રિલીઝ થઈ હતી. ત્યારે પણ બંને ફિલ્મ બ્લોકબસ્ટર રહી હતી, ૨ કરોડના ખર્ચે બનેલી દિલની લગભગ ૨૦ કરોડની કમાણી હતી. જ્યારે અઢી કરોડના ખર્ચે બનેલી ઘાયલે પણ લગભગ ૨૦ કરોડની કમાણી કરી હતી.તે પછી ૧૯૯૬માં આમિરની રાજા હિન્દુસ્તાની અને સન્નીની ઘાતક વચ્ચે પણ આવી જ ટક્કર થઈ હતી.

બંને ફિલ્મ ૧૫ નવેમ્બર, ૧૯૯૬ના દિવસે રિલીઝ થઈ હતી. ત્યારે પણ ૫.૭૫ કરોડના ખર્ચ બનેલી રાજા હિન્દુસ્તાનીએ ૭૬.૩૪ કરોડની કમાણી કરી હતી. જ્યારે ૬.૨૫ કરોડના ખર્ચે બનેલી ઘાતકે ૩૨.૭૦ કરોડની કમાણી કરી હતી, આમ એ વખતે બંને ફિલ્મ બ્લોકબસ્ટર રહી હતી. પરંતુ જ્યારે ગદર અને લગાન વચ્ચે બોક્સ ઓફિસ પર ટક્કર થઈ તો ૨૫ કરોડના બજેટમાં બનેલી લગાને ગ્લોબલી ૬૫ કરોડની કમાણી કરી હતી, જોકે, આ ફિલ્મની આંતરરાષ્ટ્રિય સ્તરે નોંધ લેવાઈ હતી. જ્યારે આ વખતે સની દેઓલે આમિરને પાછળ છોડી દીધો હતો, ૧૮.૨૫ કરોડના બજેટમાં બનેલી ગદરે ગ્લોબલી ૧૩૩ કરોડના આંકડાને પાર કરી લીધો હતો.

બોક્સ ઓફિસ પર વારંવારની ટક્કર પછી હવે રસપ્રદ રીતે ફરી એક ઐતિહાસિક વિષય માટે સાથે આવી રહ્યા છે. સન્ની દેઓલની ગદર ૨ને એટલો જોરદાર પ્રતિસાદ મળ્યો કે એ ફિલ્મે ગ્લોબલી ૬૮૬ કરોડની કમાણી કરી, જેથી આમિરને એ વિષય પર વિશ્વાસ વધ્યો અને તેણે એ વિષય માટે સન્ની દેઓલનો સંપર્ક કર્યો. તેઓ 'જિસ લાહોર નઈ વેખ્યા' વિષય પર ફિલ્મ બનાવી રહ્યા છે, 'બટવારા ૧૯૪૭'. જેમાં ફરી એક વખત આઝાદીના સમયની વાત કરવામાં આવશે. આ વાર્તા માટે આમિરને સની દેઓલ સૌથી સારો કલાકાર લાગ્યો, એ બાબતે શરૂઆતમાં સન્ની દેઓલે પણ આશ્ચર્ય વ્યક્ત કર્યુ હતું. તેમાં પ્રિટી ઝીંટા, શબાના આઝમી, અલી ફઝલ અને કરણ દેઓલ પણ હશે અને આ ફિલ્મ ૧૪ ઓગસ્ટે રિલીઝ થશે.

# ગદર ફિલ્મની 'સકીના' અમીષા પટેલના રસપ્રદ ખુલાસા કર્યા

(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ**

ભારતીય સિનેમા જગતની ક્લાસિક અને ઓલ-ટાઈમ બ્લોકબસ્ટર ફિલ્મ 'ગદરઃ એક પ્રેમ કથા'ને આજે રિલીઝના ૨૫ વર્ષ પૂર્ણ થયા છે. આ ઐતિહાસિક અવસરે ફિલ્મમાં 'સકીના'ના અમર પાત્રને જીવંત કરનારી અભિનેત્રી અમીશા પટેલે પોતાના યાદગાર અને સંઘર્ષપૂર્ણ સફર અંગેના અનેક ચોંકાવનારા ખુલાસા કર્યા છે. બોલિવૂડ સુપરસ્ટાર સની દેઓલ અને અમીશા પટેલ અભિનીત આ ફિલ્મે બોક્સ ઓફિસ પર સફળતાના તમામ રેકોર્ડ ધ્વસ્ત કર્યા હતા. આ રજત જયંતી પર્વ નિમિત્તે આપેલા એક વિશેષ ઈન્ટરવ્યૂમાં અમીશા પટેલે ફિલ્મની પડદા પાછળની અજાણી વાતો, પાત્ર માટેની આકરી મહેનત અને સની દેઓલ સાથેના પોતાના શૂટિંગના અનુભવો વિશે ખુલ્લા દિલે વાત કરી છે.

અમીશા પટેલે જણાવ્યું કે, જ્યારે કરિયરની શરૂઆતમાં તેને 'ગદર' ફિલ્મમાં સની દેઓલની સામે મુખ્ય અભિનેત્રી તરીકે કાસ્ટ કરવાની ચર્ચા ચાલી રહી હતી, ત્યારે તેના મનમાં ઉંમરના તફાવતને લઈને ભારે દ્વિધા હતી. તે સમયને યાદ કરતા અમીશા કહે છે, "જ્યારે મને આ રોલની ઓફર થઈ, ત્યારે નિર્માતાઓ સામે મારો પહેલો સવાલ એ જ હતો કે, શું તમને નથી લાગતું કે હું આ ફિલ્મ માટે ખૂબ નાની છું? કારણ કે મારી સામે જે હીરો હતા, તેઓ ઉંમરમાં મારા કરતાં ઘણા મોટા અને સિનિયર હતા." જોકે, અમીશાનો આ સંશય દિગ્દર્શક અનિલ શર્માની સમજાવટ બાદ તુરંત જ દૂર થઈ ગયો હતો. દિગ્દર્શકે જ્યારે તેને વાર્તાની ઊંડાઈ અને પાત્રોની ગંભીરતા વિગતે સમજાવી, ત્યારે તેને સમજાયું કે ફિલ્મની અસલી સુંદરતા જ 'તારા સિંહ'ના રફ-એન્ડ-ટફ વ્યક્તિત્વ અને 'સકીના'ના અત્યંત નાજુક તેમજ માસૂમ સ્વભાવ વચ્ચેના વિરોધાભાસમાં છુપાયેલી છે. સિનેમાના ઈતિહાસમાં સુવર્ણ અક્ષરે અંકિત થયેલું 'સકીના'નું આ પાત્ર અમીશા પટેલને આસાનીથી મળ્યું નહોતું. આ રોલ મેળવવા માટે તેને એક આકરી સ્પર્ધા અને ઓડિશન પ્રક્રિયામાંથી પસાર થવું પડ્યું હતું. તે સમયે લગભગ ૫૦૦ જેટલી નવોદિત યુવતીઓએ આ પાત્ર માટે ઓડિશન્સ આપ્યા હતા, જેમાંથી અમીશાની આખરી પસંદગી થઈ હતી. પસંદગી થયા બાદ સકીનાના પાત્ર સાથે સંપૂર્ણ ન્યાય કરવા માટે અમીશાએ કલાકો સુધી રિસર્ચ કર્યું હતું. તેણે જણાવ્યું કે, "મેં પાત્રની ધાર્મિક અને સામાજિક પૃષ્ઠભૂમિને સમજવા માટે મસ્જિદોની મુલાકાત લીધી હતી. ત્યાં જઈને નમાઝ કેવી રીતે અદા કરવામાં આવે છે, તેની ઝીણવટભરી રીતો અને રીત-રિવાજો ખૂબ જ નજીકથી શીખ્યા હતા." આ ઉપરાંત તેમણે ભારત-પાકિસ્તાનના ભાગલા સમયના ઈતિહાસ અને સામાજિક પરિવેશનો પણ ઊંડો અભ્યાસ કર્યો હતો, જેમાં દિગ્દર્શક અનિલ શર્માએ તેને રોલની બારીકાઈઓ સમજવામાં ખૂબ મદદ કરી હતી.

ઈન્ટરવ્યૂ દરમિયાન અમીશા પટેલે સહ-અભિનેતા સની દેઓલના મન મૂકીને વખાણ કર્યા હતા. તેણે કહ્યું કે, સમયની સાથે સની દેઓલ પ્રત્યે તેમનો આદર અને સન્માન ઘણું વધી ગયું છે. સની દેઓલના શાંત અને સહયોગી સ્વભાવની પ્રશંસા કરતા અમીશાએ સેટ પરનો એક કિસ્સો શેર કર્યો હતો. આ વિશે વાત કરતાં અમીશાએ કહ્યું કે, "ઘણી વખત શૂટિંગ દરમિયાન એવું બનતું કે ડિરેક્ટર અનિલ શર્મા મારી પાસેથી કોઈ ખૂબ જ મુશ્કેલ કે ભાવનાત્મક દૃશ્ય કરાવવાનો આગ્રહ રાખતા, જેના કારણે હું અસ્વસ્થ થઈ જતી હતી.

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વના ૧૨વર્ષ પૂર્ણ થવાના અવસરે

# વલસાડ જિલ્લા ભાજપ કાર્યાલય 'શ્રી કમલમ્' ખાતે મહત્વપૂર્ણ બેઠક યોજાઈ

## ૧૯મી જૂને પ્રદેશ અધ્યક્ષ જગદીશભાઈ વિશ્વકર્માના વલસાડ પ્રવાસ અને આગામી પ્રશિક્ષણ વર્ગ અંગે વિસ્તૃત ચર્ચા કરાઈ



**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૧૬**

દેશના યશસ્વી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં કાર્યરત કેન્દ્ર સરકારના વિશ્વાસ, વિકાસ અને જનકલ્યાણના સફળ ૧૨વર્ષ પૂર્ણ થવાના અવસરે આગામી ૫મી જૂન 'વિશ્વ પર્યાવરણ દિવસ'થી ૨૧મી જૂન 'વિશ્વ યોગ દિવસ' દરમિયાન વિવિધ કાર્યક્રમાનું આયોજન કરવામાં આવ્યું છે. આ અંતર્ગત, ગુજરાત પ્રદેશ ભારતીય જનતા પાર્ટીના અધ્યક્ષ શ્રી જગદીશભાઈ વિશ્વકર્માના આગામી તારીખ ૧૯મી જૂનના વલસાડ પ્રવાસ કાર્યક્રમ અને આગામી પ્રશિક્ષણ વર્ગના સંદર્ભમાં આજરોજ વલસાડ જિલ્લા ભાજપ મુખ્ય કાર્યાલય 'શ્રી કમલમ' ખાતે એક મહત્વપૂર્ણ બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ બેઠક પ્રદેશ સંગઠન મહામંત્રીશ્રી રત્નાકરજી તેમજ પ્રદેશ મહામંત્રી અને દક્ષિણ ઝોનના પ્રભારી શ્રી પ્રશાંતભાઈ કોરાટના માર્ગદર્શન હેઠળ, વલસાડ જિલ્લા ભાજપ પ્રમુખ શ્રી હેમંતભાઈ કંસારાના અધ્યક્ષ સ્થાને અને પ્રદેશ મંત્રી શ્રીમતી સોનલબેન સોલંકી (જૈન)ની વિશેષ ઉપસ્થિતિમાં યોજાઈ હતી. બેઠકમાં પ્રદેશ અધ્યક્ષશ્રીના આગામી પ્રવાસ કાર્યક્રમને ભવ્ય અને સફળ બનાવવા માટેની વ્યૂહરચના ઘડવામાં આવી હતી. સાથે સાથે જ કાર્યકર્તાઓના વૈચારિક અને સંગઠનાત્મક સુદૃઢીકરણ માટે યોજાનારા આગામી પ્રશિક્ષણ વર્ગ અંગે પણ વિસ્તૃત ચર્ચા-વિચારણા કરી જરૂરી જવાબદારીઓની સોંપણી કરવામાં આવી હતી.

આ મહત્વપૂર્ણ બેઠકમાં વલસાડ જિલ્લા ભાજપના મહામંત્રીઓ શ્રી કમલેશભાઈ પટેલ અને શ્રી નિખિલભાઈ ચોકસી, વલસાડ જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રીમતી હેતલબેન પટેલ, પ્રદેશ યુવા મોરચાના કોષાઅધ્યક્ષ શ્રી ધ્રુવીભાઈ પટેલ સહિત જિલ્લા સંગઠનના હોદ્દેદારો, વિવિધ મંડળના પ્રમુખશ્રીઓ, મહામંત્રીશ્રીઓ તેમજ વિવિધ મોરચાના પ્રમુખશ્રીઓ, મહામંત્રીશ્રીઓ અને અપેક્ષિત શ્રેણીના ઉત્સાહી કાર્યકર્તાઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

મોદી સરકારના ૧૨ વર્ષના સુશાસનને જન-જન સુધી પહોંચાડવા અને આગામી તમામ કાર્યક્રમોને વલસાડ જિલ્લામાં અભૂતપૂર્વ સફળતા અપાવવા માટે તમામ કાર્યકર્તાઓએ એકજુથ થઈને કાર્ય કરવાનો સંકલ્પ વ્યક્ત કર્યો હતો.

# પુનાટના અખંડાનંદ આશ્રમમાં ભવ્યાતિભવ્ય 'પુરૂષોત્તમ માસ મહોત્સવ' સંપન્ન: લક્ષ્મીનારાયણ મહાયજ્ઞ અને ભાગવત કથામાં ઉમટી ભક્તોની જનમેદની





**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૧૬**

વલસાડ જિલ્લાના પુનાટ સ્થિત અખંડાનંદ આશ્રમ અને શ્રી વચ્છરાજ ગીર ગૌશાળાના પાવન પરિસરમાં પવિત્ર પુરૂષોત્તમ માસ નિમિત્તે આયોજિત ભવ્યાતિભવ્ય ધાર્મિક મહોત્સવ આધ્યાત્મિક માહોલમાં ભક્તિભાવપૂર્વક સંપન્ન થયો છે. આશ્રમના સંચાલક અને માર્ગદર્શક શ્રીમહંત સચિવ અખંડાનંદ સરસ્વતી મહારાજના દિવ્ય સાંન્નિધ્યમાં યોજાયેલા આ મહોત્સવે સમગ્ર પંથકને ભક્તિરસમાં તરબોળ કરી દીધો હતો.

આ મહોત્સવ અંતર્ગત ગત તા.૧૭/૦૫/૨૦૨૬ થી તા.૧૫/૦૬/૨૦૨૬ સુધી એક માસ લાંબા 'શ્રી લક્ષ્મીનારાયણ મહાયજ્ઞ'નું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. આ દિવ્ય યજ્ઞમાં દરરોજ વિવિધ ભાવિક





દંપતીઓએ યજમાનપદે બિરાજીને આહુતિઓ આપી ભગવાન લક્ષ્મીનારાયણના આશીર્વાદ પ્રાપ્ત કર્યા હતા. આ સાથે જ મહોત્સવના ભાગરૂપે તા.૦૧/૦૬/૨૦૨૬ થી તા.૦૭/૦૬/૨૦૨૬ દરમિયાન શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞનું પણ આયોજન કરાયું હતું. આ કથા શ્રવણનો લાભ લેવા માટે મુંબઈ, વાપી, ભિલાડ, ઉમરગામ તથા વલસાડ સહિતના વિસ્તારોમાંથી વિવિધ મહિલા મંડળો અને બહોળી સંખ્યામાં શ્રદ્ધાળુઓ ઉમટી પડ્યા હતા.

ગત તા.૧૫/૦૬/૨૦૨૬ના રોજ સોમવતી અમાવસ્યાના પરમ પવિત્ર અવસરે આ મહાનુષ્ઠાનની પૂર્ણાહુતિ થઈ હતી. યજ્ઞની પૂર્ણાહુતિ નિમિત્તે આશ્રમ ખાતે વિશેષ બટુક ભોજન (મહાપ્રસાદ)નું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં પુનાટ, કરાડપાડા તથા અણગામ પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર મહાપ્રસાદ ગ્રહણ કર્યો હતો. આ પ્રસંગે બાળકોને શૈક્ષણિક પ્રોત્સાહન રૂપે નોટબુક અને બોલપેનનું વિતરણ પણ કરવામાં આવ્યું હતું. પૂર્ણાહુતિ પ્રસંગે પધારેલા અનેક નામી-અનામી સંતો-મહંતો તેમજ અસંખ્ય ભક્તોએ મહાપ્રસાદનો લાભ લઈ ધન્યતા અનુભવી હતી.

આ સમગ્ર ભવ્ય અને દિવ્ય અનુષ્ઠાનને સફળ બનાવવામાં અનંત વિભૂષિત શ્રી શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર જયાનંદ સરસ્વતી મહારાજ તથા સંતશ્રી કૃષ્ણાનંદ સરસ્વતી મહારાજનું વિશેષ માર્ગદર્શન સાંપડ્યું હતું. આ સાથે જ આનંદ પરિવારના નાના-મોટા તમામ સભ્યોએ તન-મન-ધનથી રાત-દિવસ સેવા આપી આ મહોત્સવને સફળ બનાવ્યો હતો, જેનો અલૌકિક આનંદ અને આધ્યાત્મિક લાભ સમગ્ર સમાજને મળ્યો છે.

# ધરમપુરના હનુમતમાળ ખાતે ધારાસભ્ય અરવિંદભાઈ પટેલના અધ્યક્ષસ્થાને જનકલ્યાણ શિબિર યોજાઈ



**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૧૬**

પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ''સેવા, સુશાસન અને ગરીબ કલ્યાણ'' ના ૧૨ વર્ષની આ અવિરત યાત્રા આજે દેશના ખૂણે-ખૂણાને વિકાસની નવી ઊંચાઈઓ પર લઈ જઈ રહી છે. ત્યારે જનકલ્યાણના સંકલ્પને સાકાર કરતી જનકલ્યાણ શિબિર ધરમપુરના હનમતમાળ ગામ ખાતે પ્રાથમિક શાળામાં ધારાસભ્યશ્રી અરવિંદભાઈ પટેલના અધ્યક્ષસ્થાને યોજાઈ હતી.

આ પ્રસંગે ધારાસભ્યએ જણાવ્યું કે, રાજ્ય સરકારની વિવિધ જનકલ્યાણકારી યોજનાઓનો લાભ અંતિમ વ્યક્તિ સુધી પહોંચે, લાભાર્થીઓની સમસ્યાઓનું સ્થળ પર નિરાકરણ થાય અને નાગરિકોને સરળતાથી સરકારી સેવાઓ મળી રહે તે હેતુથી આયોજિત આ શિબિરમાં મોટી સંખ્યામાં નાગરિકો લાભ લઈ રહ્યા છે. આ સમગ્ર આયોજનને સફળ બનાવવા બદલ તમામ અધિકારીઓ, કર્મચારીઓ, જનપ્રતિનિધિઓ તથા ઉપસ્થિત નાગરિકોનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરું છું. ''સેવા, સુશાસન અને જનકલ્યાણ''ના મંત્ર સાથે લોકોના હિત માટે અમારી પ્રતિબદ્ધતા સતત યથાવત રહેશે.

આ જન કલ્યાણ શિબિરમાં હનમતમાળ અને આવધા જિલ્લા પંચાયત બેઠકમાં સમાવિષ્ટ ગામના લોકોએ મોટી સંખ્યામાં લાભ લીધો હતો.

# પારડી ચિંચવાડા (પારનેરા)માં પ્રફુલભાઈ શુક્લની ભાગવત કથાનો બુધવારથી આરંભ

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**પારડી, તા.૧૬**

વલસાડ તાલુકાના પારનેરા પાસે ચિચવાડા ગામે સ્કૂલફળિયામાં ૧૭/૬/૨૦૨૬ થી ૨૩/૭/૨૦૨૬ સુધી વિશ્વ વિખ્યાત પીઢ કથાકાર શ્રી પ્રફુલભાઈ શુક્લની ભાગવત કથાનું આયોજન લોકગાયક શ્રી દીપકભાઈ બારોટ અને ગ્રામજનો દ્વારા કરવામાં આવ્યું છે. કથાનું દીપ પ્રાગટ્ય આછવણી પ્રગટેશ્વર ધામના ધર્માચાર્ય પ્રભુ દાદાના હસ્તે કરવામાં આવશે.

ધારાસભ્યશ્રી ભરતભાઈ પટેલ, અગ્રણી બિલ્ડર્સ શ્રી ચંદ્રેશભાઈ ભાનુશાલી, બીલીમોરાના ભાવિનભાઈ ટંડેલ, શ્રી મિતુલભાઈ પટેલ, સંકટ હરણ હનુમાન ભુપેશભાઈ દેસાઇ, રૂપાબેન દીપકભાઈ પટેલ, કોસંબા



તથા હિંગરાજ ભદેલી ભક્ત મંડળ કથામાં ઉપસ્થિત રહેશે.

દીપકભાઈ બારોટ દ્વારા સમગ્ર દક્ષિણ ગુજરાતના ભક્તોને કથા શ્રવણ કરવા આમંત્રણ અપાયું છે. ભાગ્યમાં હોય તેને જ ભાગવત મળે છે, સદ્ભાગી હોય તે જ સહભાગી થાય છે, એમ કહીને શ્રી પ્રફુલભાઇ શુક્લએ કથાની સફળતા માટે દિપક બારોટને આશીર્વાદ આપ્યા છે બપોરે ૩ થી ૬ કથાનો સમય રાખવામાં આવ્યો છે.

# વાપી આર.કે.દેસાઈ અચ્છારીવાલા BCA કોલેજ ખાતે 'નશા મુક્ત ભારત યોજના' અંતર્ગત જાગૃતિ કાર્યક્રમ યોજાયો

**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૧૬**

આર.કે. દેસાઈ અચ્છારીવાલા કોલેજ ઓફ કમ્પ્યુટર એન્ડ એપ્લાઇડ સાયન્સિસ, વાપી (BCA) ખાતે 'નશા મુક્ત ભારત યોજના' અંતર્ગત વિદ્યાર્થીઓમાં નશામુક્તિ અંગે જાગૃતિ ફેલાવવા માટે વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.આ કાર્યક્રમ બ્રહ્માકુમારીજ, વાપીના સહયોગથી યોજાયો હતો.

કાર્યક્રમની શરૂઆત મહાનુભાવોના સ્વાગત સાથે કરવામાં આવી હતી. કાર્યક્રમની શરૂઆત BCA વિભાગના એચઓડી શ્રીમતી નેહા પટેલના સ્વાગત પ્રવચનથી કરવામાં આવી હતી. તેમણે પોતાના ઉદ્બોધનમાં વિદ્યાર્થીઓને સંબોધતા જણાવ્યું હતું કે, આજના યુગમાં યુવાનો દેશનું ભવિષ્ય છે અને તેમનું શારીરિક, માનસિક તથા નૈતિક સ્વાસ્થ્ય ખૂબ જ મહત્વપૂર્ણ છે. તેમણે વિદ્યાર્થીઓને નશા જેવી કુટેવોથી દૂર રહીને શિક્ષણ, સંસ્કાર અને સકારાત્મક વિચારો





દ્વારા પોતાના જીવનને સફળ બનાવવા માટે પ્રેરિત કર્યા હતા.

કાર્યક્રમમાં મુખ્ય વક્તા તરીકે ઉપસ્થિત રહેલ બ્રહ્માકુમારી સોનમ બહેને વિદ્યાર્થીઓને નશાના દુષ્પ્રભાવો, સકારાત્મક વિચારસરણી, માનસિક સ્વાસ્થ્ય અને આત્મબળના મહત્વ અંગે માર્ગદર્શન આપ્યું. તેઓ એક પ્રખ્યાત મોટિવેશનલ સ્પીકર, સ્પિરિચ્યુઅલ કાઉન્સેલર અને આર્ટ થેરાપિસ્ટ તરીકે સમાજમાં નોંધપાત્ર સેવાઓ આપી રહ્યા છે.

આ ઉપરાંત બી.કે. ચંદા બહેન, જેઓ એક જાણીતા પબ્લિક સ્પીકર છે, તેમણે વિદ્યાર્થીઓને નશામુક્ત જીવન જીવવા, સારા સંસ્કારો અપનાવવા અને જીવનમાં સફળતા પ્રાપ્ત કરવા માટે પ્રેરણાદાયી સંદેશ આપ્યો. કાર્યક્રમ દરમિયાન નશાના દુષ્પરિણામો અને સ્વસ્થ જીવનશૈલી અંગેનો વિડિયો શો પણ રજૂ કરવામાં આવ્યો, જેને વિદ્યાર્થીઓએ ખૂબ રસપૂર્વક નિહાળ્યો.

આ કાર્યક્રમનો મુખ્ય હેતુ યુવાનોને નશાના વ્યસનથી દૂર રાખી સ્વસ્થ, સકારાત્મક અને જવાબદાર નાગરિક તરીકે ઘડવાનો હતો. વિદ્યાર્થીઓએ કાર્યક્રમમાંથી મહત્વપૂર્ણ માહિતી મેળવી અને નશામુક્ત જીવન જીવવાનો સંકલ્પ કર્યો હતો.

આ કાર્યક્રમને સફળ બનાવવા માટે સંસ્થાના ચેરમેન શ્રી મિલનભાઈ દેસાઈ, કેમ્પસ ડાયરેક્ટર ડૉ.મિત્તલ શાહ, કોલેજના એચઓડી નેહા પટેલ, અધ્યાપકગણ તથા બ્રહ્માકુમારીજ, વાપીના પ્રતિનિધિઓએ મહત્વપૂર્ણ યોગદાન આપ્યું હતું.

# વાપી કેબીએસ એન્ડ નટરાજ કોલેજ બીસીએના સેમેસ્ટર-૪માં શાનદાર સિદ્ધિ મેળવી





**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૧૬**

વાપીના ચણોદ કોલોની સ્થિત કેશવજી ભારમલ સુમરીયા એન્ડ નટરાજ પ્રોફેશનલ સાયન્સીસ કોલેજમાં બી.કોમ., બી.એસસી., બી.સી.એ., બી.બી.એ., એમ.કોમ. અને એમ.એસસી. સહિતના વિવિધ અભ્યાસક્રમો સફળતાપૂર્વક ચલાવવામાં આવે છે. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત અંતર્ગત શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬ દરમિયાન માર્ચ/એપ્રિલ ૨૦૨૬માં લેવાયેલી BCA સેમેસ્ટર-૪ની પરીક્ષાનું પરિણામ જાહેર થતાં કોલેજના વિદ્યાર્થીઓએ ઉત્કૃષ્ટ શૈક્ષણિક પ્રદર્શન નોધાવ્યું છે. પરિણામ અનુસાર ૯.૦૦SGPA સાથે આશિષ સિંઘે પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યુ છે.જ્યારે 8.73 SGPA સાથે સાહિલ મંડલ અને નેત્રા ગાયકરે સંયુક્ત રીતે દ્વિતીય સ્થાન મેળવ્યું છે. ઉપરાંત 8.55 SGPA સાથે અર્ચના કુશવાહાએ તૃતીય સ્થાન હાંસલ કરી કોલેજનું ગૌરવ વધાર્યું છે. વિદ્યાર્થીઓની આ નોંધપાત્ર સિદ્ધિ તેમના સમર્પણ, સતત મહેનત અને શ્રેષ્ઠતા પ્રત્યેની પ્રતિબદ્ધતાનું પ્રતિબિંબ છે. આ સફળતા માત્ર વિદ્યાર્થીઓ અને તેમના પરિવારજનો માટે જ નહીં પરંતુ સમગ્ર સંસ્થા માટે ગૌરવની ક્ષણ બની છે.

કોલેજના આચાર્ય ડૉ.પૂનમ બી. ચૌહાણ, મેનેજમેન્ટ, અધ્યાપકગણ તથા સ્ટાફે સફળતા મેળવનાર તમામ વિદ્યાર્થીઓને હાર્દિક અભિનંદન પાઠવ્યા હતા અને તેમના ઉજ્જવળ તથા સમૃદ્ધ ભવિષ્ય માટે શુભેચ્છાઓ વ્યક્ત કરી હતી.

**CHANGE OF NAME**
**OLD NAME:**
JAYASHRI LAHU KORADE
**NEW NAME:**
**JAYASHRI SAYMANBHAI BIJ**
**ADDRESS:** RUDANA PARASPADA, KHANVEL, DADRA & NAGAR HAVELI- 396 230

# વાપીના ગીતાનગરમાં ભોજન લેવા ગયેલો ૧૦ વર્ષીય બાળક ગુમ



**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૧૬**

વાપીના ગીતાનગરમાં આંબાવાડી ખાતે રાજુભાઈ સરપંચના મકાન પાસે રહેતા રાજુભાઈ સ્વામી ગુડેનો ૧૦ વર્ષીય પુત્ર નિતેશ તા.૦૬/૦૫/૨૦૨૬ના રોજ બપોરે ૨ થી ૩ વાગ્યા દરમિયાન વાપીમાં ગીતાનગર ખાતે એન.એસ.પાર્કિંગની બાજુમાં રેલવે સ્ટેશનની સામે સરદાર માર્કેટ પાસે એક ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા નિ:શુલ્ક ભોજન વિતરણ કરવામાં આવે છે ત્યાં ગયો હતો. ત્યાંથી ૧૦ વર્ષીય નિતેશ કોઈને કહ્યા વિના ક્યાંક ચાલી ગયો હતો અથવા તો કોઈ અજાણ્યો ઈસમ તેને લલચાવી ફોસલાવી કાયદેસરના વાલીપણામાંથી અપહરણ કરી ગયો હોવાનું જણાય છે, જેથી પિતાએ વાપી ટાઉન પોલીસ મથકે પુત્ર નિતેશ ગુમ થયાની જાણ કરી હતી. નિતેશ શરીરે પાતળો બાંધો, શ્યામ વર્ણ અને ૩ ફૂટ પાંચ ઈંચ ઉંચાઈ ધરાવે છે. જે હિન્દી અને ગુજરાતી ભાષા જાણે છે. જે કોઈને પણ આ ગુમ નિતેશ ગુડેની ભાળ મળે તો વાપી ટાઉન પોલીસ મથકે જાણ કરવા અખબારી યાદીમાં જણાવાયુ છે.

# લવાછાથી પરિણીતા ડોલી તિવારી બે બાળકો સાથે ગુમ

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૧૬**

વલસાડ જિલ્લાના નાનાપોંઢા તાલુકાના લવાછા ગામ ખાતે અંબિકા પાર્કના એલ-૩ બિલ્ડિંગમાં રૂમ નં.૧૦૫માં રહેતા નિરજ જયપ્રકાશ તિવારીની ૨૪ વર્ષીય પત્ની ડોલીકુમારી તા.૦૧/૦૬/૨૬ના રોજ બપોરે ૩ થી રાત્રિના ૯ કલાક દરમિયાન કોઈને કંઈપણ કહ્યા વિના ક્યાંક ચાલી ગઈ હતી. બનાવ અંગે ૨૮ વર્ષીય નિરંજનકુમાર મોફિલદેવ શર્મા (હાલ રહે.દિલીપભાઈની ચાલ, રૂમ નં.૦૨, લવાછા, નાનાપોંઢા, મૂળ રહે.ગામ-શિકારપુર, થાના. મજોલીયા, જિ.પશ્ચિમ ચંપારણ, બિહાર) એ નાનાપોંઢા પોલીસ મથકે જાણ કરી હતી. પત્ની ડોલી પોતાની



સાથે પાંચ વર્ષીય પુત્ર નમન નિરજ તિવારી અને ત્રણ વર્ષીય પુત્ર નૈતિક તિવારીને પણ સાથે લઈ ગઈ હતી. ડોલી શરીરે મધ્યમ બાંધો, ઘઉવર્ણ અને પાંચ ફૂટ પાંચ ઈંચ ઉંચાઈ ધરાવે છે. તેણે સાડી પહેરી હતી. પાંચ વર્ષીય નમન ઘઉવર્ણ અને બે ફૂટ છ ઈંચ ઉંચાઈ અને નૈતિક ઘઉવર્ણ અને એક ફૂટ છ ઈંચ ઉંચાઈ ધરાવે છે. જેઓ હિન્દી અને બિહારી ભાષા જાણે છે. જે કોઈને પણ આ ગુમ માતા પુત્રો અંગે ભાળ મળે તો નાનાપોંઢા પોલીસ મથકે જાણ કરવા અખબારી યાદીમાં જણાવાયુ છે.

**Government Engineering College, Varkund, Nani Daman - 396210**

The following posts are to be filled up on "**Short Term Contract Basis**" in the Government Engineering College, Daman on Short Term Contract Basis for a period of six months as under: -

Recruitment of Assistant Professor for 01-Post of English

**No.1.0-EST-GEC/Volume-III/2026-27/212**

www.ddd.gov.in
www.govtenggcollegedaman.org.in

**Starting Date: 16/06/2026**
**Ending Date:16/07/2026**

**No. IP/DMN/2/5/2026-27/253, Dated: 16/06/2026**

**UT Administration of Dadra & Nagar Haveli and Daman & Diu**

**Walk-In Interview for the various post on Short Term Contract Basis**

Advt. DIU/EDN/SS/STC/Recruitment/2026-27/78, Dated:- 16/06/2026

Walk-In Interview Date: 01-07-2026, Time : 8.30 AM.

Venue: Gov't. Higher Secondary School, Diu, Education Department, Collectorate, Diu

Directorate of Education, Samagra Shiksha-Diu

Scan for more details or visit www.diu.gov.in & ddd.gov.in

**No. IP/DMN/2/5/2026-27/252, Dated: 16/06/2026**

વર્તમાન પ્રવાહ વાંચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. વર્તમાન પ્રવાહ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઈ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રિન્ટર, પબ્લિશર, તંત્રી, વર્તમાન પ્રવાહ જૂથ પબ્લિકેશનના માલિક તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.- વ્યવસ્થાપક

**Owner, Publisher, Printer & Editor: Mukesh H. Gosavi, Printed at Vartman Pravah Offset Division :- 17-Sapphair Industrial Park, Dabhel, Nani Daman (U.T.), Publication Place : 92 Damanwada, Bhamti, Moti Daman, Daman (U.T.)**

### વલસાડ જિલ્લા દક્ષિણ વન વિભાગ દ્વારા

# ઉમરગામના મલાવ ખાતે 'એક પેડ માઁ કે નામ' કાર્યક્રમમાં સંવેદનશીલતા ભુલાઈ: વિદ્યાર્થીઓને એક કલાક સુધી આકરા તાપમાં ઉભા રાખ્યા

**ભીડ એકઠી કરવા ૧૫૦થી વધુ વિદ્યાર્થીઓને બોલાવાયાઃ અસહ્ય ગરમીના કારણે વિદ્યાર્થીઓ પરસેવે રેબઝેબ થઈ જતા તેમની સ્થિતિ દયનીય બની જતા બે વિદ્યાર્થીઓને ચક્કર આવતા જમીન પર જ ઢળી પડ્યા**








**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી,તા.૧૬**

વલસાડ જિલ્લા દક્ષિણ વન વિભાગ દ્વારા આજે મંગળવારે ઉમરગામના મલાવ ખાતે 'એક પેડ મા કે નામ' અંતર્ગત વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જો કે, સરકારી કાર્યક્રમોની શોભા વધારવા માટે વિદ્યાર્થીઓના સ્વાસ્થ્યને જોખમમાં મૂકવાની વહીવટી તંત્રની એક ગંભીર અને સંવેદનહીન બેદરકારી આ કાર્યક્રમમાં સામે આવી છે. કાળઝાળ ગરમી વચ્ચે કલાકો સુધી તડકામાં ઊભા રાખવામાં આવતા શાળાના વિદ્યાર્થીઓની હાલત કફોડી બની હતી, જેમાં બે વિદ્યાર્થીઓ ચક્કર આવવાના કારણે જમીન પર ઢળી પડ્યા હતા.

આ સરકારી કાર્યક્રમમાં માત્ર હાજરી અને શોભા વધારવા માટે તુંબ ગામની શાળાના ધોરણ ૯ અને ૧૦ના ૧૫૦થી વધુ વિદ્યાર્થીઓને લાવવામાં આવ્યા હતા. મંચ પરથી નેતાઓ અને અધિકારીઓના ભાષણો અને કાર્યક્રમની શરૂઆત થઈ, પરંતુ બીજી તરફ કાળઝાળ ગરમી અને બફારા વચ્ચે આ માસૂમ બાળકો લગભગ એક કલાક સુધી ખુલ્લા તડકામાં ઊભા રહ્યા હતા.

અસહ્ય ગરમીના કારણે વિદ્યાર્થીઓ પરસેવે રેબઝેબ થઈ ગયા હતા અને તેમની સ્થિતિ દયનીય બની હતી. આ આકરી ગરમી સહન ન થઈ શકવાને કારણે બે વિદ્યાર્થીઓને ચક્કર આવી ગયા હતા અને તેઓ જમીન પર ઢળી પડ્યા હતા. ગંભીર બાબત એ છે કે બાળકોની તબિયત બગડ્યા પછી પણ તેમને સમયસર યોગ્ય તબીબી સારવાર મળી ન હતી, જે વહીવટી તંત્રની ક્રૂર સંવેદનહીનતા દર્શાવે છે.

તંત્રની બેદરકારી માત્ર કાર્યક્રમ સ્થળ પૂરતી સીમિત ન હતી. તુંબ શાળાના ૧૫૦થી વધુ વિદ્યાર્થીઓને કાર્યક્રમમાં લાવવા અને લઈ જવા માટે કોઈ સુરક્ષિત વાહનની વ્યવસ્થા કરવાને બદલે, શાળા સંચાલકો દ્વારા બાળકોને માલવાહક ટેમ્પોમાં ઘેટાં-બકરાની જેમ ખીચોખીચ ભરીને લાવવામાં આવ્યા હતા અને એ જ રીતે પરત લઈ જવાયા હતા. કોઈપણ જાતની સુરક્ષા કે સુવિધા વિના વિદ્યાર્થીઓને આ રીતે લાવવા-લઈ જવા એ પ્રશાસન અને શાળા તંત્રની ઘોર લાપરવાહી છતી કરે છે.

એક તરફ પર્યાવરણ બચાવવા માટે 'એક પેડ મા કે નામ' જેવા પ્રશંસનીય અભિયાનો ચલાવવામાં આવે છે, ત્યારે બીજી તરફ તેની પાછળ છુપાયેલી વહીવટી તંત્રની સંવેદનહીનતા અનેક ગંભીર સવાલો ઊભા કરે છે. શું સરકારી કાર્યક્રમોમાં માત્ર સ્ટેજની શોભા વધારવા અને ભીડ એકઠી કરવા માટે માસૂમ વિદ્યાર્થીઓના સ્વાસ્થ્યને જોખમમાં મૂકવું કેટલું યોગ્ય છે? સૌથી મોટો અને શરમજનક સવાલ એ છે કે, ડિજિટલ અને સુરક્ષિત ગુજરાતના દાવાઓ વચ્ચે શાળાના નિર્દોષ બાળકોને માલવાહક ટેમ્પોમાં ઘેટાં-બકરાની જેમ ખીચોખીચ ભરીને લાવવા-લઈ જવાની મંજૂરી કોણે આપી? જો આ પરિવહન દરમિયાન કે ગરમીના કારણે કોઈ મોટી દુર્ઘટના ઘટી હોત, તો તેની જવાબદારી કોની? વન વિભાગ, શાળા સંચાલકો કે પછી સ્થાનિક વહીવટી તંત્ર?

### ધરમપુર શાકભાજી માર્કેટમાં

# ડુંગળીના ભાવમાં ૧૦ રૂપિયાની રકઝકમાં મામલો હાથાપાઈ અને મારામારીમાં ફેરવાયો





**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૧૬**

ધરમપુર શાકભાજી માર્કેટમાં મંગળવારે ગ્રાહક અને વેપારી વચ્ચે ડુંગળીના ભાવમાં ૧૦ રૂપિયાની રકઝક હાથાપાઈ અને મારામારીમાં ફેરવાતા માર્કેટમાં ભારે ઉત્તેજના ફેલાઈ હતી.

ધરમપુર શાકભાજી માર્કેટમાં ડુંગળી ખરીદવા આવેલ ગ્રાહકે બે કીલો ડુંગળી ખરીદી હતી. વેપારીએ તે પેટે ૬૦ રૂપિયા માંગ્યા હતા. ગ્રાહક ૫૦ રૂપિયા આપવા માંગતો હતો. બન્ને વચ્ચે ૧૦ રૂપિયાના મામલે ઉગ્ર વિવાદ થયો અને વાત વિવાદ સુધી નહી અટકતા હાથાપાઈ અને મારામારી સુધી પહોંચી ગયો હતો. બન્ને પક્ષો વચ્ચે ગડદા પાટુ શરૂ થઈ ગયું હતું. અન્ય વેપારી અને લોકોએ મામલો માંડ થાળે પાડ્યો હતો. પરંતુ મામલો પોલીસ સ્ટેશન સુધી પહોંચ્યો હતો, બન્ને પક્ષોએ સામસામી ફરિયાદ નોંધાવી હતી. પોલીસે નિવેદન નોંધી આગળની વધુ તપાસ હાથ ધરી હતી.

# વાપીમાં ૧૪ વર્ષીય કિશોરી સાથે દુષ્કર્મ કરનાર ૩૭ વર્ષીય આરોપીને ૨૦ વર્ષની સખત કેદ

**કોર્ટે પીડિતાને વળતર પેટે રૂ.૪ લાખ ચૂકવવા આદેશ કર્યો**

**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી,તા.૧૬**

વાપીના ચણોદ વિસ્તારમાં રહેતી ૧૪ વર્ષીય કિશોરીને પ્રેમજાળમાં ફસાવી સમયાંતરે શારીરિક સંભોગ કરી ગર્ભવતી બનાવી દેવાના કેસમાં વાપી એડિશનલ સેશન્સ કોર્ટે હવસખોર આરોપીને ૨૦ વર્ષની કેદની સજા અને રૂ.૧૦ હજારનો દંડ ફટકારતો મહત્વનો ચૂકાદો આપ્યો છે. કોર્ટે પિડિતાને વળતર પેટે રૂ.૪ લાખ ચૂકવવા આદેશ કર્યો છે.

કેસની વિગત એવી છે કે, વાપીના ચણોદ વિસ્તારમાં એક પરપ્રાંતિય પરિવાર રહે છે. વર્ષ ૨૦૨૪માં પાડોશમાં રહેતા રમેશ ગોરખનાથ પ્રજાપતિ પરિવારની ૧૪ વર્ષીય કામીની (નામ બદલ્યું છે.) સાથે વાતચીત કરતો હતો. સમયાંતરે



હવસખોર રમેશ કામીનીને પોતાની રૂમ પર બોલાવી શારીરિક સંભોગ કર્યો હતો.

જો કે હવસખોરના કૃત્ય અંગે કામીનીએ પરિવારને જાણ કરી ન હતી. જો કે માતાને કામીનીનું પેટ મોટુ થયાનું જણાતાં ડોકટર પાસે લઈ જતાં કામીની ગર્ભવતી હોવાનો ભાડો ફંટયો હતો. આખરે કામીનીએ પાડોશી રમેશ પ્રજાપતિના ગંભીર કૃત્ય અંગે આખી બિના જણાવતા માતા સ્તબ્ધ બની ગઈ હતી.

હવસખોર રમેશ પ્રજાપતિ સામે ફરિયાદ નોંધાવ્યા બાદ પોલીસે આરોપીની ધરપકડ કરી હતી. ડુંગરા પોલીસે આરોપી સામે કોર્ટમાં ચાર્જશીટ પણ દાખલ કરી દીધી હતી. વાપી એડિશનલ સેશન્સ કોર્ટમાં આ કેસ સંદર્ભે હાથ ધરાયેલી સુનાવણી દરમિયાન પબ્લિક પ્રોસિક્યુટર અનિલ ત્રિપાઠીએ પિડીતા, પરિવારજનો સહિત લોકોની જુબાની અને મેડિકલ રિપોર્ટના આધારે અનેક પાસાઓ પર ધારદાર દલીલો કરી હતી. જજ ડો. એચ.એન.વકીલે આરોપી રમેશ પ્રજાપતિને તકસીરવાર ઠેરવી ૨૦ વર્ષની કેદની સજા અને રૂ.૧૦ હજારનો દંડ ફટકારતો ચૂકાદો આપ્યો છે. સાથે પિડીતાને રૂ.૪ લાખ વળતર પેટે ચૂકવવા પણ હુકમ કર્યો છે.

### નવસારી એલસીબી પોલીસે

# મજીગામથી દારૂ ભરેલ કાર સાથે ૪ ઈસમોને ઝડપી પાડ્યા



-તસવીરઃ દિપક સોલંકી

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**ચીખલી,(વંકાલ), તા.૧૬**

નવસારી એલસીબી પોલીસે મજીગામ ગામેથી કારમાં લઈ જવાતો ૩.૧૫ લાખના વિદેશી દારૂ સાથે ચાર જેટલા ખેપિયાને ઝડપી પાડી પાયલોટિંગ કાર સહિત ૧૫.૩૦ લાખનો મુદ્દામાલ કબજે કરી વધુ તપાસ હાથ ધરી છે.

નવસારી એલસીબીના પીઆઇ. વી.જે.જાડેજા, વાય.જી.ગઢવી, બ્રિજેશ સતિષચંદ્ર, જયેશ બાબુજી, કિરણ ભગુભાઇ, અર્જુન હર્ષદભાઈ સહિતનો સ્ટાફ જિલ્લામાં પેટ્રોલિંગમાં હતા. દરમિયાન પૂર્વ બાતમીના આધારે મજીગામ ને.હા.૪૮ મુંબઈથી અમદાવાદ જતા ટ્રેક ઉપર વોચ ગોઠવી હતી.

દરમિયાન બાતમી મુજબની ઈનોવા કાર નં-જીજે-૦૫-જેક્યું-૦૬૪૫ તેમજ પાયેલોટિંગ વાળી ક્રેટા કાર નં-જીજે-૧૫-સીપી-૧૬૨૬ એમ બન્ને કાર આવતા જેને રોકવાનો ઈશારો કરતા પોલીસની નાકાબંધી જોઈ બન્ને કાર હંકારી લેતા પોલીસે પીછો કરતા સદર બન્ને કારને કોર્ટન કરી ઝડપી લઈ કારની તલાસી લેતા અંદરથી ભારતીય બનાવટની વિદેશી દારૂ, ટીન-બિયર તથા વોડકાની નાની મોટી બોટલ નંગ-૧૨૧૨ જેની કિ. રૂા.૩,૧૫,૬૦૦/- તેમજ ઈનોવા કારની કિં.રૂા.૭-લાખ, ક્રેટા કાર કિ.રૂા.૫ લાખ તેમજ ત્રણ મોબાઈલ ફોન મળી કુલ્લે રૂ.૧૫,૩૦,૬૦૦/-નો મુદ્દામાલ કબ્જે કરી પ્રકાશ સુરેશ શર્મા (ઉ.વ.૨૮) (રહે. વિનાયક રેસિડેન્સી નામધા તા.વાપી જી.વલસાડ), જાવીદ હુસેન અબ્દુલ રહેમાન શેખ (ઉ.વ.૩૫) (રહે.ભડકમોરા મોટી સુલપડ એમકારેશ્વર મંદિર પાછળ તા.વાપી જી.વલસાડ), સોહિલ ઉર્ફે પપ્પુ મહેશ કામલી (ઉ.વ.૩૭) (રહે.મોરા ફળીયા રીંગણવાડી નાની દમણ) તથા કૃણાલ અશોક કોળી પટેલ (ઉ.વ.૩૪) (રહે. મોહનગામ પલસેટ ફળીયા તા.ઉમરગામ જી.વલસાડ) મળી ચાર જેટલાની ધરપકડ કરી હતી.

જ્યારે દારૂનો જથ્થો મંગાવનાર મનીષ (રહે.કોસંબા, સુરત)ને પોલીસ ચોપડે વોન્ટેડ જાહેર કરી બનાવની ફરિયાદ નવસારી એલસીબીના હે.કો.બ્રિજેશ સતીશચંદ્રએ કરતા વધુ તપાસ એલસીબી પીએસઆઇ વાય.જી.ગઢવી કરી રહ્યા છે.

# વાપીની અગ્રણી બાયર કંપનીમાં કામદારોએ પગાર વધારા અને બોનસ માટે હડતાલ પાડી: વાતાવરણ ગરમાયું

**મેનેજમેન્ટે સમાધાન માટે પાંચ દિવસનો સમય માગ્યો, પરંતુ કામદારો મક્કમ રહ્યા**








**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૧૬**

વાપી ઔદ્યોગિક વસાહતમાં કાર્યરત બાયર કંપનીમાં કામદારોએ પગાર વધારો અને બોનસ જેવી માંગણીઓ સાથે હડતાલ પાડી હતી. જોકે, મેનેજમેન્ટે આ માટે પાંચ દિવસનો સમયની માંગણી કરી હતી. પરંતુ કામદારો મક્કમ રહ્યા હતા. ફેક્ટરી ગેટની બહાર સતત દેખાવો ચાલુ રાખ્યા હતા.

કામદારોએ જણાવ્યું હતું કે, મોંઘવારીના સમયમાં કંપની દ્વારા આપવામાં આવતું વેતન અને બોનસ પુરતુ નથી જેના કારણે કામદારોમાં રોષ છે.

આ બાબતે કામદારો લાંબા સમયથી રજૂઆત કરતા રહ્યા છે. પરંતુ ન્યાય મળતો નથી તેથી કામદારોએ હડતાલનો માર્ગ અપનાવ્યો છે. શ્રમ રોજગાર વિભાગના અધિકારી લેબર ઓફિસર સહિત તંત્ર દ્વારા કામદારો તરફ પુરતુ ધ્યાન નથી અપાતું તેવું કામદારોએ જણાવ્યું હતું.

કામદારોએ જણાવ્યું હતું કે, અમારી માંગણીઓ મુદ્દો સમયસર નહીં ઉકેલવામાં આવે તો અગામી સમયે પરિસ્થિતિ વધુ ઉગ્ર બની શકે છે. જોકે, મેનેજમેન્ટે આ બાબત માટે પાંચ દિવસનો સમય માંગ્યો છે. છતાં પણ કામદારો હટાગ્રહ પકડીને હડતાળ માટે મક્કમ રહ્યા હતા.

### ૨૧મી જૂને વલસાડ જિલ્લામાં વિશ્વ યોગ દિવસની ઉજવણી થશે

# વિશ્વ યોગ દિવસની ઉજવણી સંદર્ભે બેઠક યોજાઈ

**વલસાડ જિલ્લા કક્ષાની ઉજવણી તિથલ સ્વામિનારાયણ મંદિરે થશે અને મનપા કક્ષાની ઉજવણી વાપી રોફેલ કોલેજમાં થશે**




**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૧૬**

વલસાડ જિલ્લામાં ૧૨માં આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણીની તડામાર તૈયારીઓ ચાલી રહી છે. વલસાડ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા તા.૨૧ જૂનને રવિવારના રોજ વિશ્વ યોગ દિવસની જિલ્લા કક્ષાએ, તાલુકા કક્ષાએ અને મહાનગરપાલિકા કક્ષાએ ઉજવણી કરાશે. જે સંદર્ભે વલસાડ જિલ્લા નિવાસી અધિક કલેક્ટરશ્રી મહિપાલસિંહ ચુડાસમાના અધ્યક્ષસ્થાને બેઠક મળી હતી. જેમાં સંબંધિત વિભાગના અધિકારીઓને ઈન્ટરનેશલ યોગા ડે ની શાનદાર ઉજવણી થઈ શકે તે માટે જરૂરી સૂચનો અને માર્ગદર્શન આપ્યું હતું.

બેઠકમાં નિવાસી અધિક કલેક્ટરશ્રી ચુડાસમાએ જણાવ્યું કે, યોગ એ ભારતનો વારસો છે, ભારતની ઓળખ છે, ત્યારે આ દિવસની સમગ્ર વિશ્વમાં ઉજવણી થનાર હોય જિલ્લામાં પણ આ મહત્વના દિવસની ભવ્ય ઉજવણી થાય તે માટે તાલુકા, જિલ્લા અને મહાનગરપાલિકા કક્ષાએ ઠેર ઠેર ઉજવણી થશે. જિલ્લા કક્ષાની ઉજવણી વલસાડ તાલુકાના તિથલ ખાતે સ્વામિનારાયણ મંદિર, વાપી મહાનગરપાલિકા કક્ષાની ઉજવણી નામધા રોડ પર આવેલી રોફેલ કોલેજના કેમ્પસમાં થશે. નાનાપોંઢા તાલુકામાં એન.આર.રાઉત સાર્વજનિક માધ્યમિક શાળા, ધરમપુરમાં ત્રણ દરવાજા પાસે, કપરાડામાં આનંદ નિકેતન એકલવ્ય મોડલ રેસિડેન્સીયલ સ્કૂલ, પારડીમાં સાંઈ દર્શન હોલ, વલસાડમાં મ્યુનિસિપલ સ્પોર્ટસ કોમ્પ્લેક્ષ અને ઉમરગામ તાલુકામાં સરીગામની લક્ષ્મી વિદ્યાપીઠ સ્કૂલમાં ઉજવણી થશે.

દરેક સ્થળે યોજાનાર આ વિશ્વ યોગ દિવસમાં યોગા પ્રોટોકોલ અંગે માર્ગદર્શન અપાયું હતું. ભારતની આત્મા સમાન ગણાનાર યોગનો વારસો ઘરે ઘરે સુધી પહોંચે તે માટે લોકો બહોળી સંખ્યામાં આ દિવસની ઉજવણીમાં સહભાગી થાય તેના પર નિવાસી અધિક કલેક્ટરે ભાર મુક્યો હતો. બેઠકમાં સંબંધિત વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# વાપી આર.પી.એફ.એ કોપર વાયર ચોરીનો ભેદ ઉકેલ્યો : મુદ્દામાલ સાથે ચાર આરોપીઓને ઝડપ્યા

**ભિલાડ, સંજાણ વચ્ચે કોપર વાયરની ચોરી થઈ હતી, કોપર વાયર ખરીદનાર પણ ઝડપાયો**




**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૧૬**

રેલવેની સંપતિની સુરક્ષા કરવા માટે આર.પી.એફ. સતત પેટ્રોલિંગ કરતી રહે છે. થોડા દિવસ અગાઉ ભિલાડ અને સંજાણ વચ્ચે કોપર વાયર ચોરી થયાનો બનાવ બન્યો હતો. જેની તપાસ આર.પી.એફ.એ હાથ ધરી હતી, તપાસમાં સફળતા મળી છે. કોપર વાયર ચોરનાર અને ખરીદનાર ચારને પોલીસે ઝડપી પાડ્યા છે.

પોલીસ તપાસ દરમિયાન ભિલાડ-સંજાણ વચ્ચે રેલવે અર્થિંગ કોપર વાયર ચોરનાર બે આરોપી ઝડપાયા હતા.જેઓએ ચોરીની કબુલાત કરી હતી. ત્યારબાદ ચોરેલ કોપર વાયર કોને વેચાણ કર્યો હતો. તેની વધુ તપાસ આગળ થતા ચોરીનો માલ ખરીદનાર અને ત્યારબાદ આગળ વેચાણ કરનારા બીજા બે ઝડપાયા હતા. તેથી કોપર ચોરી પ્રકરણમાં ચારની સંડોવણી બહાર આવી હતી. પોલીસે ૧૦૦ ટકા ચોરાયેલ કોપર વાયરની રિકવરી કરી હતી. તેવું આર.પી.એફ.એ જણાવ્યું છે.

# વાપી બલીઠા હાઈવે ડેપો નજીક ડમ્પર અને ટ્રક વચ્ચે ગંભીર અકસ્માત સર્જાયો

**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૧૬**

વાપી નેશનલ હાઈવે ઉપર એસ.ડી.ડેપો નજીક આજે મંગળવારે ૧૧ વાગ્યાના સુમારે ગંભીર અકસ્માત સર્જાયો હતો. રેતી ભરેલ ડમ્પર અને ટ્રક વચ્ચે જોરદાર અકસ્માત સર્જાયો હતો. અકસ્માતમાં રેતી ભરેલ ડમ્પર પલટી મારી ગયું હતું. જેને લઈને હાઈવે ઉપર ભારે ટ્રાફિક જામ સર્જાયો હતો.





વાપી હાઈવે બલીઠા એસ.ટી.ડેપો સામે સર્જાયેલ અકસ્માતની સ્થિતી એટલી ભયાનક હતી કે બન્ને વાહન ચાલકો મોતને ભેટ્યા હતા તેવું જણાતુ હતું, પરંતુ ઉપસ્થિત લોકોએ જોયું તો બન્ને વાહન ચાલકો કેબીનમાં જીવિત હાલતમાં હતા નજીવી ઈજા થઈ હતી. બન્ને ચાલકોને સારવાર માટે નજીકની હોસ્પિટલામાં ખસેડ્યા હતા. અકસ્માતને લઈને ટ્રાફિક જામ થતાં અનેક વાહનોની કતાર લાગી લઈ હતી. પોલીસે ઘટના સ્થળે પહોંચી ક્રેઈન મદદથી વાહનોને ઉભા કર્યા હતા. તેમજ ટ્રાફિક નિયમન કર્યુ હતું. અકસ્માતમાં ડમ્પરમાં ઓવરલોડ માટી ભરી હતી. આગળ જતા અચાનક બ્રેક મારતા ડમ્પર ધડાકાભેર ભટકાઈને પલટી મારી ગયું હતું.

# ઉમરગામ તાલુકાના બોરીગામ ખાતે ભવ્ય સુંદરકાંડ પાઠનું આયોજન કરાયું





**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**સેલવાસ, તા.૧૬**

ઉમરગામ તાલુકાના બોરીગામ ખાતે આજ રોજ ભવ્ય સુંદરકાંડ પાઠનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ધાર્મિક કાર્યક્રમમાં મુખ્ય વક્તા તરીકે પૂ.સંત શ્રી અજય બાપુ ઉપસ્થિત રહ્યા હતા. તેમની સાથે અશોક મહારાજ તથા પરેશ મહારાજ પણ હાજર રહ્યા હતા.

કાર્યક્રમ દરમિયાન શ્રીરામ ભક્ત હનુમાનજીના ગુણગાન સાથે સુંદરકાંડ પાઠનું ભાવપૂર્વક પઠન કરવામાં આવ્યું હતું. મોટી સંખ્યામાં ગ્રામજનો અને ભક્તજનોએ ઉપસ્થિત રહી ધર્મલાભ પ્રાપ્ત કર્યો હતો. સમગ્ર વાતાવરણ ભક્તિમય બની ગયું હતું અને શ્રદ્ધાળુઓએ ભક્તિભાવથી કાર્યક્રમમાં ભાગ લીધો હતો.

શ્રી નરેન્દ્રસિંહજી નરસિંહજી સોલંકી પરિવાર, બોરીગામ દ્વારા આયોજિત આ કાર્યક્રમ દ્વારા ગામના રહેવાસીઓને આધ્યાત્મિક લાભ મળ્યો હતો તેમજ સમાજમાં ધાર્મિક અને સાંસ્કૃતિક મૂલ્યોના સંવર્ધનનો સંદેશ આપવામાં આવ્યો હતો.